દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 172 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 July 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૨ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નીટના મામલે પીએમ આવાસ સામે ધરણાં પર બેઠેલા...

# રાહુલ ગાંધીને પોલીસ ઉપાડી ગઈ

## પ્રિયંકા સહિત કૉંગ્રેસી નેતાઓની અટકાયતઃ ‘નીટ સહિતના બધા મુદ્દાની સંસદમાં ચર્ચા કરાશે એવી સરકારની સમજાવટ છતાં વડા પ્રધાનના ઘર પાસે કૉંગ્રેસના ધરણાં : મંત્રણાના નામે સરકારે અમારો સમય બરબાદ કર્યો એવો દીપકેનો આક્ષેપઃ ‘સીજેપી’ના આંદોલન સંબંધે દિલ્હી પોલીસના ચાર એફઆઈઆર

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધી મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા – ‘નીટ’માંની ગેરરીતિ બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની માગણી સાથે લોકકલ્યાણ માર્ગ પર આવેલા મોદીના નિવાસસ્થાનની પાસે ધરણા પર બેઠા હતા. બાદમાં, પોલીસે તેઓની અટકાયત કરીને તેઓને મોદીના નિવાસસ્થાનની પાસેથી બળજબરીથી ખસેડ્યા હતા.

અગાઉ, વડા પ્રધાનની ઑફિસના રાજ્ય કક્ષાના પ્રધાન જિતેન્દ્ર સિંહ રાહુલ ગાંધીને મળ્યા હતા અને તેમને ધરણાનો અંત લાવવા વિનંતિ કરી હતી.

જિતેન્દ્ર સિંહે રાહુલ ગાંધીને જણાવ્યું હતું કે સરકાર ‘નીટ’ને સંબંધિત બધા મુદ્દે સંસદમાં ચર્ચા કરવા તૈયાર છે. રાહુલ ગાંધીએ તેમની વાત નહોતી માની અને કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી કરી હતી.

જિતેન્દ્ર સિંહની સાથે કેન્દ્રના ગૃહ સચિવ ગોવિંદ મોહને પણ કૉંગ્રેસના નેતાઓને સમજાવવા પ્રયાસ કર્યો હતો.

કર્ણાટકના મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમાર અને કેરળના મુખ્ય પ્રધાન વી. ડી. સતીશન પણ કૉંગ્રેસના અન્ય નેતાઓની સાથે વડા પ્રધાનના નિવાસસ્થાનની બહાર ધરણા પર બેઠા હતા.

દરમિયાન, મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા ‘નીટ’માંની ગેરરીતિને મુદ્દે દેશના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી કરી રહેલા કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ કેન્દ્રના આરોગ્ય પ્રધાન

(જુઓ પાનું ૨) ▶▶





**અટકાયતઃ** ‘નીટ’ પરીક્ષામાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિના વિરોધમાં મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાનની નજીક કરવામાં આવેલા ધરણાં દરમિયાન સુરક્ષા અધિકારીઓએ કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડરા અને રાહુલ ગાંધીને અટકાયતમાં લીધા હતા, જ્યારે વિરોધ પ્રદર્શન દરમિયાન એનસીપીના વડા શરદ પવારે મંગળવારે જંતરમંતરની મુલાકાત લઈ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકે સાથે વાતચીત કરી હતી. (એજન્સી)

## વિરોધ પ્રદર્શનમાં ઘાયલ થયેલી યુવતી વેન્ટિલેટર પર

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય રાજધાનીમાં કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહીમાં ઘાયલ થયેલી એક યુવતીને રામ મનોહર લોહિયા (આરએમએલ) હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવી છે, એમ મંગળવારે સૂત્રોએ જણાવ્યું હતું. સોમવારે વિરોધ પ્રદર્શન દરમિયાન યુવતીને ઇજાઓ થઈ હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, સીજેપીના વિરોધ

(જુઓ પાનું ૨) ▶▶

## સોનમ વાંગચૂકને બીજી હૉસ્પિટલમાં શિફ્ટ કરવા હાઇ કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ અહીંની વડી અદાલતે પરીક્ષામાંની ગેરરીતિના વિરોધમાં અનશન પર બેઠેલા સામાજિક કાર્યકર સોનમ વાંગચૂકને સફદરજંગ હૉસ્પિટલમાંથી ગુરુગ્રામની મેદાંતા હૉસ્પિટલમાં તાત્કાલિક શિફ્ટ કરવાનો આદેશ આપ્યો હતો.

સોનમ વાંગચૂકના પત્ની ગીતાંજલિ જે. ઍંગમોએ વડી અદાલતના આ આદેશને આવકારતા જણાવ્યું હતું કે અદાલતનો આ હુકમ અમારી માગણીને સમર્થન આપે છે. દરેક નાગરિકને પોતાની સારવાર

(જુઓ પાનું ૨) ▶▶

## યુવાનોના ભાવિ સાથે કોઈ રમત ન રમે એટલે કડક પગલાં લેવાયાં : વડા પ્રધાન

નવી દિલ્હીઃ નીટ પેપર પ્રકરણમાં સંડોવાયેલા લોકો સામે મજબૂત કાર્યવાહી કરવામાં આવી છે તેથી કોઈ પણ યુવાનોના ભાવિ સાથે રમી ન શકે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે આ દૂષણનો સામનો કરવા રાષ્ટ્ર હિતમાં રાજ્યોએ કેન્દ્ર સાથે હાથ મિલાવવા જોઈએ. સંસદના ચોમાસા સત્રના પહેલા દિવસે સોમવારે હજારો દેખાવકારોએ સંસદ તરફ કૂચ કરતા દિલ્હી પોલીસે અશ્રુવાયુના ટેટા છોડ્યા હતા અને લાઠીચાર્જ કર્યો હતો તથા આને લીધે અનેક વિદ્યાર્થીને ઈજા થઈ હતી. ઘણાની અટક કરવામાં આવી હતી. કૉક્રોચ જનતા પાર્ટીએ

(જુઓ પાનું ૨) ▶▶

નીટ, સીજેપી,ચંદા-ચોરીના મુદ્દા ગાજ્યા

## સંસદમાં વિપક્ષી હોબાળો ચાલુ જઃ કંઈ કામ ન થયું

નવી દિલ્હી : વિરોધ પક્ષોએ નીટ પેપર લીક, કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શન અને રામમંદિર ચંદા-ચોરીની બાબતો પર હોબાળો મચાવતા સંસદના બીજા દિવસે કોઈ કામકાજ થયું નહોતું. કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ નીટ પેપર ફૂટવાના મુદ્દે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણીના સમર્થનમાં સોમવારે દેખાવો કર્યા હતા. દેખાવકારોએ સંસદમાં કૂચ કરવા બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો હતો અને તેમના પર લાઠીમાર કરાયો હતો.

લોકસભાની કાર્યવાહી વિપક્ષોના વિક્ષેપોને લીધે બે વાર ખોરવાઈ ગયા પછી લોકસભાની કાર્યવાહી આવતી કાલ પર મુલતવી રખાઈ હતી. ઉપલા ગૃહમાં વારંવાર સભામોકૂફી કરાઈ હતી. લોકસભા ૧૧ વાગ્યે મળી કે વિરોધ પક્ષોએ નીટ પેપર લીક અને પોલીસે વિદ્યાર્થી પર કરેલા લાઠીમાર અંગે સૂત્રોચ્ચાર કર્યો હતો. લોકસભાના સ્પીકરે સભ્યોને બાબતો નિયમ પ્રમાણે ઉઠાવવા દેવાની ખાતરી આપી હતી. જોકે સભ્યોએ તેમની વાત માની નહોતી. બિરલાએ સભા મોકૂફ રાખી હતી. બાર વાગ્યે સભા ફરી બપોરના બે વાગ્યા પર મુલત્વી રખાઈ હતી. ત્યાર બાદ સભા બીજા દિવસ પર મોકૂફ રખાઈ હતી.

રાજ્યસભામાં વિરોધ પક્ષોએ નીટ પેરર લીક સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પરના લાઠીમાર અંગે બુમરાણ મચાવતા લંચ પછી રાજ્યસભાની કાર્યવાહી બીજા દિવસ માટે મુલતવી રખાઈ હતી. રાજ્યસભામાં વિરોધ પક્ષના સભ્યોએ મેડિકલ પ્રવેશ પરીક્ષાના પેપર ફૂટવાના ગુનેગારો સામે કામ લેવાની માગણી કરી હતી. નાયબ અધ્યક્ષ હરિવંશની શાંતિની વિનંતી સભ્યોએ ન સાંભળતા રાજ્યસભાને ત્રીજા દિવસ સુધી મોકૂફ રાખ્યું હતું. રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ઊભા થઈને નીટ પેપર લીકનો મુદ્દો ઉપાડ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે વિદ્યાર્થીઓ પર લાઠીમાર્ર કરવામાં આવ્યો હતો. (એજન્સી)

## ઈરાદાપૂર્વક હિંસા ભડકાવાઈઃ વૉટ્સઍપ ચેટ લીક થઇ

### દિલ્હી પોલીસ કાવતરાના ઍન્ગલની તપાસ કરી રહી છે

નવી દિલ્હીઃ દિલ્હીમાં કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) ના સોમવારે થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન ફાટી નીકળેલી હિંસાની પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. હિંસાને લઈને કાવતરાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસે હિંસક બનેલા સીજેપીના ‘સંસદ ચલો’ માર્ચની તપાસ શરૂ કરી દીધી છે. દરમિયાન પ્રદર્શનકારીઓ વચ્ચે કથિત રીતે થયેલા કેટલાક ચેટ મેસેજ સામે આવ્યા છે. જેનાથી ખ્યાલ આવે છે કે પ્રદર્શનકારીઓ પાસે સંભવિત ઇન્ટરનેટ બંધ દરમિયાન કનેક્ટિવિટી જાળવી રાખવાની તૈયારી છે. જ્યારે કેટલાક મેસેજ આ હેતુ માટે જીવનું બલિદાન આપવાની તૈયારી તરફ ઇશારો કરે છે. સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે તપાસકર્તાઓ કોઈપણ નિષ્કર્ષ કાઢતા પહેલા ચેટની સત્યતા અને સંડોવાયેલા વ્યક્તિઓની ઓળખ ચકાસી રહ્યા હતા.

પોલીસના એક સૂત્રએ જણાવ્યું હતું કે કેટલાક કથિત મેસેજમાં ઇન્ટરનેટ સર્વિસ બંધ થવાની સ્થિતિમાં વાતચીત કરવા માટેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં યુઝર માર્ચ દરમિયાન સંપર્કમાં રહેવા અને જાણકારી આપવા માટે અન્ય રીતોની ચર્ચા કરી રહ્યા હતા.

સમાચાર સંસ્થાએ તે ગ્રૂપની વાતચીતને ઍક્સેસ કરી છે જે કથિત હિંસા સમયની થઈ હતી. જેમાં

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકા-ઈરાનના હુમલા દસમા દિવસે પણ ચાલુ રહ્યા

### તહેરાનનો હોર્મુઝ ખાડીમાં ટૅન્કર પર ફરી અટૅકઃ ઈરાનનું પ્રતિનિધિમંડળ મંત્રણા માટે પાકિસ્તાનમાં

દુબઈઃ અમેરિકા અને ઇરાન વચ્ચે ફરી શરૂ થયેલી લડાઇમાં એકબીજા પર હુમલા સતત દસમા દિવસે પણ ચાલુ રહ્યા હતા. તહેરાને હોર્મુઝ ખાડીમાં મંગળવારે વધુ એક ટૅન્કર પર હુમલો કર્યો હતો અને તેને લીધે તેમાંના ખલાસીઓએ જહાજ છોડી જવું પડ્યું હતું.

દરમિયાન, ઇરાનના ગૃહ પ્રધાન મંત્રણા માટે ફરી પાકિસ્તાન પહોંચ્યા છે. ઇરાનના ગૃહ પ્રધાનના વડપણ હેઠળનું પ્રતિનિધિમંડળ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે મંત્રણા કરશે. અમેરિકા અને ઇરાનની વચ્ચે ફરી શરૂ થયેલા યુદ્ધને કારણે ખનિજ તેલ, ગૅસ અને ખાતરના ભાવમાં મોટો વધારો થયો છે.

ઇરાને જોર્ડન પરના અમેરિકાના મથક પર કરેલા હુમલામાં અમેરિકાના જે બે સૈનિક માર્યા ગયા હતા, તેઓની

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકાએ કૅનેડા પર ફોડ્યો ટૅરિફ બૉમ્બ, ૫૦ ટકા ટેક્સ વસૂલવાની ટ્રમ્પની જાહેરાત

વૉશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાથી આયાત કરવામાં આવતા ઉત્પાદનો પર ૫૦ ટકાનો વધારાનો ટેરિફ લાદ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે મોટાભાગની કેનેડિયન વસ્તુઓ પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. તેમણે કહ્યું હતું કે કેનેડાએ અમેરિકન ઓટો, આલ્કોહોલ અને ડેરી ઉત્પાદનો સાથે અન્યાયી રીતે ભેદભાવ કર્યો છે.

આ પગલાથી કેનેડા અને અમેરિકા વચ્ચે ફરી ટ્રેડ વોર શરૂ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. તેનાથી ફુગાવો વધવાની અને બંન્ને દેશો વચ્ચે સંબંધો વધુ ખરાબ થવાનો ખતરો છે. ટ્રમ્પ સરકાર આવી તે અગાઉ બંન્ને દેશો વચ્ચે સંબંધો મજબૂત હતા. એક વહીવટી અધિકારીએ જણાવ્યું હતું કે ચીન સિવાય કેનેડા એકમાત્ર એવો દેશ હતો જેણે ટ્રમ્પના અગાઉના ટેરિફનો જવાબ આપ્યો હતો એટલા માટે તેને જવાબદાર ઠેરવવો જોઈએ.

પ્રમુખના પગલાંનું પૂર્વાવલોકન કરવા માટે પત્રકારો સાથેના કોલ પર અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું કે ટ્રમ્પે ૧૯૩૦ ટ્રેડ એક્ટની કલમ ૩૩૮ હેઠળ ટેરિફ શરૂ કરવા માટે ત્રણ ઘોષણાઓ પર હસ્તાક્ષર કર્યા હતા. ઘણા ડેમોક્રેટિક કાયદા ઘડનારાઓએ ગયા વર્ષે આ કલમને રદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો કારણ

(જુઓ પાનું ૨) ▶▶

## છ સાંસદના જૂથના શિંદે-સેનાના વિલયને ઉદ્ધવ-સેનાએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

નવી દિલ્હી : શિવસેના (યુબીટી)એ મંગળવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં તેના છ સાંસદના વિલીનીકરણને લોકસભા સ્પીકર ઓમ બિરલાની મંજૂરીને પડકારતી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી.

શિવસેના (યુબીટી) વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ દેવદત્ત કામતે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ પંચોલીની બેન્ચ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો.

કામતે બેન્ચને વિનંતી કરી કે અરજી બુધવારે સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવે.

સીજેઆઈએ કહ્યું કે અમે જોઈશું.

કામતે બેન્ચને જણાવ્યું કે ૧૮ જુલાઈના રોજ, સ્પીકરે શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં છ શિવસેના (યુબીટી) સાંસદના વિલીનીકરણને મંજૂરી આપી છે.

તેમણે ઉમેર્યું હતું કે આ એક રાષ્ટ્રીય ઘટના બની ગઈ છે કારણ કે સાંસદો તે લોકો સાથે વિલીનીકરણ કરી રહ્યા છે જેમની સામે તેઓ ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા.

ચોમાસુ સત્ર પહેલા, બિરલાએ ૧૮ જુલાઈના રોજ શિવસેના (યુબીટી)ના છ સાંસદના શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં વિલીનીકરણને મંજૂરી આપી હતી. ■

## રાજકોટ આરટીઓમાં એઆઈ ડ્રાઈવિંગ ટેસ્ટ શરૂ, ૧૦૦માંથી માત્ર ૩૦ ઉમેદવાર જ સફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ આરટીઓમાં ડ્રાઇવિંગ લાઇસન્સ માટેની પરીક્ષા સંપૂર્ણપણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત બની ગઈ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત નવા ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેકની શરૂઆત થતાં સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક અને માનવરહિત બની ગઈ છે. જો કે, એઆઈ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેકના કારણે રાજકોટમાં ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવું પહેલા કરતા મુશ્કેલ બની ગયું છે. ટેસ્ટમાં સફળતા દર નોંધપાત્ર રીતે ઘટ્યો છે. રાજકોટ આરટીઓમાં ડ્રાઇવિંગ ટેસ્ટ આપનારા દરેક ઉમેદવાર પર ૧૭ અત્યાધુનિક કૅમેરા અને સ્માર્ટ સેન્સર સતત નજર રાખે છે, જેના કારણે નાનીમાં નાની ભૂલ પણ સિસ્ટમ તરત જ પકડી લે છે.

લગભગ ૮૦ લાખથી એક કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. નવા ટ્રેકમાં કુલ ૧૭ હાઈ-રિઝોલ્યુશન એઆઈ કૅમેરા અને આરએફઆઈડી ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કૅમેરા ૩૬૦ ડિગ્રી સુધી ફરતા હોવાથી ઉમેદવારની દરેક હિલચાલ પર નજર રાખે છે. રાજકોટ આરટીઓમાં એઆઈ સિસ્ટમ લાગુ થયા બાદ અંદાજે ૧૦૦માંથી માત્ર ૩૦ જેટલા ઉમેદવારો જ સફળ થઈ રહ્યા છે. પ્રથમ જ દિવસે આ નવી સિસ્ટમનો સ્પષ્ટ અસર જોવા મળી હતી. કાર અને ટુ-વ્હિલરના મળીને ૨૧ ઉમેદવારે ટેસ્ટ આપી હતી, જેમાંથી ૧૨ ઉમેદવાર નાપાસ થયા હતા. એટલે કે પ્રથમ દિવસે જ ૬૦ ટકાથી વધુ ઉમેદવાર ટેસ્ટમાં સફળ થઈ શક્યા નહોતા. આમ હવે ડ્રાઇવિંગ ટેસ્ટ લોઢાના ચણા ચાવવા દેવી મુશ્કેલ બની ગઈ છે. ■

## ભચાઉના લાકડિયા ખાતે ૧૬ જિલ્લામાંથી જપ્ત કરાયેલાં ₹ ૧૦૩.૬૫ કરોડના ડ્રગ્સનો નાશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સતત વધી રહેલા નશાના કાળા કારોબારનાં દૂષણને નાબૂદ કરવા માટે પોલીસ તંત્ર દ્વારા હાથ ધરાયેલી ખાસ ઝુંબેશ અંતર્ગત એક મહત્ત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સામખિયાળી-રાધનપુર ધોરીમાર્ગ પર લાકડિયા નજીક આવેલી ‘સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રા. લિમિટેડ’ કંપની ખાતે રાજ્યના અલગ-અલગ ૧૬ પોલીસ જિલ્લામાંથી જપ્ત કરાયેલાં રૂા. ૧૦૩ કરોડ ૬૫ લાખના ગેરકાયદેસર માદક પદાર્થના જથ્થાનો વિધિવત્ રીતે સળગાવીને નાશ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી અંગે માહિતી આપતાં પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારે જણાવ્યું હતું કે, વિવિધ પોલીસ મથકો હેઠળ નોંધાયેલા કુલ ૪૪૬ કેસમાં જપ્ત કરાયેલા અંદાજે ૧૫,૦૦૦ કિલો નશાકારક પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે. આ જથ્થામાં મુખ્યત્વે ચરસ, એમ.ડી. ડ્રગ્સ, ગાંજો અને પોષડોડા સહિતના ઘાતક નાર્કોટિક્સનો સમાવેશ થાય છે. આ તમામ મુદ્દામાલને પર્યાવરણના નિયમોનું ચુસ્ત પાલન કરીને કંપનીના ખાસ ભઠ્ઠામાં ખાખ કરી દેવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેર-ગ્રામ્ય, સુરેન્દ્રનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી, બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, પૂર્વ-પશ્ચિમ કચ્છ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાંથી જપ્ત થયેલો નશીલો પદાર્થ અહીં લાવીને નાશ કરાયો હતો. પોલીસ તંત્રના આ કડક પગલાથી નશાના કાળા કારોબારમાં સંકળાયેલા અસામાજિક તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પેપર લીકનું ઘોર પાપ વારંવાર કેમ થાય છે?

**એમબીબીએસ** સહિતના મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન નીટના પેપર લીકના મુદ્દે કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ દિલ્હીના જંતર મંતરમાં અડિંગો જમાવ્યો છે ને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી જોરશોરથી થઈ રહી છે. લાંબા સમયથી દેખાવો થઈ રહ્યા છે પણ મોદી સરકાર આ દેખાવોની અવગણના જ કરી રહી હતી. હવે અચાનક સરકાર સફાળી જાગી છે અને એક તરફ સીજેપી સાથે વાટાઘાટો શરૂ કરી છે ત્યારે બીજી તરફ મૌન ધારણ કરીને બેઠેલા આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મોં ખોલી દીધું.

મોદીએ ભાજપ સંસદીય દળની બેઠકમાં પેપર લીકને ઘોર પાપ ગણાવીને નીટ પેપર લીક મામલે પોતાની સરકારે શું કર્યું તેનો હિસાબ રજૂ કર્યો. મોદીનો દાવો છે કે, સરકારે જવાબદાર તમામ લોકો સામે પગલાં લીધાં છે અને ધરપકડો કરી છે. નીટની પરીક્ષા પણ ફરી લેવડાવીને વિદ્યાર્થીઓને થયેલો અન્યાય દૂર કરવા પ્રયત્ન કર્યો છે.

મોદી સરકારે નીટ પેપર લીક કેસમાં ધરપકડો કરાવડાવી છે ને ફરી પરીક્ષા પણ લેવડાવી તેથી સાવ હાથ પર હાથ મૂકીને બેસી નથી રહી એ વાત સાવ સાચી છે પણ આ તપાસ ને ધરપકડો છોકરાંને ફોસલાવવાથી વધારે કંઈ નથી. મોદીએ પેપર લીકને ઘોર પાપ ગણાવ્યું પણ આપણે ત્યાં તો છાસવારે પેપરો ફૂટે છે ત્યારે આ ઘોર પાપ વારંવાર કેમ થાય છે એ મુદ્દે પણ માંડીને વાત ના કરી.

મોદી સરકારે સીબીઆઈને તપાસ સોંપી પછી ૧૩ લોકોની ધરપકડ કરાઈ પણ એ બધા સાવ નાના લોકો છે. નીટ લેવાની જવાબદારી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ની છે પણ સરકારે એનટીએને કશું કર્યું નથી. એનટીએ પાસે પોતાનું કોઈ તંત્ર નથી તેથી પેપરો છાપવા, પેપરો પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવા અને પરીક્ષા પત્યા પછી ઉત્તરવહીઓ લઈ જવી. પરીક્ષા કેન્દ્રોનું સંચાલન, બાયોમેટ્રિક વેરીફિકેશન અને ઉત્તરવહીની ચકાસણી સુધીનું બધું કોન્ટ્રાક્ટથી કરાવે છે. આ બધા કોન્ટ્રાક્ટ કોને અપાતા હશે એ કહેવાની જરૂર નથી. તેની સામે વાંધો ના લઈએ પણ કમ સે કમ આ કામો કોઈ પણ ભ્રષ્ટાચાર વિના તો થવા જોઈએ કે નહીં ? કમનસીબે એવું થતું નથી.

મોદી સરકારે એનટીએ ૨૦૧૭માં સ્થાપી પછી દેશભરની મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (નીટ) અને એન્જીનિયરિંગ કોર્સીસ માટેની જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (જેઇઇ) એનટીએ લે છે. એનટીએને ૧૦ વર્ષ પણ નથી થયા છતાં નીટ અને જેઈઈ બંનેમાં ૧૦થી વધારે તો મોટાં કૌભાંડ થઈ ગયાં છે. ૨૦૨૦માં આસામમાં જેઈઈના ટોપરના બદલે બીજા કોઈએ પરીક્ષા આપી હોવાનું ભોપાળું બહાર આવ્યું ત્યારથી આ સિલસિલો શરૂ થયો ને નીટ-જેઈઈ બંનેમાં દર વરસે કોઈ ને કોઈ કૌભાંડ બહાર આવે જ છે.

કોઈ વાર ટેકનિકલ ગ્લિચ આવી જાય છે તો કોઈ વાર સાવ ખોટા માર્ક્સ આપી દેવાય છે. ૨૦૨૪ અને ૨૦૨૬ એમ બે વાર તો નીટનાં પેપર ફૂટી ગયાં. વિદ્યાર્થીના બદલે બીજા કોઈએ પરીક્ષા આપી હોય એવું તો છાસવારે બને છે. આ બધી ગરબડોના કારણે આશાસ્પદ વિદ્યાર્થીઓ આપઘાત કરીને જીવન ટૂંકાવી દે એવી કેટલીય ઘટનાઓ દર વરસે બને છે. આવો શરમજનક રેકોર્ડ ધરાવતી એજન્સીનો સંકેલો કરી લેવો જોઈએ પણ તેના બદલે મોદી સરકાર એનટીએને કશું કરતી નથી કે એનટીએની પરીક્ષાના કોન્ટ્રાક્ટ જેમને અપાયા છે એ કંપનીઓને પણ કશું કરતી નથી. ઊલટાનું સરકાર એનટીએનો આંધળો બચાવ કરે છે.

આ વરસે જ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (નીટ)માં ગેરરીતિ થઈ હોવાનું પહેલી વાર બહાર આવ્યું ત્યારે મોદી સરકારના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નેશનલ ટેસ્ટિંગ એજન્સીને ક્લીન ચીટ જ આપી દીધેલી. પ્રધાને તો છાતી ઠોકીને કહેલું કે, નીટનું પેપર ફૂટ્યું જ નથી ને એનટીએ સાવ દૂધે ધોયેલી છે. નીટનું પેપર ફૂટી ગયું હોવાનું પુરાવા સાથે સાબિત થયું પછી ધર્મેન્દ્ર પ્રધાને ૪૮ કલાકમાં જ થૂંકેલું ચાટવું પડેલું. પ્રધાને આબરૂ બચાવવા માટે મૂંડી નીચી કરીને સ્વીકાર્યું કે, એનટીએને ક્લીન ચીટ આપવામાં ઉતાવળ થઈ ગઈ હતી. આ કબૂલાત પછી પણ એનટીએને તો કંઈ થયું જ નથી. બલ્કે એનટીએ તો આવતા વરસે નીટ ઓનલાઈન લેવામાં આવશે તેથી જરાય ગરબડ નહીં થાય એવા ફાંકા મારવામાં પડી છે.

મોદી સાહેબ પેપર લીકને ઘોર પાપ ગણાવે છે પણ તેનાથી પણ ઘોર પાપ તો પેપર લીકના પાપ માટે જવાબદાર એનટીએને છાવરવાનું છે. ધર્મેન્દ્ર પ્રધાને એ પાપ કર્યું છે છતાં હજુ ખુરશી પર ચીટકી રહ્યા છે તેનાથી મોટું પાપ બીજું ક્યું કહેવાય ? નીટ પેપર લીકના કારણે પંદરેક આશાસ્પદ છોકરાંએ આપઘાત કરી લીધો છતાં પ્રધાનને બચાવાઈ રહ્યા છે તેનાથી મોટું પાપ બીજું શું હોય ? ધર્મેન્દ્ર પ્રધાનમાં શરમનો છાંટો પણ હોય તો તેમણે પેપર લીકના ભવાડાની નૈતિક જવાબદારી સ્વીકારીને શિક્ષણ મંત્રીપદેથી રાજીનામું ધરી દેવું જોઈએ પણ એ ખસવા તૈયાર નથી તો મોદીએ તેમને દૂર કરવા જોઈએ પણ મોદી ધર્મેન્દ્ર પ્રધાનને કેમ બચાવી રહ્યા છે ?

મોદી સરકાર પાસે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ના રૂપમાં એનટીએનો સબળ વિકલ્પ પણ છે. યુપીએસસી સિવિલ સર્વિસીસ સહિતની પરીક્ષાઓ વરસોથી લે છે પણ કદી પેપર લીક થતું નથી કે કોઈ ગરબડ થતી નથી. સમયસર પરીક્ષા લેવાઈ જાય છે અને સમયસર પરિણામ પણ આવી જાય છે. મોદી સરકાર આવો ટ્રેક રેકોર્ડ ધરાવતી સરકારી એજન્સીના બદલે ૯ વર્ષમાં ૧૦ વાર ખરડાયેલી એનટીએને કેમ ચલાવે છે તેની સમજણ બધાંને પડે છે ને આ ઘોર પાપ છે.

મોદી ખરેખર પેપર લીકને ઘોર પાપ માનતા હોય તો આખું વરસ મહેનત કરનારા વિદ્યાર્થીઓના માનસ પર પેપર ફૂટવાથી થતી ખરાબ અસરો વિશે વિચારીને ભવિષ્યમાં કોઈ પેપર ના ફૂટે ને એકદમ પ્રમાણિકતાથી પરીક્ષા લેવાય એ માટેનો પાકો બંદોબસ્ત કરવો જોઈએ. એ માટેની શરૂઆત પ્રધાનનું રાજીનામું અને એનટીએનો સંકેલો કરીને કરવી જોઈએ. એનટીએ સક્ષમ નથી એ વાત એક દાયકામાં સાબિત થઈ ગઈ એ જોતાં હવે એનટીએ ગમે તે કરે પણ વિદ્યાર્થીઓને તેના પર ભરોસો નહીં બેસે.

નીટ સહિતની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓનો ભરોસો બેસે એ માટે આકરાં પગલાં જરૂરી છે, ખોટા સધિયારા કે વાતોનાં વડાં નહીં. આ સવાલ દેશના ભવિષ્યનો છે, દેશના યુવા ધનનો છે ત્યારે મોદીએ બધું છોડીને દેશના વડા પ્રધાન તરીકે વર્તવાની જરૂર છે. ભાજપ પાસે ઘણા સારા નેતા છે તેથી ધર્મેન્દ્ર પ્રધાનને રવાના કરાશે તો કશું ખાટુંમોળું થવાનું નથી પણ મોદી દેશના યુવાઓના હિતમાં ચાબૂક ચલાવી શકે છે એ વાત સાબિત થશે ને લોકોમાં મોદી પર ભરોસો વધશે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૨૨-૭-૨૦૨૬, શ્રી હરિ નવમી, ભડલી નોમ

- ભારતીય દિનાંક ૩૧, માહે આષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ સુદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૭મો અમરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૨૩-૦૨ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સાંજે ક. ૧૭-૨૫
- ઓટઃ સવારે ક. ૧૧-૪૭, રાત્રે ક. ૦૦-૩૪

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અષાઢ શુક્લ – નવમી. શ્રી હરિ નવમી, નવમી વૃદ્ધિ તિથિ છે. ભડલી નોમ, મેલા શરીફ ભગવતી (કાશ્મીર) સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વાયુદેવતાનું પૂજન, બુધ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, હજામત, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નિત્ય થતાં દુકાન-વેપાર, પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, વૃદ્ધિ તિથિ હોય માંગલિક કાર્ય વર્જ્ય છે. સ્વામિનારાયણ મંદિરમાં હરિ નવમીની પૂજા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# સીજેપીના ભૂખ્યા પ્રદર્શનાર્થીઓને મફત ફૂડ પેકેટ્સ આપીને મુંબઈકરે દિલ જીતી લીધા

નવી દિલ્હીઃ જંતર-મંતર ખાતે વિરોધપ્રદર્શન કરી રહેલા કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના પ્રદર્શનાર્થીઓને મફત ખાવાનું આપી મુંબઈની વ્યક્તિએ દિલ જીતી લીધા હતા.

મુંબઈના રહેવાસી દ્વારા પ્રદર્શનાર્થીઓમાં વહેંચવા મોકલવામાં આવેલા ફૂડ પેકેટ્સ લઈને ડિલિવરીમૅન ભારે વરસાદ વચ્ચે ત્યાં પહોંચ્યા હોવાનું દર્શાવતો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ વીડિયો ક્લિપને વ્યાપક પ્રસિદ્ધિ મળી હતી.

અનેક લોકોએ મુંબઈવાસીની આ ભાવનાની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે હજુ માનવતા મરી પરવારી નથી.

ફૂડ પેકેટ્સના ઑર્ડરની વિગતો મોબાઈલ પર દર્શાવતા ડિલિવરી મૅને કહ્યું હતું કે મુંબઈના અનુજ રાવત દ્વારા આ ફૂડ પૅકેટ્સ મોકલવામાં આવ્યા છે અને ભૂખ્યા લોકોમાં તેનું વિતરણ કરવાની સૂચના આપી છે. આ ઑર્ડરના પેમેન્ટની ચુકવણી થઈ ગઈ હોવાનું તેમણે કહ્યું હતું. સીજેપીના કાર્યકર્તાઓ દ્વારા સંસદ ભવન તરફ કરવામાં આવેલી કૂચ દરમિયાન થયેલા લાઠીચાર્જ અને અશ્રુવાયુ છોડવામાં આવ્યો હોવાના એક દિવસ બાદ આ વીડિયો વાઈરલ થયો હતો. (એજન્સી)■

# બૅન્કો સહિત નાણાકીય સંસ્થાઓ સાથે પાંચ વર્ષમાં ૧.૪૨ લાખ કરોડની છેતરપિંડી

નવી દિલ્હીઃ બૅન્કો સહિત નાણાંકીય સંસ્થાઓ સાથે છેલ્લાં પાંચ વર્ષમાં ૧.૪૨ લાખ કરોડ રૂપિયાની છેતરપિંડી અને માત્ર રૂ. ૯૩૮૯ કરોડની રિકવરી થઈ હોવાની માહિતી સંસદમાં મંગળવારે આપવામાં આવી હતી.રાજ્યસભામાં લેખિત જવાબ આપતાં રાજ્યકક્ષાના નાણાં પ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે વિલફૂલ ડિફોલ્ટરો સામે લેવામાં આવેલાં પગલાઓની માહિતીની યોગ્ય જાળવણી કરવામાં ન આવતી હોવાની આરબીઆઈએ અમારા ખાતાને જાણ કરી હતી.

જોકે જાહેરક્ષેત્રની બૅન્કો દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ ૧૫,૫૭૭ વિલફૂલ ડિફોલ્ટરો વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવેલા છે અને ૧૦,૮૯૪ કેસમાં સિક્યોરિટાઈઝેશન ઍન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ ઍન્ડ ઍન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ ઍક્ટ અંતર્ગત કાર્યવાહી આરંભવામાં આવી છે. (એજન્સી)■

# દક્ષિણ ગુજરાતને વરસાદ ધમરોળે છેઃ વાંસદામાં પાંચ ઈંચથી વધુ વરસાદ

## આજે પણ જબરજસ્ત વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અનેક જિલ્લામાં મંગળવારે અષાઢી માહોલ જામ્યો હતો. રાજ્યમાં સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીના ૧૨ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ભારે મહેર કરી છે. સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા મુજબ, નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૪.૮૮ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત, નવસારીના જ ચીખલી તાલુકામાં પણ ૪.૦૨ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો છે. દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારોમાં વલસાડના કપરાડામાં ૩.૮૬ ઈંચ અને ડાંગના વઘઈમાં ૩.૬૬ ઈંચ વરસાદ પડ્યો હોવાનું નોંધાયું છે.

દરમિયાન હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે તા. ૨૨ જુલાઇના રોજ દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં કેટલાંક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. તા. ૨૨ અને ૨૩ જુલાઇના રોજ ઉત્તર અને મધ્ય ગુજરાતના અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, નર્મદા, સુરત, ડાંગ અને તાપી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ખૂબ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

મંગળવારના સવારે છથી સાંજે છ એમ ૧૨ કલાકના સમયગાળા દરમિયાન રાજ્યના કુલ ૧૪૫ તાલુકાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. સુરત જિલ્લામાં પણ સારો વરસાદ નોંધાયો છે, જેમાં બારડોલીમાં ૩.૫૮ ઈંચ અને પલસાણામાં ૩.૨૩ ઈંચ વરસાદ પડ્યો છે.

આ સાથે નવસારી જિલ્લાના ગણદેવીમાં ૩.૪૬ ઈંચ, નવસારી તાલુકામાં ૩.૩૧ ઈંચ અને જલાલપોરમાં ૩.૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે. વલસાડના નાનાપોંઢામાં પણ ૩.૨૭ ઈંચ વરસાદ ખાબકતા મોટાભાગના આંકડાઓ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હાજરીની સાબિતી આપે છે. દક્ષિણ ગુજરાતના લગભગ ૩૯ જેટલા તાલુકામાં પોણા ઇંચથી લઈને પોણા પાંચ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. તે ઉપરાંત પોરબંદર, મોરબી, આણંદ, રાજકોટ, સાબરકાંઠા, ભાવનગર સહિતના જિલ્લામાં અડધા ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

જો કે આ દરમિયાન અષાઢ મહિનાની સ્થિતિએ રાજ્યમાં સરેરાશ ૨૮.૭૮ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં ૪૩.૩૬ ટકા વરસાદ પડ્યો છે, જ્યારે સૌરાષ્ટ્રમાં ૩૦.૨૫ ટકા, પૂર્વ ગુજરાતમાં ૧૯.૬૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૪.૬૬ ટકા વરસાદ નોંધાયો છે. વરસાદના જુલાઇ મહિનો આવી ગયો હોવા છતાં હજુ પણ કચ્છ જિલ્લામાં માત્ર ૩.૪૨ ટકા જ વરસાદ પડ્યો છે.

હાલની સ્થિતિએ રાજ્યના જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલ ૬૭.૭૭ ટકા જેટલો જળસંગ્રહ છે, જ્યાં ૧૪૫૦૮.૨૫ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જેની સામે ૬૧૭.૩૮ ક્યુસેક પાણીની નિકાસ કરવામાં આવી રહી છે.

રાજયનાં અન્ય ૨૦૬ જળાશયોમાં સંગ્રહ ૨૨૮૧૮૪ એમસીએફટી છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૪૦.૯૦ ટકા છે. રાજ્યના ૬ ડેમ સંપૂર્ણ ભરાયેલ છે, ૨૧ ડેમ ૭૦થી ૧૦૦ ટકાની વચ્ચે ભરાયેલ છે, ૨૦ ડેમો ૫૦ થી ૭૦ ટકા, ૫૩ ડેમ ૨૫થી ૫૦ ટકા તેમજ ૧૦૬ જળાશયોમાં ૨૫ ટકાથી નીચેનો જળસંગ્રહ છે. ડેમની સ્થિતિને ધ્યાનમાં લઈને ૧૨ ડેમ હાઇ અલર્ટ, ૨ ડેમ અલર્ટ અને ૧૩ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### રાહુલ ગાંધીને

જે. પી. નડ્ડા સાથે યોજાયેલી મંત્રણાના સંદર્ભે આક્ષેપ કર્યો હતો કે સરકારે અમારો સમય બગાડ્યો છે. સરકાર અમારી આખી ટીમને વિખેરવા માગે છે.

દરમિયાન, લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી પોલીસની કાર્યવાહીમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓને અહીંની રામ મનોહર લોહિયા હૉસ્પિટલમાં મળ્યા હતા. તેઓ વૅન્ટિલેશન સપોર્ટ પર રખાયેલી યુવતીને પણ મળ્યા હતા.

દિલ્હી પોલીસે કૉક્રોચ જનતા પાર્ટી અને ખેડૂતોના અમુક સંગઠનો દ્વારા ૨૦ જુલાઇએ યોજાયેલી 'સંસદ ચલો' કૂચના સંબંધમાં અત્યાર સુધીમાં ચાર પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધ્યા હતા અને વધુ બે એફઆઇઆર નોંધવા કાર્યવાહી હાથ ધરી હતી. (એજન્સી)■

### અમેરિકા-ઈરાનના હુમલા

ઓળખ જાહેર કરાઇ હતી. અમેરિકાનો એક સૈનિક હજી લાપતા છે.

અમેરિકાના લશ્કરના સેન્ટ્રલ કમાંડે મંગળવારે જણાવ્યું હતું કે અમે મંગળવારે ઇરાનના લશ્કરના કમાંડ સેન્ટર્સ, દરિયાઇ ક્ષમતા, મિસાઇલ અને ડ્રોનની લૉન્ચ સાઇટ્સ, ઍર ડિફેન્સ સિસ્ટમ પર હુમલા કર્યા હતા.

ઓમાનના દરિયાકાંઠાની નજીક એક ટૅન્કર પર મંગળવારે હુમલો કરાયો હતો.

અગાઉ, ઇરાને સોમવારે અન્ય બે જહાજ પર પણ હુમલો કર્યો હતો.

બાહરીનમાં ઇરાનના હુમલાની ચેતવણી આપતી સાઇરન મંગળવારે અવારનવાર વગાડાઇ હતી.

યમનના હુતી બળવાખોરોએ સઉદી અરેબિયાના દરિયામાંથી પસાર થતાં દરેક જહાજ પર હુમલા કરવાની ધમકી આપી હતી. (એજન્સી)■

### અમેરિકાએ કૅનેડા

કે તેઓએ કહ્યું હતું કે ટ્રમ્પ તેનો ઉપયોગ અર્થતંત્રને અસ્થિર કરવા માટે કરી શકે છે. રાષ્ટ્રપતિના નિર્ણયોની જાણકારી આપતા પત્રકારો સાથેની વાતચીતમાં અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું હતું કે ટ્રમ્પે ૧૯૩૦ના ટ્રેડ એક્ટની કલમ ૩૩૮ હેઠળ ટેરિફ લાગુ કરવા માટે ત્રણ આદેશો પર હસ્તાક્ષર કર્યા હતા. ગયા વર્ષે પણ અનેક ડેમોક્રેટ્સ સાંસદોએ આ કલમને સમાપ્ત કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો કારણ કે તેમનું કહેવું હતું કે ટ્રમ્પ તેનો ઉપયોગ અર્થવ્યવસ્થાને અસ્થિર કરવા માટે કરી શકે છે.

નવા ૫૦ ટકા ટેરિફમાં ઉર્જા ઉત્પાદનો, પોટાશ, માછલી અને મહત્વપૂર્ણ મિનરલ્સ સામેલ નહીં થાય પરંતુ તેમાં એવા માલસામાનનો સમાવેશ થશે જે અગાઉ અમેરિકા-મેક્સિકો-કેનેડા એગ્રીમેન્ટ હેઠળ આયાત કરમાંથી છૂટ મળી હતી. અમેરિકાએ ૨૦૨૦ના એ વેપાર કરારને રિન્યૂ કર્યો નહોતો જેનાથી વાટાઘાટોનો એક નવો સમયગાળો શરૂ થઈ ગયો જે ૨૦૩૬ સુધી ચાલી શકે છે. વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે ટેરિફ ૩૦ દિવસમાં અમલમાં આવશે. ■

### સોનમ વાંગચૂકને

માટે ડૉક્ટર પસંદ કરવાનો અધિકાર છે.

મુખ્ય ન્યાયાધીશ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની બનેલી બૅન્ચે ગીતાંજલિની અરજીને પગલે સોનમ વાંગચૂકને અન્ય હૉસ્પિટલમાં ખસેડવાનો આદેશ આપ્યો હતો. વડી અદાલતે મેદાંતા હૉસ્પિટલને સોનમ વાંગચૂકની સારવાર માટે ડૉક્ટર્સની ટીમ રચવા આદેશ આપ્યો હતો.

ગીતાંજલિને પોતાના પતિ સોનમ વાંગચૂકને પોતાની ઇચ્છા મુજબ મળવા દેવાની પરવાનગી પણ અપાઇ હતી.

કેસની સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે મેદાંતા હૉસ્પિટલ જાણીતી હૉસ્પિટલ છે અને સોનમ વાંગચૂકને ત્યાં સારવાર માટે દાખલ કરાય, તેની સામે સરકારને કોઇ વાંધો નથી. (એજન્સી)■

### વિરોધ પ્રદર્શનમાં

પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહીમાં ઘાયલ થયેલી એક યુવતી આરએમએલ હોસ્પિટલમાં વેન્ટિલેટર પર છે. દિલ્હી પોલીસે સોમવારે એક નિવેદનમાં દાવો કર્યો હતો કે વિરોધ પ્રદર્શન દરમિયાન ૧૧૮થી વધુ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા, જ્યારે ઘાયલ થયેલા પ્રદર્શનકારીઓની સંખ્યા ૬૦ હતી.

સીજેપી દ્વારા પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ બદલ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી સાથે સોમવારે સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, માનવામાં આવી રહ્યું છે કે ટિયર ગેસના સેલ છોડ્યા બાદ પ્રદર્શનકારીઓના ભાગવાના કારણે ઉભી થયેલી પરિસ્થિતિમાં મહિલાને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી. એક પરિવારના સભ્ય નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે સાક્ષીને ચહેરા, છાતી અને ગરદન પર ઈજા થઈ છે અને તેને આઈસીયુમાં દાખલ કરવામાં આવી છે. તે તેના પિતરાઈ બહેન સાથે વિરોધ સ્થળ પર હતી. તેની બહેનને પગમાં ઈજા થઈ હતી.

પરિવારના સભ્યોએ કહ્યું હતું કે ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા પછી પ્રદર્શનકારીઓ દોડવા લાગ્યા હતા. તે નાસભાગ જેવી પરિસ્થિતિમાં ફસાઈ ગઈ અને તેને ગંભીર ઈજાઓ થઈ હતી. તે વેન્ટિલેટર પર છે પરંતુ પ્રતિક્રિયા આપી રહી છે. છત્તરપુર એક્સટેન્શનની રહેવાસી સાક્ષી કમ્પ્યુટર એપ્લિકેશન્સમાં એડવાન્સ્ડ ડિપ્લોમા (એડીસીએ) કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તેણી છેલ્લા કેટલાક મહિનાઓથી ટીબીની સારવાર લઈ રહી છે.

અધિકારીઓએ હજુ સુધી તેમની તબીબી સ્થિતિ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. સૂત્રોએ જણાવ્યું કે મંગળવારે સવારે ૮ વાગ્યા સુધી ૧૮૬ ઘાયલોને આરએમએલ ઇમરજન્સીમાં લાવવામાં આવ્યા હતા. તેમાંથી ૮૯ પોલીસકર્મીઓ હતા. કુલ ઘાયલોમાંથી ૯૬ લોકોને પ્લાસ્ટર અને વિવિધ પ્રકારની સારવાર માટે સર્જરી વિભાગમાં રિફર કરવામાં આવ્યા હતા. વેન્ટિલેટર પર રહેલી એક યુવતી સિવાય બધાને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મંગળવારે આરએમએલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને સાક્ષીની માતાને મળ્યા હતા. ■

### યુવાનોના ભાવિ

નીટ એકઝામમાં ગેરરીતિ સામે અને શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણીના સમર્થનમાં કૂચ કાઢી હતી. મોદીએ એના એક દિવસ બાદ નેશનલ ડેમોક્રેટિક અલાયન્સના સંસદસભ્યોની બેઠકને સંબોધી હતી.

એનડીએની સંસદીય પક્ષની બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા સસંદીય બાબતોના પ્રધાન કિરન રિજિજુએ કહ્યું હતું કે મોદીએ સંસદસભ્યોને કહ્યું હતું કે સરકારે પેપર ફૂટી ગયા હોવાની વાત પ્રકાશમાં આવતા તત્કાળ પગલાં ભર્યાં હતાં અને તેર ઈસમની ધરપકડ કરી હતી. ભાજપની સંદીયય પક્ષની બેઠક મોટે ભાગે મંગળવારે ભરાતી હોવાથી તેને 'મંગળ મિલન નામ અપાયું છે.

આ સાથે મોદીએ વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીના ભાવિ પર માઠી અસર ન પડે એ માટે નીટની ફેરપરીક્ષાને પ્રાથમિકતા અપાઈ હતી. ફેરપરીક્ષા સફળતાપૂર્વક યોજાઈ હતી અને એના પરિણામ વિના વિલંબે જાહેર કરવામાં આવ્યા હતા.

રિજિજુએ કહ્યું હતું કે મોદીએ એમ પણ કહ્યું હતું કે ભવિષ્યમાં આવી રીતે પેપર ન ફૂટે એ માટે બધા કડક પગલાં લેવામાં આવ્યાં છે.

મોદીએ ઉમેર્યું હતું કે પેપર લીકમાં સંડોવાયેલાઓને પકડીને જેલમાં મોકલવામાં આવ્યા છે અને દેશના ટોચના વકીલોની મદદથી તેમને કડકમાં કડક સજા દેવામાં આવશે. (એજન્સી)■

### ઈરાદાપૂર્વક હિંસા

૧૧૮ પોલીસ કર્મચારીઓ અને ૭૦ વિરોધીઓ ઘાયલ થયા હતા અને ૧૫ થી ૨૦થી વધુ સરકારી વાહનોને નુકસાન થયું હતું. એક કથિત ચૅટમાં લખવામાં આવ્યું હતું કે ''વિરોધ સ્થળ પર પહોંચ્યા પછી બની શકે છે કે તમારા ડિવાઈસમાં નેટવર્ક ના હોય. પોલીસે છેલ્લી વખતે નેટવર્ક જામરનો ઉપયોગ કર્યો હતો અને આ વખતે પણ કરી શકે છે. જોકે, તમે જે ગ્રૂપ સાથે આવ્યા છો તેમાં કનેક્ટેડ રહેવું ખૂબ જ જરૂરી છે.

સૂત્રોએ કહ્યું હતું કે તપાસ ટીમે કહ્યું કે વિરોધ કરનારાઓએ કેટલીક એવી પણ એપ બતાવી જે બ્લૂટૂથ સિગ્નલનો ઉપયોગ કરીને કામ કરી શકે છે અને તેની લિંક પણ એ ચેટમાં કરી શકો છો. પોલીસ આવી એપ્લિકેશનોની તપાસ કરી રહી છે અને કહ્યું હતું કે તેઓ તે મુજબ કાર્યવાહી કરશે. એક અન્ય મૅસેજમાં લખવામાં આવ્યું હતું કે વિરોધ સ્થળ પર પ્રવેશતા અગાઉ ખાતરી કરી લો તે તમારા બધા ગ્રૂપમાં સમાન એપ્લિકેશન ઈન્સ્ટોલ કરેલી હોય અને અગાઉથી કનેક્ટેડ હોય.

તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા સીસીટીવી ફૂટેજ, ડ્રોન વિઝ્યુઅલ્સ, મોબાઇલ ફોન વીડિયો અને અન્ય ઇલેક્ટ્રોનિક પુરાવાઓ સાથે ડિજિટલ પુરાવાઓનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું હતું. એક વાતચીતમાં એક વ્યક્તિએ દાવો કર્યો કે આગામી દિવસ ''મોદી સરકારનો છેલ્લો દિવસ'' હશે.

કેટલાક મેસેજમાં પ્રદર્શનકારીઓ વિરોધ દરમિયાન પોતાના જીવનું પણ બલિદાન આપવા તૈયાર છે. મૅસેજમાં કહ્યું કે જો કોઈ મરી જાય તો આવનારી પેઢીઓ આવા બલિદાનને યાદ રાખશે. કોઈનું મૃત્યુ થશે તો સરકાર પર ઘણું દબાણ આવશે. (એજન્સી)■

# છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૧,૦૯૬ જેટલા કારખાનાનાં કામદારોના મોત : કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના વસ્ત્રાલના રામોલ-ગતરાડ નજીક ગેરકાયદે ધમધમતી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટની ઘટનામાં મોતનો આંકડો દસ સુધી પહોંચી ગયો છે. કામના સ્થળ પર શ્રમિકોના મોતના મામલે સંસદમાં રજૂ થયેલા આંકડાનાં આધારે ભાજપ સરકારની નિષ્ફળતા ઉજાગર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં કારખાનાનાં કામદારોના મોતમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપના સ્થાને છે. જે ચિંતાનો વિષય છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૦ થી લઈને ૨૦૨૪ સુધીમાં ૧,૦૯૬ કરતાં પણ વધુ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૦માં ૨૧૨, વર્ષ ૨૦૨૧માં ૨૩૫, વર્ષ ૨૦૨૨માં ૨૪૦માં, વર્ષ ૨૦૨૩માં ૨૨૧ અને વર્ષ ૨૦૨૪માં ૧૮૮ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. કામદારોના ભોગે ઊભું થયેલું ''વિકાસ મોડલ'' કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. ઔદ્યોગિક રીતે અગ્રણી ગણાતા મહારાષ્ટ્ર કરતાં પણ ગુજરાતમાં આ પાંચ વર્ષોમાં ૨૩૭ વધુ કામદારોના મોત થયા છે. માનવ જીંદગી સાથે ચેડાં કરનાર જોખમમાં મુકનાર માલિકો, કોન્ટ્રાક્ટરો, તમામ ગેરકાયદે ફેક્ટરીઓ-કારખાનાઓ પર કડક પગલા ભરવામાં આવે, અમદાવાદ સહીત વિવિધ જગ્યાઓ થયેલી દુર્ઘટનાઓમાં તંત્રની બેદરકારી સામે પગલા ભરવામાં આવે. હાઈ-રિસ્ક ઔદ્યોગિક ઝોનમાં ફરજિયાત નોંધણી અને વીમા કવચ આપવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષની માગણી છે, તેમ બેંકરે જણાવ્યું હતું. ■

# દક્ષિણ ગુજરાતમાં અષાઢી માહોલ! વાંસદામાં ખાબક્યો પાંચ ઈંચ જેટલો વરસાદ, આજે પણ ભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અનેક જિલ્લામાં મંગળવારે અષાઢી માહોલ જામ્યો હતો. રાજ્યમાં સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીના ૧૨ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ભારે મહેર કરી છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા મુજબ, નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૪.૮૮ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત, નવસારીના જ ચીખલી તાલુકામાં પણ ૪.૦૨ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો છે. દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારોમાં વલસાડના કપરાડામાં ૩.૮૬ ઈંચ અને ડાંગના વઘઈમાં ૩.૬૬ ઈંચ વરસાદ પડ્યો હોવાનું નોંધાયું છે.

મંગળવારના સવારે છથી સાંજે છ એમ ૧૨ કલાકના સમયગાળા દરમિયાન રાજ્યના કુલ ૧૪૫ તાલુકાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. સુરત જિલ્લામાં પણ સારો વરસાદ નોંધાયો છે, જેમાં બારડોલીમાં ૩.૫૮ ઈંચ અને પલસાણામાં ૩.૨૩ ઈંચ વરસાદ પડ્યો છે. આ સાથે નવસારી જિલ્લાના ગણદેવીમાં ૩.૪૬ ઈંચ, નવસારી તાલુકામાં ૩.૩૧ ઈંચ અને જલાલપોરમાં ૩.૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે.

વલસાડના નાનાપોંઢામાં પણ ૩.૨૭ ઈંચ વરસાદ ખાબકતા મોટાભાગના આંકડાઓ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હાજરીની સાબિતી આપે છે. દક્ષિણ ગુજરાતના લગભગ ૩૯ જેટલા તાલુકામાં પોણા ઇંચથી લઈને પોણા પાંચ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. તે ઉપરાંત પોરબંદર, મોરબી, આણંદ, રાજકોટ, સાબરકાંઠા, ભાવનગર સહિતના જિલ્લામાં અડધા ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

જો કે આ દરમિયાન અષાઢ મહિનાની સ્થિતિએ રાજ્યમાં સરેરાશ ૨૮.૭૮ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં ૪૩.૩૬ ટકા વરસાદ પડ્યો છે, જ્યારે સૌરાષ્ટ્રમાં ૩૦.૨૫ ટકા, પૂર્વ ગુજરાતમાં ૧૯.૬૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૪.૬૬ ટકા વરસાદ નોંધાયો છે. વરસાદના જુલાઇ મહિનો આવી ગયો હોવા છતાં હજુ પણ કચ્છ જિલ્લામાં માત્ર ૩.૪૨ ટકા જ વરસાદ પડ્યો છે.

હાલની સ્થિતિએ રાજ્યના જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલ ૬૭.૭૭ ટકા જેટલો જળસંગ્રહ છે, જ્યાં ૧૪૫૦૮.૨૫ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જેની સામે ૬૧૭.૩૮ ક્યુસેક પાણીની નિકાસ કરવામાં આવી રહી છે. રાજયના અન્ય ૨૦૬ જળાશયોમાં સંગ્રહ ૨૨૮૧૮૪ એમસીએફટી છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૪૦.૯૦ ટકા છે. રાજયના ૬ ડેમ સંપૂર્ણ ભરાયેલ છે, ૨૧ ડેમ ૭૦થી ૧૦૦ ટકાની વચ્ચે ભરાયેલ છે, ૨૦ ડેમો ૫૦ થી ૭૦ ટકા, ૫૩ ડેમ ૨૫થી ૫૦ ટકા તેમજ ૧૦૬ જળાશયોમાં ૨૫ ટકાથી નીચેનો જળસંગ્રહ છે. ડેમની સ્થિતિને ધ્યાનમાં લઈને ૧૨ ડેમ હાઇ એલર્ટ, ૨ ડેમ એલર્ટ અને ૧૩ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. ■

# કોરોના દરમિયાન મૃત્યુ પામેલા એસટીના ૧૧૫ ડ્રાઈવર-કન્ડક્ટરના પરિવારને ₹ ૨૫ લાખની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : કોવિડ-૧૯ મહામારી દરમિયાન વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એસટી) એ ગુજરાતમાં રહેતા પ્રવાસી શ્રમિકો અને મજૂરોને તેમના વતન સુધી સુરક્ષિત પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કોર્પોરેશને ત્રણ રાજ્યોમાં ૨૨,૯૫૩ ટ્રિપ્સનું સંચાલન કરીને કુલ ૬,૯૯,૩૫૭ મુસાફરોને તેમના વતન સુધી પહોંચાડ્યા હતા. મહામારીમાં કુલ ૧૧૫ કર્મચારીઓ ફરજ દરમિયાન કોરોનાગ્રસ્ત થતા જીવ ગુમાવ્યો હતો; જેમાં ૩૯ ડ્રાઇવર, ૩૧ કંડક્ટર, ૨૯ વહીવટી કર્મચારીઓ અને ૧૬ મિકેનિકનો સમાવેશ થાય છે. મૃત્યુ પામનાર દરેક કોરોના વોરિયરને ૨૫ લાખની સહાય ચૂકવાશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. આ અંગે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ફરજ દરમિયાન કોવિડ સંક્રમિત થયેલા કર્મચારીઓની ઓળખ માટે કોર્પોરેશન દ્વારા રચાયેલી સમિતિએ વિગતવાર ચકાસણી કર્યા બાદ પાત્ર દરેક કર્મચારીના કાયદેસરના વારસદારોને રૂ. ૨૫ લાખની આર્થિક સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કુલ ૧૧૫ કર્મચારીઓના પરિવારોને રૂ. ૨૫ લાખની એક્સ-ગ્રેશિયા સહાયના ચેકનું વિતરણ ૨૭ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે યોજાનારા કાર્યક્રમ દરમિયાન કરવામાં આવશે.

# ગાંધીનગરમાં જીપીએસ પદ્ધતિથી સુસજ્જ ૧૩૯ નવીન બસનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદ મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ આદિજાતિ જિલ્લાઓના દુર્ગમ, અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને શાળા કોલેજ જવા આવવા માટે સમયસર અને સુરક્ષિત પરિવહન વ્યવસ્થાની સુવિધા માટે ભગવાન બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન બસ સેવામાં નવી ૧૩૯ બસોને ગાંધીનગરથી ફ્લેગ ઓફ કરાવ્યું હતું. રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સંયુક્ત ઉપક્રમે કુલ ૩૩.૮૪ કરોડના ખર્ચે આ નવી ૧૩૯ બસો આદિજાતિ વિસ્તારોમાં સેવામાં મૂકવામાં આવી છે.

રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તારના અંતરિયાળ, દુર્ગમ અને પહાડી પ્રદેશોમાં વસતા આદિજાતિ પરિવારોના બાળકો અને યુવાઓને તેમના વસવાટના સ્થળેથી દૂર આવેલા શાળા-કોલેજોમાં અભ્યાસ માટે અવર-જવરની સરળ સુવિધા, ટ્રાન્સપોર્ટેશન સહુલિયત માટે ભગવાન બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન યોજનામાં રૂ.૭૨ કરોડના ખર્ચે ૨૫૦ બસો ફાળવવાની જાહેરાત કરેલી છે.

બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન હેઠળ આ તમામ બસોને જીપીએસ પદ્ધતિથી મોનિટરિંગ અને રોજેરોજ બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓનું નામ, બસ પાસ નંબર, રૂટ, શાળા તથા ગામની વિગતોનું વેબ પોર્ટલના માધ્યમથી અપડેટ પણ મળતું રહેશે. શાળા કોલેજ સમય બાદ આ બસોની સુવિધા રેવન્યુ મોડલથી આદિજાતિ વિસ્તારોના લોકોને પણ મળી શકશે. ■

# વડોદરા આરટીઓનો સપાટો, જૂનમાં ૨,૬૪૬ વાહનચાલકો દંડાયા, ₹ ૧.૦૬ કરોડથી વધુનો દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા આરટીઓ કચેરીએ વાહન વ્યવહારના નિયમોનો ભંગ કરનારા વાહનચાલકોને કાયદાનો પાઠ ભણાવવા માટે ગત વર્ષ ૨૦૨૬ ના જૂન માસ દરમિયાન હાથ ધરવામાં આવેલા ખાસ ચેકિંગ અભિયાન હેઠળ કુલ ૨,૬૪૬ ગુનાહિત વાહનો સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર ઝુંબેશ દરમિયાન વડોદરા આરટીઓ દ્વારા વાહનચાલકો પાસેથી ટ્રાફિક નિયમભંગ બદલ કુલ રૂ.૧,૦૬,૩૮,૨૦૪ જેટલો જંગી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

તે ઉપરાંત વાહનચાલકોને વાહનોને મોડિફાઈ કરવા બદલ રૂ. ૫૦૦૦ અને રોડ સેફ્ટીને મુદ્દે રૂ. ૧૦૦૦ એમ છ હજાર સુધીનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

મોટર વાહન ધારાની કલમ ૧૮૨ હેઠળ અનધિકૃત રીતે બલ્બમાં ફેરફાર કે ચેડાં કરવા બદલ ૫,૦૦૦નો દંડ, રોડ સેફ્ટી જોખમને લઈને જાહેર માર્ગ પર અન્ય માટે જોખમ ઊભું કરવા બદલ વધારાનો ૧,૦૦૦ દંડ એમ કુલ દંડ ૬,૦૦૦ સુધીનો વસૂલવામાં આવ્યો હતો. ■

# ગેરકાયદે બાંધકામ અને ફાયર સેફ્ટીના અભાવને કારણે મનપાએ ૨૫ પ્રોપર્ટી સીલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રામોલની ફટાકટા ફેક્ટરીમાં આગ લાગવાની ઘટનામાં દસ જણ હોમાઈ ગયાની ગોઝારી ઘટના બાદ અમદાવાદ મહાનગરપાલિકાએ ગેરકાનૂની બાંધકામ અને ફાયર સેફ્ટીના અભાવવાળા એકમો પર દંડો ચલાવ્યો હતો. મનપાએ આ ઘટના બાદ ખાસ ઝુંબેશ ચલાવી છે અને દરરોજ આ રીતે ચાલતા એકમો સામે કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઝુંબેશના ભાગ રૂપે, એસ્ટેટ વિભાગ અને અમદાવાદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ દ્વારા હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશન દરમિયાન મંગળવારે કુલ ૨૫ મિલકત સીલ કરવામાં આવી હતી.

મનપાના સૂત્રોના જણાવ્યા અનુસાર, મિલકતોની કાનૂની સ્થિતિ અને ફાયર સેફ્ટીના ધોરણોના સંભવિત ઉલ્લંઘન અંગે ચિંતાઓને કારણે કાર્યવાહી કરવામાં આવી હતી. સાવચેતીના પગલા તરીકે સીલબંધી કરવામાં આવી છે, જેમાં જાહેર સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

મનપાએ જણાવ્યું હતું કે સીલ કરાયેલી મિલકતોની વધુ તપાસ ચાલી રહી છે. જો તપાસ દરમિયાન ફાયર સેફ્ટી નિયમો, મકાન નિયમો અથવા અન્ય કાનૂની જોગવાઈઓનું ઉલ્લંઘન જોવા મળશે, તો મિલકત માલિકો સામે કાયદા અનુસાર કડક કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

સીલ કરાયેલી ૨૫ મિલકતમાંથી ૧૮ મિલકતને અમદાવાદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ દ્વારા કથિત ફાયર સેફ્ટી ઉલ્લંઘન બદલ સીલ કરવામાં આવી હતી, જ્યારે સાત મિલકતને ગેરકાયદે બાંધકામો અને સંબંધિત ઉલ્લંઘનો બદલ એસ્ટેટ વિભાગ દ્વારા સીલ કરવામાં આવી હતી. મનપાના સૂત્રોએ કહ્યું હતું કે આ પ્રકારની કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. ■

# વસ્ત્રાલ બ્લાસ્ટ બાદ પોલીસની લાલ આંખઃ લાઇસન્સ વિના ધમધમતા ગોડાઉનમાંથી ૩૯ કરોડથી વધુના ફટાકડા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં જ અમદાવાદના રામોલમાં ગેરકાયદે ધમધમતી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટમાં ૧૦ નિર્દોષ શ્રમિકના જીવ ગયા છે. આ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે અને પોલીસે એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરીને ૧૦ દિવસમાં તપાસ અહેવાલ સોંપવાનો આદેશ આપ્યો છે. આ ઘટના બાદ અમદાવાદ ગ્રામ્ય પોલીસે ચાંગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદે ધમધમતા ફટાકડાના બે ગોડાઉન પર મોટી કાર્યવાહી કરી હતી.

અમદાવાદ ગ્રામ્ય પોલીસે મોડસર ગામથી અમાથાપુર જતા રસ્તા પાસે આવેલા ગોડાઉનમાં મોટા પ્રમાણમાં ફટાકડાનો સંગ્રહ કરવામાં આવ્યો હોવાની બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે સામસામે આવેલા બે ગોડાઉનમાંથી અલગ-અલગ પ્રકારના ફટાકડાના કુલ ૬૫,૯૫૪ બોક્સ જપ્ત કર્યા છે, જેની અંદાજિત કિંમત ૩૯.૫૭ કરોડ રૂપિયા જેટલી થતી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ ગોડાઉનનું લાયસન્સ ગત માર્ચ મહિનામાં જ પૂરું થઈ ગયું હતું, છતાં તેને રિન્યૂ કરાવ્યા વિના ગેરકાયદે આટલા મોટા પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રીનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. સુરક્ષાના નામે ગોડાઉનમાં માત્ર ફાયર એક્સટિંગ્વિશર, રેતી ભરેલી ડોલ અને પાણીની પાઇપ જેવી સામાન્ય વ્યવસ્થાઓ જ હતી, જે આટલા વિશાળ જથ્થાની સરખામણીમાં સાવ અપૂરતી હતી. આ ઉપરાંત, ગોડાઉનની બહાર ટીનના શેડ નીચે પણ ફટાકડાનો સંગ્રહ કરવામાં આવ્યો હતો, જેના કારણે કોઈપણ સમયે મોટી જાનહાનિ કે દુર્ઘટના સર્જાવાની પૂરેપૂરી શક્યતા હતી.

આ ગંભીર બેદરકારી અને ગેરકાયદેસર પ્રવૃત્તિ બદલ ચાંગોદર પોલીસે કડક પગલાં લીધા હતા. ■

# સુરતના વૃદ્ધ વેપારીની છેતરામણીના કેસમાં પકડાયેલા આરોપીએ કર્યા ચોંકાવનારા ખુલાસા

## યુપીના ૧૧ પાસ યુવકે ૬૦ કરોડની સાયબર ઠગાઈમાં ભાગ ભજવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના વૃદ્ધ વેપારી સાથે બેંકની એપીકે ફાઈલ દ્વારા રૂ. ૫ લાખની ઠગાઈ કરનારો મહાઠગ નીકળ્યો હોવાનું પોલીસ પૂછપરછમાં બહાર આવ્યું હતું. ઉત્તર પ્રદેશથી ઝડપાયેલા માત્ર ૧૧ ધોરણ સુધી ભણેલા ૧૮ વર્ષના આરોપીએ આ રીતે લગભગ ૧૨૦ કરતા વધારે એપીકે ફાઈલ બનાવી અન્ય સાયબર ઠગોને વેચી હોવાનો ખુલાસો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સુરતના અડાજણમાં ૮મી જુલાઈના રોજ નોંધાયેલી ફરિયાદ અનુસાર વયસ્ક વેપારીને વૉટ્સએપ પર બેંકની એપના નામે એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી. ત્યારબાદ ફોન હેક કરી તેમના રૂ. ૫ લાખ ઉઠાવી લેવામાં આવ્યા હતા. પોલીસે આ કેસમાં ૧૪મી જુલાઈએ રોહિત સાક્યને યુપીથી પકડ્યો હતો અને તેના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર આ દરમિયાન પોલીસની પૂછપરછમાં તેણે આવી ૧૨૦ કરતા વધારે એપીકે ફાઈલ બનાવી જામતારાની એક ગેંગને વેચી દીધી હતી અને લગભગ ૬૪ કરોડ રૂપિયાની સાયબર ઠગાઈ કરી હતી. તેણે જણાવ્યું હતું કે તે એપીકે ફાઈલ બનાવી સાયબર માફિયાને વેચી દીધો હતો ત્યારે રૂ. ૧૦થી ૧૫ હજારમાં વેચી નાખતો હતો. તેણે લગભગ ૩૦૦૦ જેટલા મોબાઈલ ફોનના એક્સેસ આ રીતે મેળવી લીધા હોવાની માહિતી પણ સૂત્રોએ આપી હતી. તેણે આરટીઓ ચલણથી માંડી મોટી ઓનલાઈન પ્લેટફોર્મ્સની, બેંકની એપીકે ફાઈલ બનાવી હતી. આ સાથે સાયબર ક્રાઈમ સેલને આવી માહિતી પણ મળી હતી કે સાયબર ક્રાઈમ પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે રોહિત જામતારા ગેંગની જરૂરીયાત મુજબ બે એન્ડ્રોઈડ એપીકે ફાઈલ બનાવતો હતો. તે પૈકી એક વાઈરલ કરી મોબાઈલ ફોન હેક કરાતો હતો, જ્યારે બીજી ફાઈલનો ઉપયોગ ગેંગ મોબાઈલ ફોનનો એક્સેસ મેળવવા કરતી હતી. નવાઈની વાત તો એ છે કે આરોપી રોહિત માત્ર ૧૧મું ધોરણ ભણ્યો છે અને યુ-ટ્યૂબ અને એઆઈનો ઉપયોગ કરી હુબહુ એપીકે ફાઈલ બનાવતો હતો. પોલીસે તેના મોબાઈલ સહિતની સામગ્રી જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રાજપીપળામાં હરસિદ્ધિ માતાજીના મંદિરમાં ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજપીપળા શહેરમાં ૪૦૦ વર્ષ જૂના અને લોકોની શ્રદ્ધાના કેન્દ્રસ્થાન એવા હરસિદ્ધિ માતાજીના મંદિર પરિસરમાં ચોરીના સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા છે. આ ઘટના બહાર આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

અહીંના ઐતિહાસિક મંદિરમાં રાત્રીના સમયે એક શખ્સ પરિસરમાં ઘુસી ગયો હતો અને તેણે દાનપેટીનું તાળું તોડી રોકડ રકમની ચોરી કરી હતી. મળતી માહિતી અનુસાર અહીં આજુબાજુના બાંધકામો તોડી પાડવામાં આવ્યા હોવાથી કે દિવાલ કૂદી અંદર ઘુસી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની જાણ થતાં શ્રદ્ધાળુઓ મંદિરની સઘન સુરક્ષા માટેની માગણી કરી હતી. આ અંગે સ્થાનિક તંત્ર કે મંદિરના સૂત્રો સાથે વાત થઈ શકી ન હતી. ■

**બાંગ્લાદેશી ઘૂસણખોરોના હવાલા રેકેટની તપાસ ઈડીએ શરૂ કરી**

# અમદાવાદ સહિત ગુજરાતમાંથી કરોડો રૂપિયા કોલકાતા મારફતે બાંગ્લાદેશ પહોંચ્યા હોવાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાંગ્લાદેશ સરહદ પરથી મોટી સંખ્યામાં બાંગ્લાદેશી ઘુસણખોરો ગેરકાયદે ભારતમાં પ્રવેશીને અમદાવાદના ચંડોળા સુધી પહોંચ્યા હોવાની બાબત સામે આવ્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આદેશથી રાજ્યભરમાં વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત ગેરકાયદે રહેતા બાંગ્લાદેશી નાગરિકોને ડિટેઇન કરીને તેમના દેશમાં પરત મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

તપાસ દરમિયાન એવી માહિતી મળી હતી કે અમદાવાદ સહિત ગુજરાતમાં રહેતા કેટલાક બાંગ્લાદેશી નાગરિકોએ કરોડો રૂપિયાની રકમ હવાલા મારફતે બાંગ્લાદેશ મોકલી હતી. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ અને અન્ય તપાસ એજન્સીઓએ આ અંગે કેન્દ્રીય એજન્સીઓને માહિતી આપતાં હવે ઈડી દ્વારા હવાલાની તપાસ શરૂ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અમદાવાદ ઉપરાંત દેશના અન્ય રાજ્યોમાં પણ આ મામલે તપાસ ચાલી રહી છે.

બાંગ્લાદેશથી આવેલા ઘુસણખોરો અમદાવાદના ચંડોળા વિસ્તારમાં પહોંચતા હતા, જ્યાં કેટલાક સ્થાનિક એજન્ટો તેમને આશ્રય, રહેવા-જમવાની વ્યવસ્થા તેમજ રોજગાર મળી રહે તેના માટે કામ ધંધો પણ શરૂ કરી આપતા હતા.

કેટલીક મહિલાઓ અને યુવતીઓને દલાલો દ્વારા દેહવ્યાપારના ધંધામાં ધકેલી દેવામાં આવતી હોવાની પણ માહિતી સામે આવી છે.

તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ, બોગસ દસ્તાવેજોના આધારે ઘુસણખોરો માટે આધાર કાર્ડ, પાન કાર્ડ, મતદાર ઓળખપત્ર સહિતના દસ્તાવેજો તૈયાર કરવામાં આવતા હતા.

ત્યારબાદ આ દસ્તાવેજોના આધારે પાસપોર્ટ પણ મેળવવામાં આવતા હોવાની વિગતો સામે આવી છે. તપાસ દરમિયાન એવી પણ માહિતી મળી છે કે ગુજરાતમાં વિવિધ ધંધા કરતા કેટલાક બાંગ્લાદેશી નાગરિકો તેમની આવક કોલકાતા સ્થિત એજન્ટો મારફતે હવાલા દ્વારા બાંગ્લાદેશ મોકલતા હતા.

આ હવાલા વ્યવહારો અંગેની વિગતો કેન્દ્રીય એજન્સીઓ સુધી પહોંચતાં ઈડી દ્વારા દેશવ્યાપી તપાસ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ અને ગુજરાતના કેટલાક શંકાસ્પદ એજન્ટોની પણ ઓળખ થઈ હોવાનું જાણવા મળ્યું છે અને હવાલા કેસમાં તેમની સંડોવણીની તપાસ ચાલી રહી છે.

હવાલાની તપાસ ઉપરાંત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા જે ઘુસણખોરોને ડિટેઇન કરવામાં આવ્યા હતા તેઓ બાંગ્લાદેશના ઘણા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલા હતા કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. ■

# અમદાવાદ મનપાનો જુનિયર કલાર્ક લાંચ લેતા ઝડપાયા બાદ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)ના એક ભ્રષ્ટ જુનિયર ક્લાર્કને એન્ટિ કરપ્સન બ્યૂરો (એસીબી)ની ટીમે લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. શહેરના મધ્ય ઝોન પ્રોપર્ટી ટેક્સ વિભાગમાં ફરજ બજાવતા આ જુનિયર ક્લાર્કે ટેક્સ બિલમાં કબજેદાર તરીકે નામ દાખલ કરવા જેવી સામાન્ય કામગીરી માટે ફરિયાદી પાસે ૫,૦૦૦ રૂપિયાની લાંચ માંગી હતી, જે પૈકી બાકીની રકમ સ્વીકારતા સમયે ક્લાર્ક એસીબીના છટકામાં આબાદ રીતે છપડાઈ ગયો હતો. ગતરોજ ૨૦ જુલાઈના રોજ એસીબીની ટીમ દ્વારા દાણાપીઠ મ્યુનિસિપલ કચેરીની કેન્ટીન પાસે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. આરોપી ૩૩ વર્ષીય જુનિયર ક્લાર્ક જય દિનેશ કુલકર્ણીએ કેન્ટીનમાં ફરિયાદી પાસેથી ૨,૦૦૦ રૂપિયાની લાંચ સ્વીકારતા જ એસીબી ટીમે રંગેહાથ પકડી પાડ્યો હતો. જો કે આ મામલે અમદાવાદ મનપાએ આરોપીએ જુનિયર ક્લાર્ક જય કુલકર્ણી સામે કડક વલણ અપનાવ્યું છે. તંત્રએ લાંચિયા જુનિયર ક્લાર્કને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો. ■

# ૩૫ ગુનાઓમાં સંડોવાયેલા દારૂના મોટા સપ્લાયરને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ઝડપી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસ દ્વારા વોન્ટેડ તેમજ જેલમાંથી પેરોલ જંપ કરીને ફરાર થયેલા આરોપીઓને ઝડપી પાડવાની કવાયત ચાલી રહી છે. આ અભિયાન દરમિયાન ૩૫ ગુનાઓમાં સંડોવાયેલા અને સાત ગુનાઓમાં વોન્ટેડ એવા દારૂના મોટા સપ્લાયર નરેશ રાવળને નરોડામાંથી ઝડપી લેવામાં આવ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે તેની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન ગુજરાતમાં ચાલતા દારૂના ગેરકાયદે નેટવર્કના અનેક રહસ્યો પરથી પડદો ઊંચકાશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસથી બચવા માટે નરેશ રાવળ પોતાની ઓળખ અને સરનામું બદલીને રહેતો હતો.

ગુજરાતમાં દારૂના ગેરકાયદે વેપાર અને ફરાર આરોપીઓ સામે ચાલી રહેલા અભિયાન હેઠળ સ્ટેટ મોનિટરિંગ સેલે મોટી કાર્યવાહી કરીને છેલ્લા લગભગ ત્રણ વર્ષથી ફરાર અને પ્રોહિબિશનના અનેક ગુનાઓમાં વોન્ટેડ બુટલેગર નરેશભાઈ ઉર્ફે નરીયો રઈજીભાઈ રાવળ (રહે. રાવળવાસ, કોલવડા)ની અમદાવાદમાંથી ધરપકડ કરી છે. આરોપી પોતાની ઓળખ અને સરનામું બદલીને પોલીસથી બચવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મૂળ કોલવડાનો રહેવાસી નરેશ હાલ નરોડા નજીક આવેલા મુઢીયા ગામમાં રહેતો હતો. આ કેસમાં પીએસઆઈ વી. કે. રાઠોડને બાતમી મળી હતી કે નરેશ પોતાની ઓળખ છુપાવીને હાલ નરોડા રણાસર ટોલનાકા પાસે આવેલા મુઢીયા ગામમાં રહે છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી તેને ઝડપી લીધો હતો. તેની પૂછપરછ દરમિયાન દારૂના નેટવર્ક અંગેની અનેક મહત્વપૂર્ણ વિગતો સામે આવે તેવી શક્યતા અધિકારીઓએ વ્યક્ત કરી છે. રાજસ્થાનથી ગાંધીનગર અને અમદાવાદ સુધી દારૂનો જથ્થો પહોંચાડવામાં નરેશની મહત્વપૂર્ણ ભૂમિકા હોવાનું માનવામાં આવે છે. તપાસ દરમિયાન એવી પણ ચર્ચા છે કે કેટલાક પોલીસકર્મીઓ સાથે તેની કથિત ગોઠવણ હોવાના કારણે દારૂ ભરેલા વાહનો રોકટોક વિના ગંતવ્ય સ્થળે પહોંચી જતા હતા. હવે નરેશ ઝડપાઈ જતાં તેના મોબાઇલ ફોનમાંથી જો કોઈ પોલીસકર્મીઓના નામ, વોટ્સએપ ચેટ અથવા અન્ય પુરાવા મળી આવશે તો સંડોવાયેલા પોલીસકર્મીઓ સામે પણ કાર્યવાહી થઈ શકે છે. ■

# સંસ્થા સમાચાર

## આજે શ્રી સૂર્ય મંદિરમાં મહા રક્તદાન અને આયુષ્ય ભારત કાર્ડ શિબિર

દક્ષિણ મુંબઈના સી. પી. ટૅન્કસ્થિત ધી હરજીવન વસનજી ચૅરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સૂર્ય મંદિરમાં આજે બુધવાર, ૨૨ જુલાઈના રોજ જી. ટી. હૉસ્પિટલના સહયોગથી મહા રક્તદાન શિબિર અને સ્વસ્થ ભારત નિર્માણ કરવા માટે આયુષ્યમાન આરોગ્ય ભારત કાર્ડની શિબિર સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમ્યાન યોજાશે.

## અખિલ હિન્દ મહિલા પરિષદ વિલે પાર્લા દ્વારા મેડિકલ કૅમ્પ અને નોટબુકોનું વિતરણ

આ સંસ્થા દ્વારા ફ્રી મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્કૂલ-કૉલેજની છોકરીઓ, સિનિયર સિટિઝન, હૅન્ડિકેપ્ડ બાળકો અને હેલ્પરો જેમનામાં હિમોગ્લોબિન ઓછું હોય તેમની ટેસ્ટ કરવામાં આવી હતી. આ કૅમ્પનો બાવન મહિલાઓએ લાભ લીધો હતો. આ ઉપરાંત ટેસ્ટ માટે આવેલી ધોરણ ૮, ૯ અને ૧૦ની છોકરીઓને ફ્રી નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થીઓનું સન્માન

જાયન્ટ્સ ગ્રુપ ઑફ જુહુ અને જાયન્ટ્સ ચૅરિટી ટ્રસ્ટ દ્વારા ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ પ્રજ્ઞાચક્ષુ, મુકબધિર, વિકલાંગ, રાત્રિશાળા તેમ જ મ્યુનિસિપલ શાળાના એસએસસી અને એચએસસીના સારા ગુણાંકથી ઉત્તીર્ણ થયેલા ૩૧ વિદ્યાર્થીઓનું સાંતાક્રુઝ મ્યુનિસિપલ શાળામાં એવોર્ડ તેમ જ ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

## સિદ્ધિદાયક સિદ્ધિતપનું આયોજન

શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-પં.ચંદ્રશેખર-જિતરક્ષિતસૂરિ સમુદાયના યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્યરત્ન શ્રુતપ્રેમી પ.પૂ. આચાર્ય શ્રી જિતરક્ષિતસૂરિશ્વરજી મ. સા.ના શિષ્ય પ.પૂ. પંન્યાસ શ્રી આર્યરક્ષિતવિજયજી મ.સા. મુનિશ્રી તત્ત્વર્ષિવિજયજી મ.સા. આદિ ઠાણા. શ્રમણી ગણનાયક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી અભયશેખરસૂરિના આજ્ઞાનુવર્તિની સરલ સ્વભાવી પૂ. સાધ્વીજી શ્રી ઈષ્ટસિદ્ધિશ્રીજી મ.સા.ના શિષ્યા પ. પૂ. સાધ્વીજી શ્રી સિદ્ધિશ્રીજી મ.સા. શ્રી જયસિદ્ધિશ્રીજી મ. સા. આદિ ઠાણાનો ભવ્યાતિભવ્ય ગુરુભક્તિભાવ સાથે બોરીવલી (પ.)માં ટી. પી. એસ. રોડ, સત્રા પાર્ક, શ્રી કલ્પતરુ મરૂધર (ટી.પી.એસ.) જૈન સંઘમાં થયો. શ્રીસંઘમાં ગુરુભગવંત /સાધ્વીજી ભગવંતની પાવનનિશ્રામાં મંગળવાર, ૪ ઑગસ્ટ ૨૦૨૬થી ૪૪ દિવસ માટે માનવીના જીવનમાં આવતી વિવિધ તકલીફોને દૂર કરવાના વિષય પર સિદ્ધિદાયક સિદ્ધિતપનું આયોજન કરવામાં આવ્યું છે.

### પ્રદર્શનમાં

સવાલ ઉઠી રહ્યો હતો કે ૨૦ જુલાઈએ પ્રસ્તાવિત સંસદ માર્ચ થશે કે નહીં, પરંતુ સીજેપી એ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ માર્ચ કાઢી હતી. માર્ચ દરમિયાન સીજેપીનું એક પ્રતિનિધિમંડળ કેન્દ્રીય પ્રધાન જે.પી. નડ્ડાને મળવા પણ પહોંચ્યું હતું. આ પછી પાર્ટીએ માહિતી આપી હતી કે સીજેપી નેતા અભિજીત દીપકેએ પોતાના અઢી દિવસના ઉપવાસ સમાપ્ત કરી દીધા છે. જો કે, તેમ છતાં પ્રદર્શન ચાલુ રહ્યું હતું અને સંસદ તરફ આગળ વધતી વખતે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે તણાવ વધી ગયો હતો.

### 'નીટ' ફેર પરીક્ષામાં

દિવસ પછી પ્રકાશિત થયેલી સત્તાવાર આન્સર કી સાથે સરખામણી કરી ગવતેએ દાવો કર્યો કે તેણે ૧૪૮ સવાલના જવાબ આપ્યા હતા જેમાંથી ૧૩૬ સાચા અને ૧૨ ખોટા હતા.

ગવતેએ દાવો કર્યો હતો કે 'નીટ' માર્કિંગ સ્કીમ અનુસાર તેને ૭૨૦ માંથી ૫૨૨ માર્ક મળવા જોઈએ. જોકે, એનટીએ દ્વારા જારી કરાયેલા સ્કોરકાર્ડમાં ફક્ત ૯૫ માર્ક દર્શાવવામાં આવ્યા હતા.

તેણે ૧૭ અને ૧૮ જુલાઈના રોજ એનટીએને ઈમેલ કરીને તેના પરિણામનું પુનઃમૂલ્યાંકન અને સુધારણાની માગણી કરી હતી, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં.એટલે હવે એડવોકેટ્સ સુદર્શન સાળુંકે અને મહેન્દ્ર ગંડલે દ્વારા રિટ અરજી દાખલ કરી ઉત્તરવહીની ચકાસણી અને સુધારેલા સ્કોરકાર્ડની માગ કરવામાં આવી છે. (પીટીઆઈ)

### નાટકવેડા

પ્રયાસ કરી સવાલ કર્યો હતો કે 'શું અમારા કોઈ પ્રધાને પેપર લીક કર્યા? શું ચંદ્રશેખર બાવનકુળે કે ધર્મેન્દ્ર પ્રધાને કોઈ પેપર લીક કર્યું?'

ચોમાસુ સત્રના પ્રથમ દિવસે સંસદ તરફ કૂચ કરી રહેલા હજારો વિરોધીઓ પર દિલ્હી પોલીસ અને કેન્દ્રીય અર્ધલશ્કરી દળોએ ટીયર ગેસનો ઉપયોગ કર્યાના એક દિવસ પછી આ ટિપ્પણી આવી છે. પ્રધાનના રાજીનામાની માગ કરી રહેલા વિરોધીઓ પર સંસદ માર્ગ નજીક લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો કારણ કે તેમણે પોલીસ બેરિકેડ્સ ઓળંગવાનો પ્રયાસ કર્યો હતો.

વિવાદાસ્પદ ટિપ્પણી કરવા માટે જાણીતા પ્રધાને આરોપ કર્યો હતો કે એક ચોક્કસ જૂથ અને વિચારધારા સમાજમાં પ્રવેશી છે જેથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને નુકસાન પહોંચાડી શકાય.

નાગપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે 'આ કોક્રોચ (સીજેપી) આંદોલન એક નૌટંકી છે. કારણ કે તેઓ કોઈ મહત્ત્વના મુદ્દાઓ શોધી શકતા નથી, તેઓ યુવાનોમાં રોષ પેદા કરવાનું કાવતરું ઘડી રહ્યા છે. 'નીટ' રદ થવાથી કેટલાક યુવાનો ખરેખર પીડા અનુભવી આંદોલનમાં જોડાયા છે અને તેઓ નારાજ છે, પરંતુ તેનો અર્થ એ નથી કે સરકારે પગલાં લીધાં નથી. આ આંદોલન સરકારને બદનામ કરવા અને સરકાર સામે રોષ પેદા કરવા માટે જાણી જોઈને કરવામાં આવ્યું છે.' (પીટીઆઈ)

### છ મહિનાના

હતો, જેની સમાંતર તપાસ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ હાથ ધરી હતી.

પુણે ગ્રામીણ પોલીસની એલસીબીના સિનિયર ઈન્સ્પેક્ટર પ્રમોદ ક્ષીરસાગરે જણાવ્યું હતું કે તપાસ દરમિયાન મળેલા ટેક્નિકલ પુરાવાને આધારે પોલીસની ટીમ મંથન વૈદ્ય (૨૪) અને સૌરભ પરદેશી સુધી પહોંચી હતી.

શંકાને આધારે તાબામાં લેવાયેલા બન્ને યુવકે તેમના બે સાથી મિઝાન શેખ અને સંદીપ કોરીની મદદથી બાબુરાવની હત્યાની કબૂલાત કરી હતી.

હત્યાના હેતુની તપાસ કરતાં પોલીસ પણ ચોંકી ગઈ હતી. બાબુરાવે ૨૦૦૩માં નજીવા વિવાદમાં મંથનના પિતા દિનેશ વૈદ્યની કથિત હત્યા કરી હતી. તે સમયે મંથન માત્ર છ મહિનાનો હતો.

કહેવાય છે કે મંથને તેના પિતાની હત્યાની વાતો સાંભળી હતી. પછી તે જેમ જેમ મોટો થતો ગયો તેના મનમાં પિતાના હત્યારા માટે વેરઝેર વધવા લાગ્યું. પરિણામે મંથને તેના મિત્ર અને સાથીઓની મદદથી બાબુરાવની હત્યાનું કાવતરું ઘડ્યું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર ચેતન મંચલેએ જણાવ્યું હતું કે બાબુરાવની હત્યા થઈ ત્યારે તે અન્ય એક ક્રિમિનલ કેસમાં જામીન પર છૂટ્યો હતો. મંથન અને અન્ય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)

આઠમા પાનાનું ચાલુ

### પોતાની રાજકીય

વિના વિરોધ પ્રદર્શનો કરવા અને હિંસાનો આશરો લેવો કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. જરૂરી કાર્યવાહી કરવામાં આવશે,'' તેમ મુખ્ય પ્રધાને કહ્યું.

મુખ્ય પ્રધાને દાવો કર્યો હતો કે વિરોધ કરી રહેલા ઘણા પ્રદર્શનકારીઓ તે પરીક્ષા વિશે જ અજાણ હતા જેના માટે તેઓ વિરોધ કરી રહ્યા હતા. ઘણા લોકોને એ પણ ખબર નથી કે નીટ શું છે અથવા પરીક્ષા ક્યારે લેવામાં આવી હતી. તેઓ માત્ર પોતાનો એજન્ડા આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. ફડણવીસે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે પોલીસે સંયમ જાળવ્યો હતો.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે કેટલાક રાજકીય પક્ષો અને સંગઠનો રાજકીય લાભ મેળવવા માટે આ આંદોલનનો લાભ ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

''લોકો દ્વારા નકારી કાઢવામાં આવેલા કેટલાક રાજકીય પક્ષો અને આ મુદ્દા સાથે કોઈ લેવાદેવા ન હોય તેવાં સંગઠનો અસ્થિરતા પેદા કરવા અને પોતાનાં રાજકીય હિતો સાધવા માટે આ વિરોધ પ્રદર્શનનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે,'' એવો દાવો ફડણવીસે કર્યો હતો.

### હવે બોરીવલીમાં

આવી ગયો. ડ્રાઇવરે તેને બચાવવા માટે બસને જમણી બાજુ ફેરવી દીધી. જોકે તેના કારણે બસ રોડ ડિવાઇડર સાથે ભટકાઈ ગઈ હતી. ઘટના બાદ બસને ટોઇંગ વૅનની મદદથી ડિવાઇડર પરથી હટાવીને માગઠાણે ડેપોમાં લઈ જવામાં આવી હતી. આ ઘટનાની જાણ કસ્તુરબા માર્ગ પોલીસને કરવામાં આવી હતી. આ કેસમાં હજુ સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી. પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે બસ ડ્રાઇવર અને કંડક્ટરની માહિતી નોંધી હતી.

### 'ઈન્ડિયા બ્લોક'

છે કે ૧૧૮થી વધુ પોલીસ કર્મચારીઓને ઈજા થઈ છે, જ્યારે ઘાયલ થયેલા વિરોધીઓની સંખ્યા ૬૦ હતી. સીજેપીએ દિલ્હી પોલીસ પર વિરોધીઓ સામે વધુ પડતા બળનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો.

આ અંગે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ખોતએ આરોપ મૂક્યો હતો કે કેટલાક લોકો સોશ્યલ મીડિયાનો ઉપયોગ ચાલુ વિરોધને વેગ આપવા માટે કરી રહ્યા છે અને ઉમેર્યું હતું કે 'ઈન્ડિયા બ્લોક' ચાલી રહેલા વિરોધ દ્વારા દેશમાં આતંકવાદ જેવી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.' ભાજપના નેતાઓ પણ ધર્મેન્દ્ર પ્રધાનના સમર્થનમાં આગળ આવ્યા અને કહ્યું કે તેમના ખાતામાં કોઈ ફેરફાર થવો જોઈએ નહીં. તેમણે કેન્દ્ર સરકારને પ્રધાન મંડળનો કોઈ પણ ફેરફાર ન કરવા પણ વિનંતી કરી હતી. 'કેન્દ્રમાં નરેન્દ્ર (મોદી), રાજ્યના સુકાન પર દેવેન્દ્ર (ફડણવીસ) અને શિક્ષણ (મંત્રાલય) માં ધર્મેન્દ્ર (પ્રધાન) - કંઈપણ બદલાશે નહીં.' ખોતનું કહેવું હતું.

આ ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા શિવસેના (યુબીટી)નાં નેતા સુષ્મા અંધારેએ કહ્યું કે 'ખોતની વાતોને ગંભીરતાથી લેવી જોઈએ નહીં. તેઓ ખૂબ જ ઝૂકી ગયા પછી એમએલસી બન્યા હોવાથી સરકારનો પક્ષ લીધા સિવાય છૂટકો નથી. ખોતએ પોતે ભૂતકાળમાં ખેડૂતો માટે વિરોધ પ્રદર્શનો કર્યાં હતાં. શું તેને પણ આતંકવાદનું કૃત્ય ગણવું જોઈએ? તેમણે પોતાનો અંતરાત્મા ગુમાવી દીધો છે.'

### પતિની નિર્મમ

નામના શખસનો મૃતદેહ મળી આવ્યો હતો. તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેની હત્યા કરાઇ હતી, જેને પગલે પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

પોલીસે મૃતક વામનની પત્નીની પૂછપરછ કરી હતી, જેમાં તેણે કહ્યું હતું કે તેનો પતિ ઘટનાને દિવસે ઘરેથી થોડા દૂર આવેલા ખેતરમાં કામ કરવા માટે ગયો હતો, પણ તે ઘરે પાછો ફર્યો નહોતો. આથી પોતે તેને શોધવા માટે ગઇ ત્યારે ઘટનાસ્થળે તેને પતિનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે પોલીસને જ્યોતિ પર શંકા જતાં તેના સંપર્કમાં રહેનારા લોકો વિશે માહિતી મેળવાઇ હતી અને આખરે ગામમાંથી ધનેશ મેંગાળને તાબામાં લીધો હતો. ધનેશે પૂછપરછમાં હત્યાનો ગુનો કબૂલ્યો હતો. તેણે પોલીસને જણાવ્યું હતું કે જ્યોતિ અને તેના વચ્ચે અનૈતિક સંબંધ હતા અને તેમાં વામન આડખીલીરૂપ બની રહ્યો હતો. આથી વામનનો કાંટો કાઢવાનું બંનએ નક્કી કર્યું હતું. યોજના મુજબ વામન ખેતરમાં ગયો ત્યારે તેના પર કુહાડીથી હુમલો કરી તેની હત્યા કરવામાં આવ્યા બાદ મૃતદેહ ખીણમાં ફેંકી દેવાયો હતો.

### બેસ્ટ કર્મચારીઓની

થયેલી બેઠકમાં બેસ્ટ કર્મચારીઓને ૩,૦૦૦ રૂપિયા અને કૉન્ટ્રેક્ટ પર રહેલા કર્મચારીઓને ૨,૦૦૦ રૂપિયાનો પગાર વધારાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. જોકે આ લઘુતમ પગાર વધારો કર્મચારીઓ સાથેની છેતરપિંડી હોવાનો આરોપ સાથે કર્મચારીઓની તમામ પડતર માગણીઓ અને પગાર વધારા બાબતે ૧૫ ઑગસ્ટ સુધી નિકાલ લાવવામાં નહીં આવ્યો તો આંદોલન કરવાની ચીમકી બેસ્ટ કર્મચારીઓના યુનિયને આપી છે. બેસ્ટ વર્કર્સ યુનિયનના મહામંત્રી શશાંક રાવે આંદોલનની ચેતવણી આપતા કહ્યું હતું કે બેસ્ટ વર્કર્સ યુનિયન સાથે ચર્ચા કર્યા પછી બેસ્ટ કર્મચારીઓ અને વેઈટલીઝ કર્મચારીઓની પડતર માંગણીઓ અંગે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને લેખિત નિવેદન આપ્યું છે, તેમાં કેટલીક માંગણીઓ કરવામાં આવી છે. જો ૧૫ ઑગસ્ટ સુધીમાં કર્મચારીના હિતમાં કોઈ નિણય નહીં લીધો તો આંદોલન સિવાય કોઈ પર્યાય નહીં રહે.

બેસ્ટ કર્મચારીઓએ અનેક માગણીઓ કરી છે, જેમાં મુખ્યત્વે મુંબઈ મહાનગરપાલિકાના બજેટમાં બેસ્ટના બજેટનું વિલીનીકરણ,બેસ્ટ કર્મચારીઓને સાતમા વેતન પંચની ભલામણ અને પાલિકા સમકક્ષ વેતનનો પણ સમાવેશ રહેલા ૨૦૧૬ થી ૨૦૨૧ સુધીના પ્રલંબિત વેતન કરારને તાત્કાલિક કરવો. પહેલી જાન્યુઆરી ૨૦૦૬થી વેતન આયોગની ભલામણ મુજબ કર્મચારીઓના વેતન નક્કી કરીને બેસ્ટ કર્મચારીઓ માટે બાકી રહેલા વેતન કરાર, જેમાં સાતમા પગાર પંચની ભલામણો અને મુંબઈ મહાનગરપાલિકાના સમકક્ષ પગાર ધોરણનો સમાવેશ થાય છે.

### સમલૈંગિક સંબંધની

અહિલ્યાનગર માર્ગ પર મમનોલી ગામની હદમાં જંગલ વિસ્તારમાં ૨૮ જૂને અજાણી વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. કલ્યાણ તાલુકા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને આરોપીઓમાં પકડવા પોલીસ તથા લોકલ ક્રાઇમ બ્રાન્ચની છ ટીમ તૈયાર કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મૃતકની ઓળખ કિશોરચંદ્ર કાર્તિક સાહુ (૪૨) તરીકે થઇ હતી, જે મુરબાડમાં રહેતો હતો અને ત્યાંની ખાનગી કંપનીમાં કામ કરતો હતો. પોલીસે ત્યાર બાદ ઘટનાસ્થળ તેમ જ મૃતક જે કંપનીમાં કામ કરતો હતો ત્યાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ટેક્નિકલ બાબતોને અભ્યાસ કર્યા બાદ પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. આરોપીઓએ પૂછપરછમાં જણાવ્યું હતું કે મૃતક કિશોરચંદ્ર સમલૈંગિક સંબંધની વારંવાર માગણી કરતો હોવાથી કંટાળીને તેને જંગલમાં લઇ જવાયો હતો, જ્યાં તેની હત્યા કરવામાં આવ્યા બાદ તેના દાગીના તેમણે ચોરી લીધા હતા.

### પરેલની ગૉલ્ડ

અનુસાર ફરિયાદીની કંપની દ્વારા ગ્રાહકોનું સોનું ગિરવી મૂકી તેની સામે ગૉલ્ડ લોન આપવામાં આવે છે. આ માટે લોન માટે અરજી કરનારા ગ્રાહકના જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે. લોન સંબંધી પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી ગ્રાહકના બૅન્ક ખાતામાં લોનની રકમ ટ્રાન્સફર કરવામાં આવે છે. આ પ્રક્રિયા સરળ કરવા માટે કંપની દ્વારા લોન મૅનેજમેન્ટ સિસ્ટમ સૉફ્ટવેર 'ઓમ્નીફિન'નો ઉપયોગ કરવામાં આવે છે. લોન સંબંધી આર્થિક વ્યવહાર માટે કંપનીનું ખાતું એક ખાનગી બૅન્કમાં છે, જે બૅન્કની વિશેષ સિસ્ટમ સાથે જોડાયેલું છે. કંપની દ્વારા લોન સંબંધી માહિતી પૂરી પાડવામાં આવ્યા પછી બૅન્કમાંથી સંબંધિત ગ્રાહકના ખાતામાં ઓટોમેટિક રકમ ટ્રાન્સફર કરવાની સુવિધા આ સિસ્ટમમાં છે. આ માટે ઓટીપી કે અલગથી મંજૂરી લેવાની જરૂર નથી. ૧૪ જુલાઈએ કંપનીના અધિકારી દ્વારા આગલા દિવસના આર્થિક વ્યવહારની ચકાસણી અને તાળો મેળવવામાં આવતાં ગરબડ જણાઈ હતી. તપાસ કરતાં લોન મંજૂરી વિના જ નાણાં ટ્રાન્સફર થયાંનું જણાયું હતું. ફરિયાદીએ શંકા વ્યક્ત કરી હતી કે અજાણ્યા હૅકરે કંપનીના સૉફ્ટવેર અને બૅન્કની સિસ્ટમનું એક્સેસ મેળવી આ ઉચાપત કરી હતી. સાયબર પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

### શિક્ષણ નીતિ

જણાવ્યું હતું કે 'કેન્દ્ર સરકાર ઇચ્છતી નથી કે લોકો શિક્ષિત થાય કારણ કે શિક્ષણ સમજણનો વિસ્તાર કરે છે અને વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપે છે. તેથી જ વર્તમાન શાસન યુવાનો શિક્ષિત થાય એ નથી ઈચ્છતું.'

સમગ્ર મહારાષ્ટ્રમાં બંધ પાળવામાં આવશે એવી સ્પષ્ટતા કરી તેમણે લોકોને બંધમાં સહભાગી થવા વિનંતી કરી જણાવ્યું હતું કે તેમણે રાજ્યના કોઈપણ રાજકીય નેતાઓ સાથે પ્રસ્તાવિત બંધ અંગે ચર્ચા કરી નથી. પોલીસે સોમવારે દિલ્હીમાં સીજેપીના સમર્થકોને વિખેરવા માટે પેલેટ ગનનો ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ કરી તેમણે દાવો કર્યો હતો કે આવી કાર્યવાહી સંયુક્ત રાષ્ટ્રના સિદ્ધાંતની વિરુદ્ધ છે. વિદ્યાર્થીઓને મારપીટ કરવામાં આવી હતી અને પોલીસે ક્રૂરતા આચરી હતી. આંબેડકરે એવો પણ દાવો કર્યો હતો કે કેન્દ્ર સરકારની શિક્ષણ પ્રણાલીમાં ભ્રષ્ટાચાર પ્રકાશમાં આવ્યો છે અને કહ્યું કે ૨૩ જુલાઈના રોજ બંધનું આયોજન એના વિરોધમાં કરવામાં આવી રહ્યું છે. સોમવારે સીજેપીના આંદોલન અને સંસદ તરફ કૂચથી દિલ્હી હચમચી ગઈ હતી અને મહારાષ્ટ્રનાં શહેરોમાં તેમના સમર્થનમાં દેખાવો થયા હતા. (પીટીઆઈ)

### મુંબઈમાં સીજેપી

કોલોનીના રહેવાસીઓ દ્વારા કાઢવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું કે રાષ્ટ્રીય રાજધાનીમાં સીજેપીના પ્રદર્શનકારીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીના વિરોધમાં તેઓએ ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે બ્લોક કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, પોલીસે તેમને સમયસર રોકી લેતા બંને પક્ષો વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી અને થોડો સમય તણાવ રહ્યો હતો. પોલીસે વ્યસ્ત માર્ગ પર વાહનવ્યવહાર ખોરવાવા દીધો ન હતો. સોમવારે પણ શહેરના વિવિધ વિસ્તારોમાં આવા પ્રદર્શનો યોજાયા હતા. વિરોધીઓ પર પોલીસે કરેલી કાર્યવાહી બદલ મનસે પ્રમુખ રાજ ઠાકરેએ કેન્દ્રની ટીકા કરી હતી.

એક્સ પર એક પોસ્ટમાં રાજ ઠાકરેએ કહ્યું કે, સરકાર કાયદેસરના વિરોધ પ્રદર્શનોને કચડી નાખવામાં અને તે અન્ય દેશોના વડાઓને બતાવવામાં આનંદ લે છે. તેમણે સવાલ કર્યો કે સરકાર ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને પ્રતિષ્ઠાનો પ્રશ્ન કેમ બનાવી રહી છે? ગઈકાલનો ક્રૂર લાઠીચાર્જ જોતા સરકાર માનસિક રીતે અસ્થિર થઈ ગઈ હોય તેમ લાગે છે. તેમણે ઉમેર્યું કે મણિપુર હિંસા વખતે પણ ભાજપ સરકારે આ જ રીતે તત્કાલીન મુખ્યપ્રધાન એન. બિરેન સિંહનો બચાવ કર્યો હતો. મનસે નેતાએ કહ્યું કે, ઇતિહાસ ચોક્કસપણે યાદ રાખશે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન વિદ્યાર્થીઓના વિરોધને નિર્દયતાથી કચડી નાખવામાં આવ્યો હતો. સંબંધિત ઘટનાક્રમમાં, શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે સીજેપીના સ્થાપક અભિજીત દીપકે અને સોનમ વાંગચુકના સમર્થનમાં વિરોધ પ્રદર્શનો કરવા બદલ મુંબઈમાં વિદ્યાર્થીઓ અને કાર્યકરો સામે એફઆઇઆર નોંધવામાં આવી રહી છે. તેમણે દાવો કર્યો હતો કે પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦ લોકોની અટકાયત કરવામાં આવી છે.

### થાણેમાં આઠ

પડ્યું હતું. આ પૃષ્ઠભૂમિમાં પ્રશાસનને શહેરના તમામ અનધિકૃત હોર્ડિંગ્સ સામે કાર્યવાહી કરવા સૂચના આપી હતી. એ બાદ પાલિકા કમિશનરના નિર્દેશ મુજબ શહેરના તમામ વૉર્ડ સમિતિ વિસ્તારોમાં ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ દરમિયાન પાલિકા પ્રશાસને પરવાનગી વિના જાહેરાતો લગાવનારાઓ સામે પણ કડક કાર્યવાહી કરી હતી. તે મુજબ કુલ પાંચ ફોજદારી કેસ નોંધાયા હતા, જેમાં નૌપાડા-કોપરી વૉર્ડ સમિતિ વિસ્તારમાં બે અને દિવા વૉર્ડ સમિતિ વિસ્તારમાં ત્રણ કેસ નોંધાયા હતા. અનધિકૃત પોસ્ટરો, બેનરો અને ફ્લેક્સ માત્ર શહેરને કદરૂપું જ નથી કરતા પણ રાહદારીઓ અને વાહનચાલકોની સલામતી માટે પણ ખતરો ઉભો કરે છે. ગેરકાયદે રીતે લગાડવામાં આવેલી જાહેરાતોના હૉર્ડિંગ્સ ખાસ કરીને જાહેર સ્થળો, ફ્લાયઓવર, ફૂટઓવર બ્રિજ, ચોક અને મુખ્ય રસ્તાઓ પર લગાવવામાં આવે છે અને અકસ્માતોનું કારણ બની શકે છે. તેથી પાલિકા પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે આવી અનધિકૃત જાહેરાતો સામે સતત કડક કાર્યવાહી કરવામાં આવશે.

## પારસી મરણ

અદી માણેક કાત્રક (ઉં. વ. ૭૭) તા. ૨૦-૭-૨૬ના રોજ ગુજરી ગયા છે. નીના અને માણેક કાત્રકના દીકરા. શિરિનના બ્રધર ઇન લો. જિમી, નાઝનીના ભાઇ. માણેક, કાર્લ, જુઆનના અંકલ. ઉઠમણું: તા. ૨૨-૭-૨૬ના . ઠે. રૂમ. નં. પાંચ, બીજા માળે, બિલ્ડિંગ-૮, કમિશરેટ બિલ્ડિંગ, હ્યુજીસ રોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

થ્રીટી દિન્યાર ગઝદર (ઉં.વ.૮૧) તા. ૨૧-૭-૨૬ના રોજ ગુજરી ગયા છે. તે મરહુમ દીનીયાર ડી. ગઝદરના ધનીયાની. તે મરહુમ અરનાવઝ તથા મરહુમ કેરસી હોમાવઝીરની દીકરી. તે કમલ એફ. મસાલાવાલા, મોનાઝ જે. મલુંના માતાજી. તે ફરહાદ મસાલાવાલા અને જમશેદ મલુંના સાસુ. તે સનોબર માસ્તર, જોતીન હોમાવઝીર તથા મરહુમ ઝીનોબયા ગઝદર તથા રૂમી હોમાવઝીરના બેન. રે. ઠે. ૧૭ એ-૩, રૂસ્તબાગ, સંત સાવતા માર્ગ, ભાયખલા-(ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૩-૭-૨૬ના ૩.૪૦ સાંજે મઝગાંવ પટેલ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ મુલુંડ સ્વ. અમુલખરાય સુંદરજી શેઠના ધર્મપત્ની ભાનુબેન (ઉં. વ. ૮૩) તે કિરણભાઇ તથા સંજયભાઇ તથા વૈશાલીબેન પ્રકાશકુમાર કુંભણવાળાના માતુશ્રી. તે વનીતાબેન, રાજુલબેનના સાસુ. મૈત્રી, ધરા, શ્રેયા, ક્રિશના દાદી. તે સ્વ. પ્રવીણભાઇ, સ્વ. હિંમતભાઇ, મનુભાઇ, સ્વ. બીપીનભાઇ, સ્વ. વસંતબેન, સ્વ. પ્રભાબેન, કાંતાબેન, સ્વ. કૈલાસબેન, હર્ષાબેનના ભાભી. પિયર પક્ષે સ્વ. નગીનદાસ વીરજીભાઇ દોશી સાંવરકુડલાવાળાની દીકરી. સોમવાર, તા. ૨૦-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ દશા જૈન**

બરવાળા (ઘેલાશા) નિવાસી હાલ ઠાકુર્લી, સ્વ. પ્રભાવતી બેન તથા સ્વ. તેજપાલ ધનજી શાહના સુપુત્ર સુનીલ તેજપાલ શાહ (ઉં. વ. ૬૯) તા. ૨૧-૭-૨૬ના મંગળવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રિકાના પતિ. વૈભવ તથા અમીના પિતા. નલીનીબેન હસમુખલાલ, સ્વ. ઉષાબેન ધીરજલાલ, ચંદ્રિકાબેન દિલીપકુમાર, વર્ષાબેન પ્રદીપકુમાર, દીપિકાના ભાઇ. નીરવકુમાર અને અશ્વિનીના સસરા. સાયલા નિવાસી શાંતિલાલ પોપટલાલ શાહના જમાઇ. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળ પીપળવા હાલ (ઘાટકોપર) અતુલ ત્રંબકલાલ બિલખીયા (ઉં. વ. ૬૫) તા. ૨૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેન ત્રંબકલાલ બિલખીયાના પુત્ર. તે દક્ષાબેનના પતિ. જીનલ ગૌરાંગ શાહ, કેશા ઇશાન અગ્રવાલના પિતા. અમૃતલાલ હરગોવિંદદાસ ગોસલિયાના જમાઇ. જયશ્રીબેન, હર્ષાબેન, પારૂલબેન, સ્વ. દીપકભાઇના ભાઇ. ઓહાન, નાઇસા, લિયારાના નાના તા. ૨૩-૭-૨૬ ઠે. ઝવેરબેન પોપટલાલ ઓડિટોરિયમ, સાંજે ૪થી ૬, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેઢીઆના ચંદ્રકાંત પાસડ (ઉં. વ. ૬૧) તા. ૧૯-૭-૨૬ના અવસાન પામેલ છે. મણીબેન પોપટલાલના પુત્ર. મીના ના પતિ. ટીમીર, ચાર્મીના પિતા. લક્ષ્મીચંદ, દીપક, સ્વ. જયંત ના ભાઈ. મણીબેન મુલચંદ ના જમાઈ. પ્રાર્થનાઃ યોગી સભાગૃહ, દાદર. ટા. ૨.૩૦ થી ૪:૦૦.

વડાલાના ભાઈલાલ (બબલાભાઈ) દામજી ગાલા (ઉં. વ. ૭૫) તા. ૧૯-૭-૨૬ના અવસાન પામ્યા છે. સુંદરબેન દામજી લાલજીના સુપુત્ર. જાદવજીભાઈ, ચિમનભાઈ, લાખાપરના લક્ષ્મીબેન પ્રેમજી દેવજી, નાની તુંબડીના તારાબેન માવજી શામજીના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : હિરેન ચિમનલાલ ગાલા : ૧૨ - ગોલ્ડ મિષ્ટ, વાકોલા પાઈપ લાઈન, સાંતાક્રુઝ (ઈસ્ટ).

**વિજાપુર સત્તાવીશ વિશા શ્રીમાળી જૈન**

વિજાપુર નિવાસી હાલ કાંદિવલી, પ્રવિણચંદ્ર પોપટલાલ શાહ (ઉં. વ. ૮૧) તે સ્વ. માણેકબેન પોપટલાલ પુંજારામના પુત્ર. દીનાબેનના પતિ. ચિંતન, ઉર્વી, જપેનના પિતા. બીના, પ્રદીપકુમાર , શીતલના સસરા. લોદ્રા નિવાસી સ્વ. છનાલાલ અમથાલાલ શાહના જમાઈ. મંગળવાર ૨૧/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૨/૭/૨૬ના સાંજે ૭.૩૦ થી ૯. ઠાકુર ઇન્ટરનેશનલ સ્કૂલ, સાતમે માળે, સી એસ રોડ, એમ જી રોડની સામે, કાંદિવલી વેસ્ટ.

## મુસ્લિમ મરણ

**મુસ્લિમ**

રફીકાબેન શબ્બીરભાઈ જોડીયાવાળા, (ઉં.વ.૭૨) તે મુ. તાહેરઅલી નૂરભાઈ ચૌહાણના દીકરી. શબ્બીરભાઈ ગુલામહુસૈન જોડીયાવાળાના બૈરો. બુરહાનભાઈ, તસ્નીમબેન (ભાવનગર), ફરીદાબેન (રાજકોટ), લુબૈનાબેન (રાજકોટ)ના માતા, મુસ્તફાભાઈ બેહરીનવાલા, ફીરોજભાઈ ભારમલ, મુસ્તફાભાઈ ભારમલ, બતુલબેન બુરહાનભાઈના સાસુ તા. ૨૧ જુલાઈ ૨૦૨૬ ને મંગળવારના રાજકોટ મુકામે વફાત પામેલ છે. મરહુમાની જીયારત (કુરાનખ્વાની) તા. ૨૩ જુલાઈ ને ગુરુવારના રોજ બપોરે જોહર-અસરની નમાઝ બાદ ૧.૩૦ કલાકે સૈફી કોલોની મવાઈદ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

કચ્છ નાગ્રેચાના નારાયણજી માધવજી ઠક્કર (બડીયા)ના ધર્મપત્ની જયાલક્ષ્મી (ઉં.વ. ૮૭) તા. ૧૯-૭-૨૬ના મુલુંડ મધ્યે રામશરણ પામેલ છે. તે કચ્છ નખત્રાણાના સ્વ. મણીબેન હરીરામ કોઠારીના પુત્રી. શશાંક, સૌ. વંદના દિલીપ કોઠારી, ગં. સ્વ. કલ્પના કેતન ચંદન, સૌ. અર્ચના કિરીટ ધીરાવાણી અને અન્નપૂર્ણા ઠક્કરના માતુશ્રી. સૌ. નંદાના સાસુમા. સૌ. પલ્લવી કાર્તિક અને પ્રતિકના દાદીમા. સૌ. ગોપીના મોટા સાસુમા. પ્રાર્થના તા. ૨૨-૭-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. એટર્નીયા હોલ, કાલીદાસ કોમ્પ્લેકસ, બીજે માળે, પી. કે. રોડ, મુલુંડ - ૪૦૦૦૮૦

**વાલમ બ્રાહ્મણ ધંધુકા**

સ્વ. યોગેશભાઇ જયંતીલાલ જોશી (ઉં.વ.૬૮) મૂળ બોડીયા-નાગનેશ નિવાસી હાલ બોરીવલી તે સ્વ. જયંતીલાલ જોશી અને સ્વ. રમાગૌરી જયંતીલાલ જોશીના સુપુત્ર. તે કિર્તીબેન જોશીના પતિ. તે વૈભવના પિતાશ્રી. તે રમેશભાઇ જયંતીલાલ જોશી, દેવ્યાનીબેન હેમેન્દ્રભાઇ જોશી અને ચારુબેન જતીનભાઇ વ્યાસના ભાઇ રવિવાર, તા. ૧૯-૭-૨૬ના અક્ષરનિવાસી થયેલ છે. તેમનું ટેલિફોનિક બેસણું ગુરુવાર તા. ૨૩-૭-૨૬ સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

સ્વ. ચંદ્રિકા સૂર્યકાન્ત મહેતા (ઉં. વ. ૭૩) તે વળાવડ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. અંજવાળીબેન કાંતિલાલ મહેતાના પુત્રવધૂ. પ્રજ્ઞા પ્રવીણભાઈ મહેતાના દેરાણી, ફાલ્ગુની હર્ષલ વ્યાસ તથા દીપ્તિ મિતેષ શાહના માતુશ્રી. જેસરના સ્વ. ઈચ્છાબેન ભુપતરાય ભટ્ટના દીકરી. સ્વ. પદમાબેન તન્ના, પ્રફુલભાઇ, સ્વ ભરતભાઈ, સ્વ. ધિતીશભાઈ ગં.સ્વ. સંગીતા નરેન્દ્રકુમાર પંડ્યાના બહેન. ૨૦/૭/૨૬ના સ્વર્ગવાસી થયેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૭૦૨, પુષ્પ એનક્લિવસ, કાંદિવલી ફાયર બ્રિગેડ પાછળ, કમલા નહેરુ રોડ ૧, કાંદિવલી વેસ્ટ.

**માધવપુર ગિરીનારાયણ બ્રાહ્મણ**

નીના હર્ષદભાઈ કાપડિયા (ઉં. વ. ૭૨) ૧૭/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે હર્ષદભાઈ ભાનુભાઇ કાપડિયાના ધર્મપત્ની, પૌલોમી તથા સ્મિતના માતુશ્રી. નિનાદ પંડિતના સાસુ. મહેશ્વરી સુધીરભાઈ કાપડિયાના દેરાણી, સ્વ. પંકજભાઈ, પ્રદીપભાઈ, યતીન મણિકાંત વ્યાસ, રેણુકા શાહના બહેન. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૩/૭/૨૬ના, ૪ થી ૬. માધવ હોલ, એમ. જી. રોડ બોરીવલી ઈસ્ટ.

**બ્રાહ્મણ**

મૂળ વતન વાલમ, વિસનગર હાલ મુંબઈ, કૌશિકકુમાર પ્રવીણશંકર દવે (ઉં. વ. ૬૪) તા. ૨૦ જુલાઈ,૨૬ના દિવસે દેવલોક પામ્યા છે. તે સ્વ. પ્રવીણશંકર કુશલીરામ દવે તથા સ્વ. મનોરમાબેન પ્રવીણશંકર દવેના સુપુત્ર ચિત્તરંજન પી. દવે અને નલિન પી. દવેના ભાઈ.

**જનોડ એકડા વિશા ખડાયતા**

ઘાટકોપર નિવાસી, નરેન્દ્ર વિષ્ણુપ્રસાદ પરીખનાં ધર્મપત્ની કુંજબાળાબેન (ઉં. વ. ૬૯) ૧૧-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. હાર્દિક તથા પંક્તિ ગૌરવ કુમાર શાહનાં માતુશ્રી. માન્યાનાં દાદી. શિખા ક્રિશિવનાં નાની. મીનાક્ષી ભૂપેન્દ્રનાં ભાભી. સ્વ. કાંતિલાલ સોમાલાલ શાહ બોરીવલીનાં સુપુત્રી. પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, ૨૩-૭-૨૬ના રોજ ૧૦ થી ૧૧. તથા સરવણી ૧૧:૩૦ વાગે. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. લીલાક હોલ, જોલી જિમખાના, ઘાટકોપર વેસ્ટ.

**વેદાંત બ્રાહ્મણ સમાજ**

મૂળ ગામ નાનીખાખર (કચ્છ), હાલે બદલાપુર નિવાસી પુષ્પાબેન ચંદ્રકાંત વેદાંત (ઉં. વ. ૭૪) તા. ૧૯-૦૭-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. ચંદ્રકાંત હરિદાસ વેદાંતના ધર્મપત્ની. અમૃતબેન ઠાકરશી વેદાંતના પુત્રી. ચૈનેશ અને ચેતનના માતુશ્રી. દિપ્તિબેન અને આનંદાબેનના સાસુમાં. દેવાંશી અને પ્રિયાંશીના દાદીમાં, ચંચલબેન અને રંજનબેનના બેન. પ્રાથનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**વાલમ બ્રાહ્મણ**

સ્વ. વિનોદચંદ્ર છોટાલાલ વ્યાસ (ઉં. વ. ૭૫) તે જયશ્રીબેનના પતિ. મિલનભાઈ, આરતીબેન તથા હેતલબેનના પિતા. સ્વ. નિર્મળાબેન વાસુદેવભાઇ પુરોહિત, સ્વ. લીલાવંતીબેન અમૃતલાલ પંડ્યા, શકુંતલાબેન અનંતરાય ઉપાધ્યાય, નવીનચંદ્ર છોટાલાલ વ્યાસના ભાઈ. વિધિબેન મિલનભાઈ વ્યાસ, નિલેશભાઈ શેઠ તથા કલ્પેશભાઈ દવેના સસરા. અરવિંદભાઈ વ્યાસના વેવાઈ તા. ૧૯-૭-૨૬ રવિવારના અવસાન થયું છે. પ્રાથનાસભા તા. ૨૩-૭-૨૬, ગુરુવાર. સાંજે ૪ થી ૬. કેવલમ કિંગડમ, ૨૦૧/ કેસ્ટલ વિંગ, ગાંધી સોસાયટી, માધાપર સર્કલ પાસે, રાજકોટ.

**ઘોઘારી લોહાણા**

અરવિંદભાઈ હરિશ્ચંદ્રભાઈ તન્ના (ઠક્કર) (ઉં. વ. ૭૬) નાસિક હાલ મુંબઈ નિવાસી, તે સ્વ. જસુમતીબેન હરિશ્ચંદ્ર જગજીવનદાસ તન્નાના સુપુત્ર, સ્વ. નલિનીબેનના પતિ. ચિંતન અને જિગરના પિતા. સ્વ. કિશોરભાઈ તથા પ્રકાશભાઈના ભાઈ. સ્વ. સુમનબેન હસમુખ અઢિયા તથા જયશ્રીબેન રમેશ રાજપોપટના ભાઈ. સ્વ. મંગળાબેન દામોદરદાસ સીરોદરીયાના જમાઈ સોમવાર તા. ૨૦/૭/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૩/૭/૨૬ના સાંજે ૪ થી ૫.૩૦. આર. પી. વિદ્યાલય, પંચવટી, નાસિક.

**હાલાઈ લોહાણા**

મૂળ જામનગર, હાલ મલાડ, ગં.સ્વ. ભાવનાબેન હરેશ ગણાત્રા તા. ૧૯/૦૭/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હરેશભાઈ લક્ષ્મીદાસ ગણાત્રાના ધર્મપત્ની. વિઠ્ઠલદાસ જીવણદાસ વેદના દીકરી. નિકી તથા અમ્રીતના માતુશ્રી. નમ્રતા તથા જ્યોતિના સાસુ. દિશા, બેકી, હેરી તથા બોબીના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૩/૦૭/૨૬ના સાંજે ૪.૩૦ થી ૬. સ્થળઃ શ્રી કડિયા વાડી મહાજન ટ્રસ્ટ, પહેલે માળે, મામલતદારવાડી રોડ નં. ૩, મલાડ વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઈન્ટરવલ



feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

નિલેશ વાઘેલા

# ગોલ્ડ મોનેટાઇઝેશનઃ સરકારનું સોનેરી મિશન

**કેન્દ્ર સરકાર લોકોના ઘરમાં પડેલા અંદાજે ૩૦,૦૦૦થી ૩૫,૦૦૦ ટન નિષ્ક્રિય સોનાને એકત્ર કરવા માટે ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ (જીએમએસ)ના સુધારેલા સંસ્કરણનું મૂલ્યાંકન કરી રહી છે. નવા માળખાથી સ્થાનિક ઝવેરીઓને પ્રથમ વખત સંગ્રહ અને પ્રક્રિયા ભાગીદાર તરીકે કાર્ય કરવાની મંજૂરી મળવાની અપેક્ષા છે.**

**આંતરરાષ્ટ્રીય** સ્તરે પાછલા કેટલાક વર્ષોથી જે મિસાઇલ અને મની વોર ચાલી રહી છે અને અટકવાનું નામ નથી લેતી, તેને કારણે દુનિયાનું ધ્યાન ફરીથી સેફ હેવન એસેટ તરફ મંડાયું છે. ચીન જેવા વિકરાળ અજગર જેવા દેશથી માંડીને ભારત સહિતના અનેક દેશની સેન્ટ્રલ બૅન્ક પણ સોનું ખરીદવાની હોડ લગાવી ચૂકી છે. ટૂંકમાં દેશના અર્થતંત્રને રક્ષણ આપવા માટે સરકારોને લાગે છે કે સોનું આપણી પાસે હોવું અનિવાર્ય છે.

અલબત્ત વિવિધ દેશના ગોલ્ડ રશ પાછળ ડોલરના મૂલ્ય રકાસ સહિતના અન્ય અનેક કારણો પણ છે, જોકે, આપણે સરકારના સોનેરી મિશન ગોલ્ડ મોનેટાઇઝેશન એટલે કે સોનાના ચલણમાં રૂપાંતરણની વાત માંડવી છે. સરકાર ટૂંક સમયમાં નવી ગોલ્ડ મોનેટાઇઝેશન યોજના લાવવાની તૈયારીમાં છે.

ઉદ્યોગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર તહેવારોની મોસમ પહેલા સુધારેલી યોજના શરૂ કરવા આતુર છે, કારણ કે સોનાના ઊંચા ભાવ અને ઊંચી આયાત જકાતને કારણે ઝવેરાતની માંગમાં ઘટાડો થઈ રહ્યો છે અને દેશના આયાત બિલ પર દબાણ વધી રહ્યું છે.

વેપાર સૂત્રોના જણાવ્યા અનુસાર, સુધારેલી ગોલ્ડ મોનેટાઇઝેશન યોજના ઓગસ્ટમાં રજૂ થવાની શક્યતા છે. બુલિયન ઉદ્યોગે નિષ્ક્રિય ઘરગથ્થુ સોનાને ખોલવા માટે સરકારને ઘણી ભલામણો સબમિટ કરી છે.

સોનાની આયાતને કારણે વેપાર ખાધ વધે છે અને સાથે ડોલરના ખર્ચને કારણે રૂપિયાના મૂલ્યને પણ ઘસારો લાગે છે. આ સમસ્યાના એક ઉપાયરૂપે સરકાર ટૂંક સમયમાં નવી ગોલ્ડ મોનેટાઇઝેશન યોજના રજૂ કરી શકે છે જેનો હેતુ ડોમેસ્ટિક ગોલ્ડને ઔપચારિક અર્થતંત્રમાં લાવવા અને સોનાની આયાત પર ભારતની નિર્ભરતા ઘટાડવાનો છે.

સરકાર અગાઉ પણ આવી યોજના લાવી ચૂકી છે, જેની વાત આપણે આગળ કરીશું. સરકારને નવી યોજનામાં ૧,૦૦૦ ટનથી વધુ સોનું આકર્ષિત થવાની અપેક્ષા છે, જે ૨૦૧૫માં શરૂ કરાયેલા અગાઉની યોજના કરતા નોંધપાત્ર મોટો આંકડો છે. નવી યોજનામાં સૌથી નવી બાબત એ છે કે, તેમાં ઝવેરીઓ મોટી ભૂમિકા ભજવી શકે છે.

પ્રસ્તાવિત યોજના હેઠળ સરકાર સૌથી મોટા ફેરફારોમાંના એક ફેરફાર અંતર્ગત ઝવેરીઓને કલેક્શન પાર્ટનર્સ તરીકે સામેલ કરવાનો ઇરાદો ધરાવે છે. અગાઉની ગોલ્ડ મોનેટાઇઝેશન યોજના હેઠળ, ફક્ત બૅન્કોને ઘરોમાંથી સોનાની થાપણો સ્વીકારવાની મંજૂરી આપવામાં આવી હતી.

નવા માળખામાં દેશભરના ઝવેરીઓને ગ્રાહકો પાસેથી સીધા સોનાની થાપણો એકત્રિત કરવાની અને તેને સિસ્ટમમાં ટ્રાન્સફર કરવાની મંજૂરી મળી શકે છે. બુલિયન બજારના સાધનો અનુસાર ઝવેરીઓ આ યોજનામાં ભાગીદારી વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**• યોજનાનો એક મુખ્ય ઉદ્દેશ આયાત ઘટાડો**

ભારત સોનાના વિશ્વના સૌથી મોટા ગ્રાહકોમાંનો એક છે અને તેની વાર્ષિક માગનો મોટો હિસ્સો આયાત આધારિત હોય છે. નીતિ ઘડવૈયાઓ માને છે કે ભારતીય ઘરોમાં નિષ્ક્રિય પડી રહેલા સોનાના નાના હિસ્સાને પણ એકત્રિત કરવાથી આયાત નિર્ભરતામાં ઘટાડો થઈ શકે છે અને દેશના એક્સટર્નલ બેલેન્સમાં સુધારો થઈ શકે છે.

ઉદ્યોગના અંદાજો સૂચવે છે કે જો ડોમેસ્ટિક ગોલ્ડનો માત્ર પાંચ ટકા હિસ્સો પણ મુદ્રીકૃત કરવામાં આવે, તો તે અર્થતંત્ર માટે લગભગ ૯૦ બિલિયન ડોલરની પ્રવાહિતા માટે માર્ગ ખોલી શકે છે. હવે જોવાનું એ રહે છે કે આમાં ઝવેરીઓ કઇ રીતે મદદરૂપ બની શકે છે! એક રીતે આ બાબત કદાચ ઝવેરીઓના હિત વિરૂદ્ધ તો નથી?

**• વડા પ્રધાને તાજેતરમાં લોકોને સોનું ખરીદવાનું ટાળવા વિનંતી કરી હતી**

સરકાર સોનામાં આયાતથી થનારા નુકસાનથી વાકેફ છે અને આયાત ઘટાડવા ઘણાં વખતથી પ્રયત્ન કરી રહી છે. નોંધવું રહ્યું હતું કે આ જ કારણસર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં નાગરિકોને એક વર્ષ માટે સોનું ખરીદવાનું ટાળવા વિનંતી કરી હતી કારણ કે સરકાર આયાતને રોકવા અને સ્થાનિક નાણાકીય બચત સુધારવાના માર્ગો શોધી રહી છે.

ભારતમાં, પરિવારો પરંપરાગત રીતે માત્ર ઘરેણાં તરીકે જ નહીં પરંતુ નાણાકીય સુરક્ષા અને લાંબા ગાળાના રોકાણના સ્વરૂપ તરીકે પણ સોનું ખરીદતા રહ્યા છે. જો કે, ખરીદી પછી આ સોનું મોટેભાગે તિજોરી કે લોકરમાં પડી રહે છે અને તેનો મોટો ભાગ બિનઉપયોગી જ રહે છે.

આ સોનાના સંગ્રહ માટે ક્યારેક ખર્ચ પણ કરવો પડે છે, જેમ કે લોકરનું ભાડું! સોના સાથે સુરક્ષાનો પ્રશ્ન પણ સતત સંકળાયેલો રહે છે. આ કારણો જોતાં અધિકારીઓ માને છે કે સુધારેલ ગોલ્ડ મુદ્રીકરણ યોજના ઘરોને આ નિષ્ક્રિય સંપત્તિઓને ઉત્પાદક ઉપયોગ માટે કરવા પ્રોત્સાહિત કરી શકે છે.

સરકારે સોનાની આયાત ઘટાડવા અને ચાલુ ખાતાની ખાધ ઘટાડવા માટે આ અગાઉ દસેક વર્ષ પહેલા વર્ષ ૨૦૧૫માં મૂળ સુવર્ણ મુદ્રીકરણ યોજના શરૂ કરી હતી. આ યોજનાથી પરિવારો બેંકોમાં ભૌતિક સોનું જમા કરાવી શકે છે અને વાર્ષિક ૨.૨૫ ટકાથી ૨.૫૦ ટકા વ્યાજ મેળવી શકે છે. પરિપક્વતા સમયે, રોકાણકારો ભૌતિક સોનું અથવા તેમની થાપણના મૂલ્યની સમકક્ષ રોકડ મેળવવાનું પસંદ કરી શકે છે.

**• ૨૦૧૫ની ગોલ્ડ મુદ્રીકરણ યોજના કેમ નિષ્ફળ રહી?**

ઉમદા ઉદ્દેશ અને સારા કારણો હોવા છતાં, આ કાર્યક્રમે એક દાયકામાં માત્ર ૩૯ ટન સોનું આકર્ષ્યું, જે અપેક્ષાઓ કરતાં ઘણું ઓછું હતું. પહેલાની યોજના નિષ્ફળ જવાના કારણોમાં ઉદ્યોગ નિષ્ણાતો માને છે કે અગાઉના ગોલ્ડ મોનેટાઇઝેશન કાર્યક્રમમાં ઘણી માળખાકીય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.

આ યોજના ચલાવવાનો મુખ્ય આધાર બૅન્કિંગ સિસ્ટમને માથે હતો, જોકે બેંકોને આ યોજનાને સક્રિય રીતે આગળ વધારવા માટે બહુ ઓછું પ્રોત્સાહન મળ્યું હતું, જ્યારે સરકારે સમય જતાં વ્યાજ ચુકવણી અને સોનાના ભાવમાં વધારો બંને સહન કરવા પડ્યા હતા.

બજાર નિષ્ણાતોના મતે, આ યોજના સંપૂર્ણપણે હેજ કરવામાં આવી નહોતી, એટલે કે રોકાણકારો તેમની થાપણો પાછી ખેંચે તે પહેલાં જ્યારે પણ સોનાના ભાવમાં વધારો થયો ત્યારે સરકારે નુકસાન સહન કરવું પડ્યું હતું. આને પરિણામે, આ કાર્યક્રમ સરકાર માટે આર્થિક રીતે મોંઘો બન્યો અને મોટી ભાગીદારી આકર્ષવામાં નિષ્ફળ ગયો.

**• નવી યોજના શું બદલી શકે છે?**

પ્રસ્તાવિત ફેરફારોનો ઉદ્દેશ્ય ઝવેરીઓને સીધા સંગ્રહ પ્રક્રિયામાં સામેલ કરીને કાર્યક્રમને વધુ આકર્ષક અને સુલભ બનાવવાનો છે. જો સફળ થાય, તો સુધારેલી યોજના ભારતની આયાતી સોના પરની નિર્ભરતા ઘટાડી શકે છે, અર્થતંત્રમાં પ્રવાહિતા સુધારી શકે છે અને દેશના અંદાજિત ૨૫,૦૦૦ ટનથી ૩૫,૦૦૦ ટન જેટલો ડોમેસ્ટિક ગોલ્ડનો એક ભાગ રચનાત્મક ઉપયોગમાં મુકાઇ શકે છે. ■

feedback@bombaysamachar.com

પ્રાસંગિક

અમૂલ દવે

## ઈરાન-અમેરિકા સંઘર્ષઃ મધ્ય-પૂર્વમાં વધતા તણાવની વૈશ્વિક અસર સર્જશે ભવિષ્યના પડકાર



મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચેનો લાંબા સમયથી ચાલી રહેલો તણાવ હવે એક અત્યંત ગંભીર અને વ્યાપક સંઘર્ષનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. જુલાઈ ૨૦૨૬માં ઈરાની મિસાઈલ હુમલાઓમાં અમેરિકી સૈનિકોના મોતના અહેવાલો સામે આવ્યા બાદ આ સમગ્ર વિસ્તારમાં વિસ્ફોટક વાતાવરણ સર્જાયું છે. જોર્ડનમાં આવેલા મુવાફ્ફક અલ સલ્તી એરબેઝ પર થયેલા એક વ્યૂહાત્મક મિસાઈલ હુમલામાં કેટલાક અમેરિકન સૈનિકોનાં મોત અને અન્ય કેટલાક સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. લશ્કરી અહેવાલો અનુસાર, આ ચોક્કસ હુમલામાં ઈરાનની અત્યાધુનિક ‘સેજિજલ’ મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેને તેના ખાસ લક્ષણોના કારણે ‘ડાન્સિંગ મિસાઈલ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મિસાઈલની મુખ્ય વિશેષતા એ છે કે તે હવાઈ માર્ગની મધ્યમાં પોતાની દિશા બદલીને દુશ્મન દેશની એર ડિફેન્સ સિસ્ટમને ચકમા આપીને લક્ષ્ય પર ચોક્કસ પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. આ અભૂતપૂર્વ ઘટનાએ અમેરિકા અને તેના પ્રાદેશિક સહયોગી દેશોને વધુ સખત લશ્કરી કાર્યવાહી કરવા માટે મજબૂર કર્યા છે.

ઈરાનના આ આક્રમક પ્રહારના વળતા જવાબરૂપે, અમેરિકાએ ઈરાનની ભૂમિ પર આવેલા અનેક મહત્ત્વનાં લક્ષ્યો પર તીવ્ર જવાબી હુમલા શરૂ કર્યા છે. આ લશ્કરી કાર્યવાહીમાં મુખ્યત્વે ઈરાનની મિસાઈલ લોન્ચિંગ સાઈટ્સ, શસ્ત્રાગારો અને નૌસેના સંબંધિત સંવેદનશીલ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યાં છે. અમેરિકી સૈન્ય અને સરકારી અધિકારીઓએ આ સમગ્ર ઓપરેશનને પોતાના સૈનિકોના રક્ષણ માટેનું સંરક્ષણાત્મક અને પ્રતિકારી પગલું ગણાવ્યું છે. જોકે, કેટલાક બિન-સરકારી અહેવાલો અને સ્થાનિક દાવાઓ અનુસાર, બંદર અબ્બાસ જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારી સંબંધિત અને નાગરિક માળખાકીય સુવિધાઓને પણ આડકતરી અસર પહોંચી છે, પરંતુ અમેરિકી સંરક્ષણ વિભાગ તરફથી આ તમામ દાવાઓને ફગાવીને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તેમના દ્વારા કરવામાં આવેલા તમામ પ્રહારો માત્ર ને માત્ર સૈન્ય લક્ષ્યો પૂરતા જ સીમિત હતા. અમેરિકી પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે પોતાના સત્તાવાર નિવેદનમાં આ પ્રહારોને શહીદ થયેલા અમેરિકી સૈનિકોના માન-સન્માન માટે અને સમગ્ર મધ્ય પૂર્વ વિસ્તારમાં લાંબા ગાળાની સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે અનિવાર્ય ગણાવ્યા છે. બીજી તરફ, ઈરાને પણ આ હુમલાઓની આકરા શબ્દોમાં નિંદા કરીને અમેરિકા સામે વધુ વિનાશક પ્રતિસાદ આપવાની અને વળતા પ્રહારો કરવાની ખુલ્લી ધમકી આપી છે.

તણાવની આ ચરમસીમા વચ્ચે ઈરાને ગલ્ફ ક્ષેત્રમાં સ્થિત ડોનલ્ડ ટ્રમ્પ સાથે સંકળાયેલી વ્યાપારી અને ખાનગી મિલકતોને પોતાના લક્ષ્ય બનાવવાની ચીમકી આપીને વિવાદને વધુ વ્યાપક બનાવી દીધો છે. દુબઈ, રિયાધ અને અન્ય મુખ્ય એશિયાઈ તથા મધ્ય-પૂર્વીય શહેરોમાં આવેલી ટ્રમ્પ બ્રાન્ડેડ આલીશાન હોટલ, ટાવર્સ અને ગોલ્ફ ક્લબ અને સંભવિત ટાર્ગેટ તરીકે દર્શાવવામાં આવ્યા છે. જોકે આ ધમકીઓ મુખ્યત્વે અનધિકૃત અહેવાલો પર આધારિત છે, પરંતુ તેણે પ્રદેશમાં પહેલેથી જ પ્રવર્તતી અસ્થિરતા અને ભયના વાતાવરણમાં વધારો કર્યો છે. આ તરફ, અમેરિકાએ પોતાના તમામ સહયોગી દેશો અને સંપત્તિઓની સુરક્ષા માટે આક્રમક તૈયારીઓ આરંભી દીધી છે. જોર્ડન જેવા દેશો, જે અમેરિકાના મહત્ત્વના સહયોગી તરીકે વર્તે છે, તેમને પણ ઈરાને પોતાના નિશાન પર લીધા છે, જોકે જોર્ડનની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ આવી મિસાઈલોને આકાશમાં જ અટકાવવાના નિષ્ફળ કે સફળ પ્રયાસો કર્યા છે.

જોર્ડન અને અન્ય ગલ્ફ દેશો આ ક્ષેત્રમાં અમેરિકાના રક્ષણાત્મક ભાગીદાર તરીકે ઊભરી આવ્યા છે. આ દેશોમાં સ્થિત અમેરિકી લશ્કરી મથકોને ઈરાન પોતાના માટે સીધો ખતરો માને છે અને તેથી આ વિસ્તારો પર હુમલા કરીને સમગ્ર પ્રદેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકા આ હુમલાઓનો આકરો જવાબ આપવા માટે મોટા પાયે લશ્કરી તૈયારીઓ કરી રહ્યું છે, પરંતુ આંતરરાષ્ટ્રીય દબાણ, યહૂદી લોબી અને ઇઝરાયેલ સાથેના સંબંધો પર થતી ચર્ચા વચ્ચે તેણે પોતાના આંતરિક જનમતને સાચવવાની પણ કવાયત કરવી પડી રહી છે. અમેરિકી સરકારે વારંવાર ભારપૂર્વક કહ્યું છે કે તેની તમામ કાર્યવાહી માત્ર અને માત્ર પોતાના રાષ્ટ્રીય હિતો અને સૈનિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જ છે.

દરમિયાન, આ તીવ્ર લશ્કરી સંઘર્ષની અત્યંત વિપરીત અસર વૈશ્વિક અર્થતંત્ર પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં સટોડિયા વધારો થયો છે અને અમેરિકાના સ્થાનિક બજારમાં પણ પેટ્રોલ-ડીઝલના ભાવ ચાર ડોલર પ્રતિ ગેલનની સપાટી વટાવી ગયા છે. વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ વેપાર માર્ગ ગણાતા ‘સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’માં તેલનાં ટેન્કરો અને શિપિંગ પરના હુમલાના જોખમને કારણે આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર ગંભીર રીતે ખોરવાયો છે. જોકે, પડદા પાછળ કતાર અને અન્ય મધ્યસ્થ દેશો દ્વારા ઈરાન અને અમેરિકા વચ્ચે વાટાઘાટો અને યુદ્ધવિરામ કરાવવાના પ્રયાસો સતત ચાલુ છે, પરંતુ ઈરાનના આકરા વલણને કારણે અત્યાર સુધી આ મધ્યસ્થતામાં કોઈ નોંધપાત્ર સફળતા મળી નથી.

યુદ્ધના આ ભયાનક માહોલમાં સૌથી મોટો ભોગ નિર્દોષ નાગરિકો બની રહ્યા છે. ઈરાનનાં અનેક શહેરો અને રિયાઇશી વિસ્તારોમાં ભારે ભૌતિક નુકસાન થયું છે, જેનાથી સામાન્ય લોકોનું જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અમેરિકા તરફથી નાગરિક મિલકતો અને નિર્દોષ લોકોને નુકસાન ન થાય તેવા દાવાઓ કરવામાં આવી રહ્યા છે. ટ્રમ્પે પણ સૈન્યને સંયમ વર્તવાના નિર્દેશો આપ્યા હોવાનું કહેવાય છે, પરંતુ યુદ્ધના મેદાનમાં અણધારી અસરો ટાળવી અશક્ય બની રહી છે. હાલમાં સમગ્ર આંતરરાષ્ટ્રીય સમુદાય, સંયુક્ત રાષ્ટ્ર અને શાંતિપ્રિય દેશો બંને પક્ષોને તાત્કાલિક અસરથી યુદ્ધવિરામ જાહેર કરવા અને કૂટનીતિક ટેબલ પર આવીને સમસ્યાનો ઉકેલ લાવવા માટે અપીલ કરી રહ્યા છે, જેથી વધુ માનવીય-આર્થિક વિનાશને રોકી શકાય. ■




feedback@bombaysamachar.com

પ્રફુલ શાહ

## એકેય મોટા નેતા તેલગીના કૌભાંડમાં દોષિત ઠર્યા નહોતા!

નકલી સ્ટેમ્પ પેપર કૌભાંડના ખાટલામાં મુખ્ય આરોપી અબ્દુલ કરીમ તેલગીને દોષિત ઠેરવીને સજા થઈ એ બરાબર છતાં આ મામલાની ઘણી હકિકત વિચારતા કરી મૂકે એવી છે.

છેક ૧૯૯૧-૯૨થી તેલગીએ નકલી સ્ટેમ્પ પેપરનું નેટવર્ક ઊભું કરવાનું શરૂ કર્યું અને ૧૯૯૫-૨૦૦૦માં દેશના અનેક રાજ્યોમાં નકલી સ્ટેમ્પ પેપરનું વેચાણ મોટા પાયે ફેલાયું. છતાં કેમ કોઇને ક્યાય ગંધ ન આવી? કુછ તો ગરબડ હૈ.

આખરે ૨૦૦૧માં કર્ણાટક પોલીસે તેલગીની ધરપકડ કરી. મહારાષ્ટ્રમાં એનો કાળો કારોબાર જોરદાર ચાલતો હતો તો કાર્યદક્ષતામાં સ્કોટલેન્ડ પોલીસની સમકક્ષ મનાતી મુંબઈ પોલીસને કેમ ગંધ સુધ્ધાં નહિ આવી હોય? એ તો પછી તપાસમાં ઘટસ્ફોટ થયો અને એનો વ્યાપ મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યો સુધી વિસ્તર્યો, નહિતર ઘણાના મુખવટા હટ્યા ન હોત.

૨૦૦૩માં તપાસ માટે વિશેષ તપાસ ટીમ અને અન્ય એજન્સીઓ સક્રિય થઈ. તેલગી કૌભાંડમાં કુલ મળીને અંદાજે ૧૫૦થી વધુ લોકો સામે કેસ નોંધાયા અને ૧૦૦થી વધુ જણની ધરપકડ કરવામાં આવી હતી. જોકે, તમામ આરોપીઓ દોષિત ઠર્યા નહોતા; ઘણા કેસોમાં પુરાવા, અપીલો અથવા અન્ય કાનૂની કારણોસર પરિણામો અલગ રહ્યા. પરંતુ બરાબરનો ભીંસમાં આવવાથી નાછુટકે ૨૦૦૬- ૨૦૦૭માં તેલગીએ અદાલતમાં ગુનો કબૂલ કર્યો. તેને ૩૦ વર્ષની સજા અને ₹૨૦૦ કરોડથી વધુનો દંડ ફટકારાયો.

૨૦૦૭-૨૦૧૭ વચ્ચે તેલગીકાંડના વિવિધ કેસોમાં પોલીસ અધિકારીઓ, સરકારી કર્મચારીઓ અને સહયોગીઓ સામે ચુકાદા આવ્યા હતા. ૨૦૧૭માં બેંગલુરુની જેલમાં તેલગીનું અવસાન થયું. નકલી સ્ટેમ્પ પેપર કૌભાંડમાં દોષિત મુખ્ય આરોપી અબ્દુલ કરીમ તેલગી ઉપરાંત તેને મદદ કરવા બદલ પોલીસ ઓફિસર પ્રદીપ સાવંતને પણ અદાલતે તકસીરવાર ઠેરવ્યા હતા. સ્ટેમ્પ અને રજિસ્ટ્રેશન વિભાગના અનેક અધિકારીઓને પણ વિવિધ કેસોમાં ગુનેગાર જાહેર કરવામાં ઠેરવવામાં આવ્યા હતા. મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક પોલીસ અધિકારીઓને પણ પુરાવાના આધારે સજા થઈ હતી.

કૌભાંડની તપાસ દરમિયાન કેટલાક વરિષ્ઠ અધિકારીઓના નામ ચર્ચામાં આવ્યા હતા, પરંતુ મોટા આઇ.એ.એસ. કે અથવા આઇ.પી.એસ. અધિકારીઓને તેલગી કૌભાંડમાં અદાલતે દોષિત જાહેર કર્યા નહોતા.



અબ્દુલ કરીમ તેલગી


આ મામલાની તપાસ અને મીડિયા અહેવાલોમાં અમુક નેતાઓનાં નામ સામે આવ્યા હતા. અમુકની પૂછપરછ થઈ હતી, પરંતુ કોઈ મોટા રાજકીય નેતાને આ કૌભાંડમાં અદાલતે દોષિત ઠેરવ્યા નહોતા.

આમ છતાં નિશંકપણે તેલગી કૌભાંડની સૌથી મોટી ખાસિયત એ હતી કે આ માત્ર નકલી સ્ટેમ્પ પેપર છાપવાનો ગુનો નહોતો; તે ભ્રષ્ટાચાર, રાજકીય સંરક્ષણ, પોલીસની મિલિભગત અને વહીવટી ખામીઓનું વિશાળ જાળું હતું. પોલીસ અને અધિકારીઓની મિલિભગત ઉડીને આંખે વળગે એવી હતી. તપાસમાં બહાર આવ્યું કે કેટલાક પોલીસ અધિકારીઓ અને સરકારી કર્મચારીઓએ તેલગીને દરોડાની અગાઉથી માહિતી આપી, એની વિરુદ્ધ કાર્યવાહી અટકાવી અને પુરાવા નષ્ટ કરવામાં મદદ કરી અને બદલામાં લાંચ લીધી. કેન્દ્રિય તપાસ સંસ્થા સી.બી.આઈ. ઉપરાંત કર્ણાટકની વિશેષ તપાસ ટૂકડી, મહારાષ્ટ્ર પોલીસ, કર્ણાટક પોલીસ અને વિવિધ રાજ્યોની ગુના શાખાઓ જોતરાઇ હતી.

આ મહાકૌભાંડ બાદ ભારતમાં સ્ટેમ્પ પેપરની વ્યવસ્થામાં મોટા સુધારા કરવામાં આવ્યા હતા. આને પગલે ઈ-સ્ટેમ્પિંગને પ્રોત્સાહન મળ્યું હતું. (ક્રમશઃ)■

ગેસથી પરેશાન?
લાયન ગેસારી® પીલ્સ
પેટનો ગેસ | આફરો | અપચો | ખાટા ઓડકાર
હવે નવા આકર્ષક પેકિંગમાં!


પરંપરાગત આયુર્વેદિક ઘટકોથી તૈયાર
સ્વાદિષ્ટ ચાવીને ખાવાની ગોળીઓ
જમ્યા પછી ગેસારી - પેટ રહે હળવું!
શ્રી નરનારાયણ આયુર્વેદિક ફાર્મસી
- 1948થી આયુર્વેદમાં વિશ્વાસપાત્ર નામ -
An ISO 9001 - 2015 & GMP Certified Company
For Inquiry : 86919 33330




> હા, તો જાવ પોલીસ સ્ટેશને ને ફરિયાદ નોંધાવો કે મેં તમારી બહેનનું મર્ડર કરી નાખ્યું છે. સારું ને અમે બાપ દીકરો બેય સાથે જેલમાં જઈશું...

'સારું થયું કે એ બનાવો બન્યા એ વખતે હું નાની હતી. કેટલુંક અણસમજમાં ગયું. તે દિવસે ઘરમાં મોટા પાયે ડ્રામા થયો. મને તેડી ઊભેલી મમ્મી ચૂપ હતી. તે બિચારી આમેય સરળ સ્ત્રી હતી. કોઈ આંટીઘૂંટીમાંથી પસાર થઈ નહોતી. પપ્પાએ એને જે પ્રશ્ન કર્યો હતો તેનો જવાબ આપવો એટલે એક રીતે કોઈ પણ સ્ત્રીની પરીક્ષા બરાબર હતો. મારા પપ્પા ગુસ્સામાં શું બોલી ગયા હતા તેની એમને જ ખબર નહોતી. મમ્મીના ગળામાંથી માંડ માંડ શબ્દો નીકળ્યા, 'હાં યે બચ્ચી ઈનીકી હી હૈ.'

'આપ કહાં રહતી થી? મતલબ આપકે પિતાજી કહાં રહતે હૈં ઔર ક્યા કરતે હૈં?' કોઈ પોલીસ અધિકારીની જેમ મારા પપ્પાના નાના સાળાએ પૂછ્યું. મારી માનો ચહેરો ઉતરી ગયો. સનત આપણે ભલે ન સ્વીકારીએ પણ ગરીબી એક ગાળ છે. મમ્મી જેમની સામે ઊભી હતી તે રહીશ ગણાતા લોકો હતા. પપ્પા સમજી ગયા. તેમણે પોતાના સાળા સામે કતરાતી આંખે જોતાં કહેલું, 'એ માણસ છે એટલું પૂરતું નથી લાગતું? જીવવાનો અધિકાર ફક્ત શાહુકારો અને ઊંચી ગણાતી જાતિના લોકોને જ છે?'

'તમે ક્યાં ભરાયા છો તેનો અંદાજ તમારા જવાબ પરથી આવી જાય છે. પણ કહો તો ખરા કે તમે કયા ખાનદાનમાંથી પરણી આવ્યા છો?'

'રમણીક ખાનદાની લોહીમાં હોય છે. પૈસા ખાનદાનીની ઓળખ નથી. હા, ગંગાના પપ્પા કરિયાણાની દુકાન ચલાવે છે.'

'વાહ, મણિરામ ઝવેરીના દીકરાએ શું પરિવાર શોધ્યો છે. તમે કહો છો કે આ છોકરી તમારી છે એટલે લફરું જૂનું હતું એમ જ ને ?'

'રમણીક હજુય કહું છું કે મોં સંભાળીને વાત કર. મેં લફરું નથી કર્યું. કાયદેસર પરણીને ઘરમાં લાવ્યો છું સમજ્યો?'

'એનો અર્થ એ થયો કે અમારી બેનની હયાતીમાં જ તમારું ચક્કર ચાલું હતું ને ?'

'હા, હતું બોલ. શું કરી લઈશ તું?' પપ્પાનો ટોન બદલાયો.

'ક્યારથી ચૂપ બેસી રહેલા પપ્પાના મોટા સાળાએ અચાનક જોરથી કહ્યું. 'જસ્ટ અ મીનીટ. અમે શું કરી લઈશું એમ? મિસ્ટર તમે ભૂલી જાઓ છો કે મારી બેનનું મૃત્યુ એક જ દિવસની બીમારીમાં થયું છે. તમે શંકાના દાયરામાં જ છો.'

'હા, તો જાવ પોલીસ સ્ટેશને અને ફરિયાદ નોંધાવો કે મેં તમારી બહેનનું મર્ડર કરી નાખ્યું છે. સારું ને અમે બાપ દીકરો બેય સાથે જેલમાં જઈશું. કારણ કે, કમલાનું મૃત્યુ થયું ત્યારે પપ્પાય સાથે હતા. તો એ પણ કાવતરાના ભાગીદાર ગણાય ને?'

'પપ્પા જે બોલ્યા તે સાંભળી બે ઘડી બંને ભાઈઓ ચૂપ થઈ ગયા. વાત જુદી દિશામાં ફંટાતી હતી. રમણીક આવેશમાં આવીને આવું કોઈ પગલું ભરી બેસે તો ન થવાનું થાય. દાદા મારા પપ્પાથી સખત નારાજ હતા છતાં તેમણે પપ્પાના પક્ષમાં આવવું પડ્યું. તે ઊભા થઈને બોલ્યા, રમણીક તારો ગુસ્સો વાજબી છે. છતાં શાંતિથી વાત થઈ શકે છે. અને જીતુભાઈ તમે જે કહો છો તે વાત જરાય યોગ્ય નથી. એકાએક નાથદ્વારા જવાની વાત કમલાએ જ કહી હતી. મેં વહુને હાથ જોડ્યા હતા. કે ડૉક્ટર પાસે ચાલો. પણ તે એકના બે ન થયા. વિશ્વાસ ન આવતો હોય તો હોટેલના મેનેજર પાસે હું તને તેડી જાઉં. એ અજાણ્યા માણસે પણ વહુને વિનંતી કરી હતી કે દવા લઈ લ્યો, તમારું શરીર બરાબર નથી. પણ તમારી બેનને પોતાના શરીર કરતાં ભગવાન અને પોતાની ટેક વહાલી હતી. અરે મોહન તો જવાય તૈયાર નહોતો. મારા કહેવાથી જ આવ્યો હતો. દીકરા ગમે તેમ બોલી ન નાખીએ. તમે વાત કરવા આવ્યા છો તો શાંતિથી બેસો. જે બે બોલ કહેવા જેવા હોય તે કહો ભાઈ. આ તમારો બનેવી છે, કોઈ દુશ્મન નથી. '

'બાપુજી મોહનલાલ અમારા બનેવી હતા, હવે નથી અને તમે જે કહી રહ્યા છો તે અમે ન સમજીએ તેવા મૂરખ નથી.'

સોનલે શ્વાસ ખાધો. વાત એકદમ રોમાંચક સ્થિતિમાં જઈ રહી હતી. તે કંઈ પૂછે તે પહેલા જ સોનલ બોલી 'સનત એ વખતે મારી મમ્મીની સ્થિતિ સૌથી ખરાબ હતી. કારણ કે જે ચર્ચા થઈ રહી હતી તેના કેન્દ્રમાં મમ્મી હતી. તેણે કોઈ ગુનો કર્યો હોય તેમ ધ્રુજતી ઊભી હતી. પપ્પા સમજી ગયા કે ગંગા અત્યારે ગીલ્ટી મહેસૂસ કરી રહી હશે. તેમણે મમ્મીને ઉદ્દેશીને કહ્યું. 'તુમ ઘબરાઓ મત. જો કુછ કિયા હૈ વો મૈંને કિયા હૈ. જવાબ મૈં દૂંગા.'

મમ્મીએ માથે ઓઢવાનું સરખું કર્યું અને ખુરશી પર બેસી ગઈ. મારાજ ચા કપમાં રેડવા લાગ્યો. પપ્પાના નાના સાળાએ કહ્યું, 'રહેવા દયો મારાજ અમારી ચા ન ભરતા. હવે આ ઘરનું પાણી પણ ન જોઈએ.'

'ઓકે. તમારે કરવું છે શું એટલે મને સમજ પડે.' પપ્પાએ ઠંડકથી કહ્યું.

નાના સાળા રમણીકે કહ્યું, અમે કોઈને મોં બતાવવા જેવા નથી રહ્યા. મોટાભાઈએ પુષ્પાની વાત મૂકી ત્યારે જ તમારે કહી દેવું જોઈતું હતું કે, તમારે બીજી ઘરવાળી પણ છે. તમારી છોકરી બે વર્ષની થઈ ગઈ ત્યાં સુધી કોઈને ખબર પડવા ન દીધી. હવે કોને કોને કહેશો કે આ છોકરી તમારી જ છે. રમણીકની વાત સાંભળી પપ્પાએ કંઈક ટીખળી અંદાજમાં દાદા સામે જોયું. પછી એકદમ હસી પડ્યા. એ જોઈ મારા પપ્પાનો મોટો સાળો રીતસર અકળાઈ ગયો. તેણે છાસિયું કરતાં કહ્યું, 'અમારા હૈયામાં હોળી બળે છે અને તમને હસવું આવે છે? જો નાક જેવું હોય તો ડૂબી મરો.'

'જીતુભાઈ મને નાક અને મોઢું બેય છે. મેં ગંગા સાથે લગ્ન કર્યા એ વાતની બાપુજીને ખબર નહોતી એમ તમે માનો છો? આ સોનલના જન્મનો ફોન એમણે જ રિસીવ કર્યો હતો.'

દાદાની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ. એ સ્થિતિ દાદા માટે શરમજનક હતી. દાદા પપ્પા ઉપર અંદરથી ઉકળી ઉઠ્યા હતા. પણ તે સમયે તે નીચુ જોઈને બેસી રહ્યા. મોટા સાળાએ દાદા સામે જોતાં કહેલું, 'બાપુજી તમારો આ સુપુત્ર શું કહે છે?'

દાદાએ હિંમત દાખવીને કહ્યું, 'હા એ સાચું કહે છે.'

જાણે કોઈએ સળગતો કાકડો ફેંક્યો હોય તેમ બેઉ ભાઈઓએ દાંત ભીંસી લીધાં. રમણીકે કહ્યું. 'મોટાભાઈ હવે ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. બાપુજી એક વાત કાન ખોલીને સાંભળી લ્યો, હવે અમારા બેય ભાણેજ આ ઘરમાં નહીં રહે. તેમને અમારી સાથે લઈ જઈશું.'

દાદાએ થોડીવાર પહેલા થયેલા અપમાનને ભૂલી હિંમતભેર કહી નાખ્યું, 'એ નહીં બને. તમારે મામાની ફરજ નીભાવવી હોય તો નીભાવજો અને સંબંધ ન રાખો તોય મને વાંધો નથી. હું ક્યારથી તમારી લવારી સાંભળી રહ્યો છું.'

'અમે તમારું કોઈ અપમાન નથી કર્યું. અમે નથી ઈચ્છતા કે અમારી બેનના દીકરા ગમે તેવી સ્ત્રીના હાથ નીચે મોટા થાય.'

'મિસ્ટર કંટ્રોલ યોર લેંગ્વેજ. ગમે તેવી સ્ત્રી એટલે શું? આ મારી પત્ની છે. અને પેલા બેય મારા છોકરા છે. તમારે કોર્ટમાં જવું હોય તો છૂટ છે. ઈટસ ઈનફ એન્ડ યુ મે ગો નાઉ.' ગંગા ચાલ તને આપણું ઘર બતાવું. પપ્પા આટલું કહીને મમ્મીનો હાથ પકડી ચાલી ગયા.

આ બધી ચર્ચા દરમિયાન મમ્મી ફફડતી બેસી રહેલી. એક તો એને ગુજરાતી ઓછી સમજમાં આવતી હતી. એટલું તો સમજી જ હતી કે આ બધી રામાયણ પોતાના અહીં આવવાથી સર્જાઈ છે. મારી મમ્મી ખરેખર એટલી ઊંચી સ્ત્રી હતી કે તેણે ઓરડામાં પપ્પાની બાંય પકડીને બેસાડી દેતાં કહેલું, 'આ બધું મારા કારણે જ થયું છે ને? ચાલો મને પાછી મૂકી આવો. મને કંઈ નથી જોઈતું. હું જ્યાં હતી ત્યાં સુખી હતી. તમે મારા છો એટલું મારા માટે પૂરતું છે. બસ આ છોકરીને ખાતર મોં બતાવતા રહેજો. મને જયપુર મૂકી આવો.'

સોનલની આંખોમાં પાણી આવી ગયા. 'માય મોમ વોઝ ગ્રેટ. સનત શી વોઝ ડીફરન્ટ લેડી.' કેટલીય મૌન ક્ષણો પસાર થઈ ગઈ. સોનલે બેય હથેળીઓથી ગાલ પર સરેલાં આંસુ લુછ્યાં અને સનત સામે જોઈને સ્મિત કરતાં બોલી, 'સોરી મારી મમ્મીની યાદ આવી ગઈ. હું મને રોકી ન શકી.'

'ઓકે. બટ વ્હોટ હેપેન્ડ ધેન યોર મધર્સ ટોક.'

'મારી મમ્મીએ રીતસર પપ્પાને હાથ જોડ્યા. મમ્મીના આંસુ જોઈ પપ્પા ખળભળી ગયા હતા. પપ્પાએ મમ્મીને બાથમાં લીધી અને મારા માથા પર હાથ ફેરવતા બોલ્યા, 'ગંગા તું હવે આ ઘરની માલિક છો. હું તને ઉપાડી નથી આવ્યો. તારી સાથે લગ્ન કર્યા છે. આપણી સોનલ અહીં રહેશે અને આપણા બેય દીકરા પણ આપણી સાથે રહેશે. એમને જે કરવું હોય તે કરી લે.' પપ્પા મમ્મીની બાજુમાં બેસી રહ્યા. પપ્પાના ગયા પછી એમના સાળાઓને વાત કરવા માટે મુદ્દો માત્ર એક જ હતો કે તે પોતાના ભાણેજાને લઈ જવા માગે છે.

દાદાએ એમને ઘણું સમજાવ્યા પણ તેઓ કોઈ વાત સાંભળવા જ તૈયાર નહોતા. નાના રમણીકે તો એટલે સુધી કહી નાખ્યું કે 'અમારી બેનના છોકરા હવે અહીં સલામત નથી. આ સ્ત્રી એમને મારી ન નાખે તેની શું ખાતરી?' જોકે એ વાત મારી મમ્મીની હાજરીમાં ન થઈ એટલું સારું હતું. નહીંતર એ લાગણીશીલ સ્ત્રી એજ વખતે મરી ગઈ હોત. સામે દાદા પણ મક્કમ રહ્યા કે છોકરા તો અહીં જ રહેશે. અમે અમારા છોકરા તમને કોઈ કાળે નહીં આપીએ. દાદાની મક્કમતા જોઈને મોટા જીતેન્દ્રને લાગ્યું કે વાત પેચીદી બની રહી છે. પોતાનાથી કાયદાનો આશરો પણ લેવાશે નહીં. મોટા સાળાએ નીચલી વાટ લીધી. તેણે દાદાને સમજાવ્યું કે, 'તમે હમણા બેય છોકરાને અમારી પાસે રહેવા દ્યો. તેઓ થોડા મોટા થાય, બધું સમજતા થાય તે પછી અમે સામેથી તમારી પાસે મૂકી જશું. અમને તમારા છોકરા જોઈતા નથી. પણ અમારી લાગણી એવી છે કે, અમારા ભાણેજા અમારી સાથે રહે.' દાદાએ નવો પાસો ફેંક્યો, 'જો મોહન હા પાડતો હોય તો મને વાંધો નથી.'

દાદાની વાત સાંભળી બેય ભાઈઓ મુંઝાયા. તેમને ખબર હતી કે પપ્પા હા પાડવાના જ નથી. વાત ખાસ્સી ચુંથાઈ. આખરે એવું નક્કી થયું કે દાદા પપ્પાને સમજાવે અને તેઓ કહે ત્યારે બંને ભાઈઓને લઈ જશે. સનત જોજો ખેલ કેવા થયા છે. તે સાંજે દાદાએ પપ્પાને શાંતિથી સમજાવ્યું. વાત કોર્ટ કચેરીએ પહોંચે તો નાહકની ફજેતી થશે તે વાત પણ હળવેકથી કહી દીધી. પપ્પા પણ ખેલાડી છે. તેમણે કહી દીધું, 'ઓકે તમે કહેતા હો તો ભલે એ પોતાની પાસે રાખે. પણ આખી ટર્મ કન્ડીશન લેખીત થશે. કાલે ઊઠીને એમનો ઈરાદો બદલે તો મને મુશ્કેલી થાય.' દાદાને પણ વાત સાચી લાગી સનત વિચાર કરો. મારા પપ્પાએ સ્ટેમ્પ પેપર પર લખાણ કરાવ્યું. તે પ્રમાણે વધુમાં વધુ બેય ભાઈઓ બારમું ધોરણ પૂરું કરે ત્યાં સુધી મામા પાસે રહી શકશે. વચ્ચે એમની ઈચ્છા થાય ત્યારે આવી શકશે પપ્પાએ લખાણમાં એવોય ઉલ્લેખ કરાવ્યો કે છોકરાના મોસાળપક્ષની કોઈ વ્યક્તિ છોકરાઓ બાબતે મોહનલાલ મણિરામ ઝવેરી પરિવાર પાસે કોઈ પ્રકારનું વળતર માગશે નહીં, કે એવી ચર્ચા પણ કરશે નહીં. વકીલની હાજરીમાં એ બેય ભાઈઓએ લખાણ પર સહી કરી.

તે પછી પંદર દિવસમાં જ મારા ભાઈઓને એમના મામા સુરત લઈ ગયા. એ દિવસે ઘરમાં કોઈએ ખાધું નહોતું. દાદા ચૂપ થઈ ગયા હતા. મારી મમ્મીની કસોટી શરૂ થઈ ગઈ હતી. અને સાથે દાદાની જાણ બહાર જ તેમના હૈયાના તાંતણા મારી સાથે જોડાતા જતા હતા. (ક્રમશઃ)■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RAW | ધમાલ |
| RAWNESS | કિરણ |
| RAY | કાચું |
| RAZE | કચાશ |
| RAZZLE | પાડવું |

### માતૃભાષાની મહેક

સઢ એટલે વહાણને પવનના જોરથી ચલાવવા માટે જાડા લૂગડાંના તાકા સાંધીને બનાવેલ લગભગ ત્રિકોણ આકારનું મોટું બૂંગણ, પવન ભરાઈને ગતિ મળે તે માટે વહાણ વચ્ચેના ઊભા થાંભલાને બાંધવામાં આવતું કપડું. સઢ ચડાવવો એટલે વહાણ ચલાવવા સઢ પવન સામે રાખવો. સઢ છોડવો એટલે સઢ છૂટો કરવો, વહાણને કિનારે લઈ જવું.

### ગુજરાત મોરી મોરી રે

'અન્યની માલિકીની વસ્તુમાં હિસ્સો રાખવો; પોતાની ચીજવસ્તુમાંથી કોઈને કંઈ ન આપવું' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

સહિયારું મારું બાપનું મારું ને તારું મારા

### ઈર્શાદ

*હસીને આવકાર્યો તેં, હસીને તેં વિદાય આપી,*
*હું આવ્યો'તો ભરમ લઈને, હું જાઉં છું ભરમ લઈને.*

*- બરકત વિરાણી 'બેફામ'*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ■ | ૪ | | ૫ | |
| ૬ | | | ■ | ૭ | | | ■ | | ■ |
| | ■ | | ■ | | ■ | ■ | ૮ | | ૯ |
| | ■ | | ■ | ૧૦ | | ૧૧ | | ■ | |
| ■ | ■ | ■ | ૧૨ | | ■ | | ■ | ૧૩ | |
| ૧૪ | | ■ | | ■ | ૧૫ | | ■ | ■ | ■ |
| | ■ | ૧૬ | | | | ■ | ૧૭ | ■ | ૧૮ |
| ૧૯ | ૨૦ | | ■ | ■ | | ■ | | ■ | |
| ■ | | ■ | ૨૧ | | | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | | | ■ | ■ | ૨૫ | | | |

**આડી ચાવી**

૧. સારું નસીબ (૪)
૪. --- લેવી દેવી (૪)
૬. આંજણ, મેશ (૩)
૭. અપાર (૩)
૮. પ્રકાશવાળું (૩)
૧૦. તરવાર (૪)
૧૨. મૂક, ચૂપ (૨)
૧૩. ભાર (૨)
૧૪. ફાયદો (૨)
૧૫. જંજીર, કેદીને બાંધવાની સાંકળ (૨)
૧૬. જેમનું તેમ, વગર ખોલેલું-વગર તોડેલું (૪)
૧૯. ખાસ પસંદ કરેલા, ઉત્તમ (૩)
૨૧. નાણાં સંબંધી (૩)
૨૨. આનંદ, વિનોદ (૩)
૨૪. જાનનો ઉતારો (૪)
૨૫. તંદુરસ્ત, નીરોગી (૪)

**ઊભી ચાવી**

૧. કવખતનું (૪)
૨. પાણીનો કુંડ (૨)
૩. લલાટમાં જેને ચંદ્ર છે તે, શિવ (૪)
૪. --- મરે ને પલીત જાગે (૨)
૫. --- કરવું=અદા કરવું, માંગતું પતાવવું (૩)
૭. ઉપવાસ, આહાર બંધ કરવો તે (૪)
૮. --- કરવું=તાબે કરવું, જીતવું (૨)
૯. મોટું, વહાણ (૩)
૧૧. જેમાંથી ગોળ અને ખાંડ બને છે તે વનસ્પતિ (૩)
૧૨. મોઢેથી કે તેને લગતું (૩)
૧૪. લોભી (૩)
૧૫. હિમત ભેર, ડર વગર (૪)
૧૬. અભિનયની છટા (૨)
૧૭. પરોપકારી (૪)
૧૮. બહુ તીખું (૪)
૨૦. પુત્રી, છોકરી (૩)
૨૧. વિક્રમ વર્ષનો છેલ્લો મહિનો (૨)
૨૩. પુષ્કળ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સા | ગ | ૨ મ | ૩ ટે | ■ | ૪ સા | ગ | ૫ ર | ૬ પે | ૭ ટું |
| ચ | ■ | ૮ શ | ક | ■ | રા | ■ | ગ | ■ | બો |
| ૯ વ | શે | ક | ■ | ૧૦ અ | વા | ક | ■ | ■ | ■ |
| ણ | ■ | ■ | ૧૧ ફે | ■ | ટ | ■ | ૧૨ કો | ■ | ૧૩ રે |
| ■ | ૧૪ મ | ૧૫ હિ | પા | લ | ■ | ■ | ૧૬ પિ | ૧૭ પા | સા |
| ૧૮ અં | તિ | મ | ■ | ■ | ૧૯ મ | ૨૦ હે | ત | લ | ■ |
| શુ | ■ | જા | ■ | ૨૧ કી | ■ | વા | ■ | ■ | ૨૨ ખ |
| ■ | ■ | ■ | ૨૩ વ | ર્ત | ન | ■ | ૨૪ શ | ર | ટ |
| ૨૫ જ | ■ | ૨૬ રા | ■ | ની | ■ | ૨૭ આ | રી | ■ | પ |
| ૨૮ સ | રા | હ | ની | ય | ■ | ૨૯ ભ | ર | પે | ટ |

### ઓળખાણ પડી?



કૂદાકૂદ કરવામાં નિષ્ણાત અને એકસાથે ૨૫ ફૂટ કૂદવાની ક્ષમતા ધરાવતું કાંગારુ કયા દેશનું રાષ્ટ્રીય પ્રાણી છે એની ખબર હોય તો જણાવો..

અ) ઈથિયોપિયા બ) ક્રોએશિયા ક) ઈરાક ડ) ઓસ્ટ્રેલિયા

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ' કહેવતમાં રવિ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) રજા બ) વાર ક) સૂર્ય ડ) ભાષા

### માઈન્ડ ગેમ

છેલ્લાં ૯૪ વર્ષથી ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ સ્પર્ધા રમાય છે. ૧૯૩૦ની સૌપ્રથમ વિશ્વકપ સ્પર્ધામાં કઈ ટીમ ચેમ્પિયન બની હતી?

અ) આર્જેન્ટિના બ) ઈટલી ક) ઉરુગ્વે ડ) સ્વીડન

### સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | | ૩ | | ૭ | | ૫ | ૮ |
| | | | | ૧ | | | | |
| ૭ | ૩ | ૫ | | | | ૧ | ૯ | |
| | | | ૫ | | ૯ | | ૧ | |
| | ૯ | ૪ | | | | ૫ | ૭ | |
| | ૭ | | ૧ | | ૪ | | | |
| | ૪ | ૧ | | | | ૨ | ૬ | ૯ |
| | | | | ૩ | | | | |
| ૯ | ૨ | | ૬ | | ૧ | | ૮ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૬ | ૪ | ૯ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૧ | ૩ | ૯ | ૨ | ૭ | ૮ | ૪ | ૫ | ૬ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૩ | ૬ | ૯ | ૮ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૮ | ૧ | ૪ | ૨ | ૯ | ૫ |
| ૨ | ૯ | ૫ | ૭ | ૬ | ૩ | ૮ | ૪ | ૧ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૫ | ૨ | ૬ | ૭ | ૩ |
| ૬ | ૮ | ૨ | ૩ | ૪ | ૭ | ૫ | ૧ | ૯ |
| ૭ | ૫ | ૧ | ૬ | ૮ | ૯ | ૩ | ૨ | ૪ |
| ૯ | ૪ | ૩ | ૫ | ૨ | ૧ | ૭ | ૬ | ૮ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RAVAGE | વેરાન |
| RAVEL | આમળવું |
| RAVINE | કોતર |
| RAVISH | મુગ્ધ |
| RAVENOUS | ખાઉધરું |

**ગુજરાત મોરી મોરી રે:**
ધણીને ધતૂરો ને ચોરને મલીદો

**ઓળખાણ પડી?**
Beaver

**માઈન્ડ ગેમ :**
ફ્રાન્સ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
સીધું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) ભરત કજરિયા (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) નિતીન જયંતીલાલ બજરિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) કમલ માતલિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મીનળ કાપડિયા (૧૭) લજિતા ખોના (૧૮) મહેશ સંઘવી (૧૯) પ્રવીણ વોરા (૨૦) નયના ગિરીશ મિસ્ત્રી (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) ભાવના કર્વે (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિજય આસર (૨૮) ડાયના સંતોકે (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિખિલ બંગાળી (૩૮) અમીશી બંગાળી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી (૪૫) ભામિની સંપટ (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નંદુભાઈ અ. ગોઠી


feedback@bombaysamachar.com

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા

# ફિલ્મ્સ તથા સિરિયલ્સ એ કંઈ સાચા દસ્તાવેજ નથી!






સિરિયલ રામાયણ - ફિલ્મ થ્રી ઈડિયટ્સનાં દશ્ય

**તમે** ના પાડો છો પણ 'રામાયણ' ધારાવાહિકમાં તો બતાવ્યું હતું કે શ્રી રામે ધોબીના કહેવા પર સીતાજીને વનવાસ આપ્યો હતો. શું રામાયણ ધારાવાહિકમાં અસત્ય બતાવ્યું હોય?

સોનમ વાંગચુક તો મહાન વૈજ્ઞાનિક છે. તમને ખબર છે, તેમના નામે ૪૦૦થી વધુ પેટન્ટ બોલે છે.

સોનમ વાંગચુક એટલે 'થ્રી ઇડિયટ્સ'ના ફૂનસુખ વાંગડુ. ફિલ્મમાં કહે છે કે તે ગરીબ ઘરના દીકરા હતા. એક ધનવાનને ત્યાં તેના પિતા માળીનું કામ કરતા હતા. તે બહુ જિનિયસ છે. ભારતમાં તેનું માન નથી.

...આવા સંવાદો તમને ઠેરઠેર સાંભળવા મળશે. કારણ કે આપણી જનતા બહુ ભોળી છે. ફિલ્મો અને ધારાવાહિકોને સચ્ચાઈનું પ્રતીક માની બેસે છે. 'રામાયણ' ધારાવાહિકમાં જે કહેવાયું તે જ મૂળ વાલ્મીકિ રામાયણમાં હશે તેમ લોકો માની લે છે. 'થ્રી ઇડિયટ્સ'નો ફૂનસુખ વાંગડુ એ જ સોનમ વાંગચુક અને સોનમ વાંગચુક એ જ ફૂનસુખ વાંગડુ તેવો ભ્રમ પાળી બેસે છે.

આમિર ખાને તાજેતરમાં બ્રિટનમાં આયોજિત લંડન ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં 'લગાન'ની ૨૫મી વાર્ષિક તિથિની ઉજવણીના અવસરે ચોખ્ખેચોખ્ખું કહ્યું હતું કે ફૂનસુખ વાંગડુના પાત્રને સોનમ વાંગચુકના પાત્ર સાથે કંઈ લાગતું વળગતું નથી. અમે જ્યારે ફિલ્મનું શૂટિંગ કરવા ગયા ત્યારે અમે તેમને ઓળખતા પણ નહોતા.

જોકે 'થ્રી ઇડિયટ્સ' ફિલ્મના ચતુર રામલિંગમ્‌નું પાત્ર ભજવનારા ઓમી વૈદ્યે જે કહ્યું તેને શું બદમાશી કહીશું? તેણે કહ્યું કે ફૂનસુખ વાંગડુ (એટલે કે સોનમ વાંગચુક ઉપવાસથી) મરી જાય તેમ હું નથી ઇચ્છતો. ફિલ્મનું એક મુખ્ય પાત્ર ભજવનારો ઓમી વૈદ્ય શું એ હકીકતથી અજાણ હોય ખરો કે ફૂનસુખ વાંગડુનું પાત્ર સોનમ વાંગચુક પર આધારિત નથી?

કોઈ કહી શકે કે આમિરનું નિવેદન તો હમણાં -૧૭ જુલાઈએ ધ્યાનમાં આવ્યું, ઓમી વૈદ્યે તો ૧૫મી જુલાઈએ નિવેદન આપ્યું હતું, પરંતુ થોભો ! સોનમ વાંગચુકે પોતે આજથી નવ વર્ષ પહેલાં પ્રસારિત 'કૌન બનેગા કરોડપતિ'માં આ વાત કરી હતી.

અગાઉ ફિલ્મના નિર્દેશક રાજકુમાર હિરાણીએ પણ કહ્યું હતું કે ફૂનસુખ વાંગડુનું પાત્ર સોનમ વાંગચુક પરથી નહીં, પરંતુ એક એવી વ્યક્તિ પરથી છે જે ફિલ્મ નિર્માણમાં કારકિર્દી બનાવવા માગતો હતો પરંતુ તેને પ્રતિષ્ઠિત સંસ્થા- ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ નહોતો મળ્યો.

સોનમ વાંગચુકે તો એમ પણ કહ્યું કે એ લોકો (થ્રી ઇડિયટ્સ)ના લોકો કંઈ કહ્યા વગર તેમની શાળામાં શૂટિંગ માટે આવ્યા હતા, પરંતુ પ્લાસ્ટિકનો કચરો લઈને આવ્યા હતા અને શાળાના બીજા સંચાલકોએ તેમને શૂટિંગ માટે ના પાડી એટલે બીજી શાળામાં ચાલ્યા ગયા.

-તો પછી આટલો મોટો ભ્રમ કેવી રીતે ફેલાયો? તે સમયે ભૂલતો ન હોઉં તો મીડિયામાં સોનમ વાંગચુક પરથી જ ફૂનસુખ વાંગડુનું પાત્ર આધારિત હોવાની મોટી-મોટી સ્ટોરીઓ છપાઈ હતી. તે શું ગપ્પાં-ગપ્પાં હતાં? જેમ અમેરિકાના 'ટાઇમ' સામયિકે બાલેન શાહને કાઠમંડુના મેયર તરીકે ચમકાવ્યા અને પછી જેન-ઝીના આંદોલન પછી બાલેન શાહ નેપાળના વડા પ્રધાન બન્યા તેમ શું સોનમ વાંગચુક ભવિષ્યમાં રાજનીતિમાં આવે તે માટે એક પૃષ્ઠભૂમિ તૈયાર કરવામાં આવી રહી હતી?

સચ્ચાઈ શું છે? સોનમ વાંગચુક પાસે ટેન્ટ ડિઝાઇન સિવાય કોઈ વિશેષ પેટન્ટ નથી. તે ગરીબ પરિવારના નથી. તેના પિતા સોનમ વાંગયાલ લદાખના પ્રતિષ્ઠિત કૉંગ્રેસી નેતા હતા. તે કૉંગ્રેસના લેહ એકમના અધ્યક્ષ હતા. ઈ. સ. ૧૯૫૭માં તે લેહ બેઠક પરથી જમ્મુ-કાશ્મીર ધારા પરિષદમાં ચૂંટાયા હતા અને તે સરકારમાં પ્રધાન પણ બન્યા હતા. ૧૯૮૭માં પક્ષ વિરોધી પ્રવૃત્તિ માટે તેને કૉંગ્રેસે કાઢી મૂક્યા હતા.

એવું જ 'રામાયણ'નું છે. કૉંગ્રેસના નેતા જે બાદમાં સ્વતંત્ર પક્ષના નેતા બન્યા હતા, તેવા દિગ્ગજ સી. રાજગોપાલાચારીએ તેમના પુસ્તક 'રામાયણ'ના પૃષ્ઠ ક્ર. ૪૭૫-૪૭૬ પર લખ્યું છે:

લોકોમાં ચર્ચા છે કે રાવણના કબ્જામાંથી સીતાજીને પાછાં મેળવ્યા બાદ, કૌભાંડના ભયે, શ્રી રામે તેમને વનમાં મોકલી દીધાં. આ કરુણ પ્રકરણ અત્યારની આપણી સ્ત્રીઓની દુઃખ ભરી કલ્પનામાંથી જ ચોક્કસ ઉદ્‌ભવ્યું હશે. હજારો વર્ષ પહેલાં લખાયેલા હસ્તલિખિત ગ્રંથ, જેમાં ચેડા થવાની સંભાવના છે, તેના પર આપણે કેવી રીતે ટીપ્પણી કરી શકીએ?

આ જ રીતે ન્યૂ યોર્કમાં સેન્ટ બોનવેન્ચર યુનિવર્સિટિમાંથી ઓલોજીના પ્રાધ્યાપક કે. આર. સુંદરરાજને તેમના પુસ્તક 'હિન્દુ સ્પિરિચ્યુઆલિટી : વેદ્‌સ થ્રૂ વેદાંત' ભાગ ૧માં પૃષ્ઠ ૧૦૬-૧૦૭ પર લખ્યું છે, વિદ્વાનોના મતાનુસાર ઉત્તરકાંડ (જેમાં સીતાજીના ત્યાગની વાત આવે છે) ત્રીજી સદીમાં ઉમેરાયું હોવાની સંભાવના છે. શ્રી રામ વિષ્ણુના અવતાર હતા તે વાત પણ ઈશુની પ્રથમ સદીમાં ઉમેરાઈ હોવાનું સંભવ છે. વાલ્મીકિએ તો શ્રી રામને માનવ નાયક તરીકે જ આલેખ્યા છે.

જે 'રામાયણ' ધારાવાહિકના આધારે લોકોમાં એવી દૃઢ માન્યતા પેસી ગઈ છે કે શ્રી રામે સીતાજીનો ત્યાગ કર્યો હતો તે બનાવનાર રામાનંદ સાગર પોતે પોતાના આ ધારાવાહિકમાં ઉત્તરકાંડ બનાવવા નહોતા માગતા, પરંતુ વડા પ્રધાન કાર્યાલય (તે સમયે વડા પ્રધાન રાજીવ ગાંધી હતા) તરફથી કહેવામાં આવ્યું કે 'રામાયણ'નો બીજો ભાગ એટલે કે ઉત્તર કાંડ બનાવો. તો શું શ્રી રામને સ્ત્રી વિરોધી ચિતરવા માટેનું એ ષડયંત્ર હતું? કારણકે તે પછી રાજકુમાર સંતોષીની 'લજ્જા' અને અનેક પુસ્તકો-સોશ્યલ મીડિયામાં શ્રી રામ વિશે આ જૂઠાણું ચાલ્યું છે.

ફિલ્મો અને ધારાવાહિકો એ ઐતિહાસિક સાચા દસ્તાવેજ નથી. એ માત્ર મનોરંજન જ છે અને તેને તે રીતે જ લેવાં જોઈએ. ■

સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ભાર વિનાનું ભણતર કેવું હોય?**
* ફી એક ભરે પુસ્તક- સ્ટેશનરી બીજો આપે અને નાસ્તો ત્રીજો આપે મફતમાં આપે!

**ચોરની માતા કોઠીમાં મ્હોં નાખીને કેમ રડે?**
* કારણ કે કપાતર દીકરાએ કોઠી પણ સફાચટ કરી દીધી હોય.

**પ્રિયે, ડાર્લિંગ, જાનુ, હની વગેરે વિશેષણ પત્ની માટે તો છે તો પતિ માટે શું?**
* અમારા એ - બાબાના પપ્પા - ડિયર અને બકા.

**પરણ્યા પછી કોને પસ્તાવો થાય?**
* બીજાં લગ્નના વિચાર આવે એને...

**કુંવારાનાં સ્વપ્ન કેવાં હોય?**
* કચ્છના રણ જેવાં કોરાકટ્ટ...!

**લગ્નને છેતરામણી ગણાય તો ડિવૉર્સને શું કહેવાય?**
* સાભાર પરત.

**રાહતના સમાચાર હોય તો ચાહતનું શું?**
* સ્મિત.

**ગંડુ રાજાવાળી અંધેરી નગરી ક્યાં હશે?**
* ગૂગલ દાદાને પૂછી લો.

**ખાડામાં વરસાદી પાણી છતાં ખાડા કેમ બૂરાતા નથી?**
* ખાડામાં પાણી હોય તો લોકોને લાગે કે વરસાદ આવ્યો'તો.

ખાડો ખોદે કોઈ, ને પડે બીજો કોઈ. આવું કેમ?
* સૌને લાભ મળે એ માટે.

ટ્રેન અને પોલીસ વાનના ડબ્બામાં ફરક શું?
* એકમાં આનંદ અને બીજામાં સજાની સફર.

મોબાઇલ ઉપવાસમાં ફરાળ માટે શું કરવું?
* લૅન્ડલાઇન ફોન વાપરવો.

સતયુગ ક્યારે આવશે?
* બસ, રસ્તામાં જ હશે.

ઘર જમાઈ બનવાનો ફાયદો શું?
* ઘર, ભોજન, સાસુ,,સસરા, સાળો મફતમાં મળે અને લટકામાં પત્ની પણ!

લવમાં પૅચ અપ અને બ્રેક અપ વચ્ચે અટવાયાની સ્થિતિ કેવી હોય?
* ચોકઅપ જેવી...

feedback@bombaysamachar.com

મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા

# સોશ્યલ મીડિયાના વધતા દૂષણઃ યુવાપેઢીને ઉગારવાના કાયદાનો અમલ આપણે ત્યાં કરી શકાય?



**ઓસ્ટ્રેલિયાએ** સોશ્યલ મીડિયાના વધતા દૂષણથી બાળકો અને કિશોરોને બચાવવા માટે જે કાયદો બનાવ્યો છે, તે વિશ્વના અનેક દેશો માટે વિચારણીય છે. ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં આ પ્રકારનો કાયદો અમલમાં મૂકી શકાય કે નહીં, તે અંગે વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને વિચાર કરવાની જરૂર છે.

સોશ્યલ મીડિયા આજે માનવજીવનનો અભિન્ન ભાગ બની ગયું છે. માહિતી મેળવવી હોય, મિત્રતા જાળવવી હોય, મનોરંજન મેળવવું હોય કે અભ્યાસ કરવો હોય - દરેક ક્ષેત્રમાં સોશ્યલ મીડિયાનો પ્રભાવ જોવા મળે છે, પરંતુ દરેક સિક્કાની બે બાજુ હોય છે. સોશ્યલ મીડિયાના ફાયદા જેટલા મોટા છે, તેનાં દૂષણો પણ એટલાં જ ગંભીર છે. ખાસ કરીને યુવાપેઢી તેનું સૌથી વધુ ભોગ બનતું જાય છે.

આથી ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે કેટલાક સોશ્યલ મીડિયા પ્લેટફોર્મના ઉપયોગ પર નિયંત્રણ મૂકતો કાયદો બનાવ્યો છે. એ મુજબ સોશ્યલ મીડિયા કંપનીઓએ બાળકોની ઉંમરની ચકાસણી કરવી પડશે અને નિયમોનું પાલન ન કરનાર કંપનીઓ સામે ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ પગલું માત્ર પ્રતિબંધ નથી, પરંતુ બાળકોના માનસિક સ્વાસ્થ્ય, શિક્ષણ અને સુરક્ષાને કેન્દ્રમાં રાખીને લેવામાં આવેલો નિર્ણય છે.

**• હવે પ્રશ્ન એ છે કે શું ભારત જેવા દેશમાં આવો કાયદો સફળતાપૂર્વક અમલમાં મૂકી શકાય?**

આ પ્રશ્નનો જવાબ 'હા' કે 'ના'માં આપી શકાય તેવો સરળ નથી. ભારતની વસતી, ભાષાકીય વૈવિધ્યતા, ડિજિટલ પહોંચ અને સામાજિક પરિસ્થિતિ ઓસ્ટ્રેલિયા કરતાં ઘણી જુદી છે.

ભારતમાં આજે કરોડો યુવાનો સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે. ગામડાંથી લઈને મહાનગરો સુધી ઈન્ટરનેટ પહોંચી ગયું છે. ઑનલાઈન શિક્ષણ, ડિજિટલ પેમેન્ટ અને સરકારી સેવાઓ માટે પણ સોશ્યલ મીડિયાનો ઉપયોગ થવા લાગ્યો છે. આવી સ્થિતિમાં સંપૂર્ણ પ્રતિબંધ વ્યવહારુ ન બની શકે. પરંતુ બીજી તરફ જોવામાં આવે તો સોશ્યલ મીડિયાના કારણે અનેક ગંભીર સમસ્યાઓ પણ ઊભી થઈ રહી છે.

વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યેની એકાગ્રતા ઘટી રહી છે. રાત્રે મોડે સુધી મોબાઈલ વાપરવાને કારણે ઊંઘની સમસ્યાઓ વધી રહી છે. ડિપ્રેશન, ચિંતા અને એકલતાની લાગણીઓ વધી રહી છે. સાયબર બુલિંગ અને ઓનલાઈન હેરાનગતિના બનાવો વધી રહ્યા છે. અશ્લીલ, હિંસક અને ભ્રામક સામગ્રી બાળકો સુધી સરળતાથી પહોંચી રહી છે. ખોટી માહિતી અને અફવાઓ સમાજમાં અશાંતિ ફેલાવે છે. આવા સંજોગોમાં સરકાર હાથ પર હાથ ધરીને બેસી રહે તે યોગ્ય નથી. આમ છતાં ભારત માટે સીધું ઓસ્ટ્રેલિયાનું મૉડેલ અપનાવવું મુશ્કેલ બની શકે છે. તેનાં અનેક કારણ છે:

પ્રથમ, ભારતની વસતિ ૧૪૦ કરોડથી વધુ છે. દરેક વ્યક્તિની ઉંમરની સાચી ચકાસણી કરવી ટેક્નિકલ રીતે ખૂબ જ પડકારજનક છે.

બીજું, ઘણા વિદ્યાર્થીઓ ઑનલાઇન શિક્ષણ માટે પણ સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે છે. સંપૂર્ણ પ્રતિબંધ તેમના અભ્યાસને પણ અસર કરી શકે છે.

ત્રીજું, લોકશાહી દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા પણ મહત્ત્વપૂર્ણ અધિકાર છે. તેથી કોઈપણ કાયદો સંતુલિત હોવો જોઈએ.

ચોથું, ઘણાં બાળકો માતા-પિતાના મોબાઈલ દ્વારા સોશ્યલ મીડિયા વાપરે છે. માત્ર કાયદાથી આ સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવી શકે નહીં.

**• તો પછી ભારતે-આપણે શું કરવું જોઈએ?**

ભારત માટે સંપૂર્ણ પ્રતિબંધ કરતાં જવાબદાર નિયંત્રણ વધુ યોગ્ય માર્ગ બની શકે. સરકારે સોશ્યલ મીડિયા કંપનીઓ માટે કડક ઉંમર ચકાસણીની વ્યવસ્થા ફરજિયાત બનાવવી જોઈએ.

બાળકો માટે અલગ અને સુરક્ષિત ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવવા જોઈએ. શાળાઓમાં ડિજિટલ સાક્ષરતા અને સોશિયલ મીડિયા અંગે જાગૃતિનો અભ્યાસક્રમ શરૂ કરવો જોઈએ. બાળકોના મોબાઈલ ઉપયોગ અંગે માતા-પિતાને તાલીમ અને માર્ગદર્શન આપવું જોઈએ. સાયબર ક્રાઈમ સામે ઝડપી કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા મજબૂત બનાવવી જોઈએ. બાળકો માટે સ્ક્રીન ટાઈમ અંગે માર્ગદર્શિકા જાહેર કરવી જોઈએ.

સોશ્યલ મીડિયા કંપનીઓને નુકસાનકારક સામગ્રી ઝડપથી દૂર કરવાની કાનૂની જવાબદારી સોંપવી જોઈએ. સૌથી મહત્ત્વની વાત એ છે કે માત્ર કાયદાથી સમસ્યા હલ થતી નથી. સમાજ, પરિવાર, શિક્ષકો અને સરકાર - ચારેયની સંયુક્ત જવાબદારી જરૂરી છે. માતા-પિતા પોતે જ કલાકો સુધી મોબાઈલમાં વ્યસ્ત રહે અને પછી બાળકોને મોબાઈલ ન વાપરવાની સલાહ આપે, તો તે અસરકારક બનતી નથી. બાળકો ઉપદેશ કરતાં ઉદાહરણથી વધુ શીખે છે. શિક્ષકો પણ વિદ્યાર્થીઓને સોશ્યલ મીડિયાનાં જોખમો વિશે સમયાંતરે માર્ગદર્શન આપે તો ઘણો ફેર પડી શકે.

આખરે એટલું કહી શકાય કે ઓસ્ટ્રેલિયાનો કાયદો એક સકારાત્મક દિશા સૂચવે છે, પરંતુ ભારતે તેને યથાવત્ અપનાવવાને બદલે પોતાની સામાજિક, શૈક્ષણિક અને ટેક્નોલોજીકલ પરિસ્થિતિને અનુરૂપ સુધારાઓ સાથે અમલમાં મૂકવો જોઈએ. પ્રતિબંધ કરતાં સમજણ પૂર્વકના ઉપયોગની સંસ્કૃતિ વિકસાવવી વધુ જરૂરી છે. ■

feedback@bombaysamachar.com

ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી

# તૂટેલા ઘા પર સોનાનો ઢોળ...

## જાપાનની 'વાબી-સાબી' કળા તથા જિંદગીનો વૈભવ



**સવારની** નિરાંતની પળોમાં હાથમાં ચાનો કિંમતી કપ કે ચાઈના ક્લેનું સુંદર વાસણ પકડ્યું હોય અને અચાનક હાથમાંથી છટકીને જમીન પર પછડાય તો? કાચ કે માટીના પાત્રમાં એક લાંબી તિરાડ પડી જાય. કદાચ ટુકડા થઇ જાય. એ ક્ષણે આપણો મૂળભૂત સ્વભાવ, આપણી પેઢીઓથી ચાલી આવતી આદત શું કરાવે છે? આપણે એ વાસણને નકામું, ભંગાર કે અપશુકનિયાળ સમજીને સીધું કચરાપેટીમાં ફેંકી દઈએ છીએ. આપણે બધાય આજના યુગમાં બિનજરૂરી 'પર્ફેક્શન'ના એટલા આગ્રહી થઈ ગયા છીએ કે જિંદગીમાં કે ઘરમાં જરા સરખી ખામી મંજૂર નથી. આપણને બધું જ ચમકતું, અકબંધ અને લગભગ દોષરહિત જોઈએ છે.

પણ ઊભા રહો, પૃથ્વીના બીજા છેડે બેઠેલું જાપાન આ બાબતમાં સાવ નોખું, અલગ અને નિરાળું વિચારે છે! ત્યાં સદીઓ જૂની મજાની કલાત્મક ફિલોસોફી છે, જેને જગત 'વાબી-સાબી' તરીકે ઓળખે છે. આ ફિલોસોફી શેની છે? આપણા માટે તેનું શું મહત્ત્વ છે?



'વાબી-સાબી' એટલે દુનિયામાં કોઈ પણ વસ્તુ ક્યારેય સંપૂર્ણ નથી, કાયમી નથી અને ૧૦૦ ટકા પર્ફેક્ટ પણ નથી તેમ છતાં જો જોવાની સાચી દૃષ્ટિ હોય તો એ અપૂર્ણતામાં, એ અધૂરાપણામાં જ જિંદગીનો વૈભવ છુપાયેલો છે.

'વાબી-સાબી'ના ગર્ભમાંથી જન્મેલી અનેરી જાપાની કળાને તેઓ ગર્વથી 'કિંત્સુગી' કહે છે, જેનો અર્થ થાય છે 'સોનાથી સાંધવું'. જ્યારે જાપાનમાં પેઢીઓ જૂનું કે કોઈ અત્યંત ગમતું વાસણ તૂટીને ટુકડા થઈ જાય ત્યારે ત્યાંના લોકો એને ફેંકતા નથી. એ લોકો તૂટેલા ટુકડાઓને બહુ જતનથી ભેગા કરે છે અને એક ખાસ પ્રકારના કુદરતી ગુંદર અને અસલી સોનાના ગરમ કરેલા રસનો ઉપયોગ કરીને ટુકડાઓને ફરીથી જોડે છે!

ઋષિકેશ મુખરજીની 'આનંદ' ફિલ્મ વાર્તાનો નાયક આનંદ ઉર્ફે રાજેશ ખન્ના એના શરીર પર 'કેન્સર' નામની મરણતોલ તિરાડ લઈને જીવતો હતો. સામાન્ય માણસ આવી તિરાડ જોઈને જિંદગીને ભંગાર સમજીને આશા છોડી દે, પણ આનંદે શું કર્યું? એણે પોતાની અપૂર્ણ અને તૂટેલી જિંદગીના છેલ્લા દિવસોમાં પ્રેમ, હાસ્ય અને દોસ્તીનું અસલી 'સોનું' મઢી દીધું! એના શરીરનો ઘા છુપાયો નહીં, પણ સોનાની રેખા બનીને એવો ચમક્યો કે આજે પચાસ વર્ષ પછી પણ આનંદ બધાના હૃદયમાં અમર છે. જિંદગી લાંબી નહિ, 'બડી' હોવી જોઈએ જેવો સંવાદ બીજું કંઈ નથી, પણ આપણી ખામીઓ વચ્ચે પણ ઠસ્સાથી જીવવાની ભારતીય કિંત્સુગી કળા જ છે!

ચમત્કાર તો જુઓ, તૂટેલું વાસણ સંધાઈ ગયા પછી એની તિરાડોને કોઈ નકલી કલરથી છુપાવવામાં નથી આવતી, પણ એ અસલી સોનાની ચમકતી પીળી રેખાઓ બનીને આખા વાસણની દીવાલ પર ઉભરી આવે છે! જાપાનીઓ માને છે કે સોનાથી સંધાયેલું વાસણ હવે પહેલાં કરતાં પણ હજાર ગણું કિંમતી, સુંદર અને 'અનુભવી' બની ગયું છે, કારણ કે હવે એ જૂનું વાસણ નથી રહ્યું, એની પાસે પોતાની અનોખી વાર્તા છે, ખાસ કહી શકાય એવો પોતાનો સંઘર્ષમય ઈતિહાસ છે. એ તૂટ્યા પછી પણ ફરી બેઠું થવાનો ઠસ્સો ધરાવે છે, એ પાછું લટકામાં...

હકીકતમાં તો, કિંત્સુગીની કળા માત્ર માટીના વાસણો પૂરતી મર્યાદિત નથી, એ આપણા મનનો અને આપણી જિંદગીનો જીવતો-જાગતો અરીસો છે. આપણે સોશ્યલ મીડિયાના કૃત્રિમ, નકલી યુગમાં શ્વાસ લઈ રહ્યા છીએ. ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પર દરેક માણસ ફિલ્ટરો લગાવીને પોતાની જાતને 'પર્ફેક્ટ' અને સુખી બતાવવાની આંધળી હોડમાં લાગ્યો છે. આપણા અંદરના ઘા, ભૂતકાળની હૃદય તોડી નાખનારી નિષ્ફળતાઓ અને તૂટેલા સંબંધોના ડંખ પડ્યા છે. આખી દુનિયાથી એ બધું છુપાવવા માટે રાત-દિવસ મથીએ છીએ, થાકીએ છીએ અને ફાઈનલી હારીએ છીએ...

જાપાનીઓ માને છે કે સોનાથી સંધાયેલું વાસણ હવે પહેલાં કરતાં પણ હજાર ગણું કિંમતી, સુંદર અને 'અનુભવી' બની ગયું છે.

જે માણસ પોતાની ભીતર રહેલી ખામીઓ, નબળાઈઓ કે ભૂતકાળની ભૂલોને દુનિયા સામે છુપાવવાનો મિથ્યા પ્રયાસ કરે છે, એ અંદરથી એટલો જ ખોખલો, એકલવાયો અને તણાવગ્રસ્ત બને છે. એનાથી વિપરીત, જે માણસ મોટું મન રાખીને પોતાની અપૂર્ણતાનો, અધૂરાપણાનો સ્વીકાર કરી લે છે. એનું માનસિક સ્વાસ્થ્ય પથ્થર જેવું મજબૂત રહે છે. એને દુનિયાના કોઈ જજમેન્ટનો ડર નથી લાગતો.

જિંદગીની તૂટેલી તિરાડો પર આત્મવિશ્વાસનું 'સોનું' ઓગાળીને લગાવીએ ત્યારે આપણું વ્યક્તિત્વ પહેલાં કરતાં પણ વધુ ખીલી ઉઠે છે. મનમાં ઘા હોવા એ તો જીવતા માણસની નિશાની છે. એ ઘાના ડાઘ સાથે પણ હસતા મુખે, સન્માનપૂર્વક જીવવું એ તો જિંદગી માણવાની કળા છે.

ભવિષ્યમાં કદાચ માણસ ગમે તેટલો આધુનિક થઈ જાય, ટેક્નોલોજી ગમે તેટલી આગળ વધી જાય અને આપણે ગમે તેટલા મશીની પર્ફેક્શન અને અલ્ગોરિધમ વચ્ચે ઘેરાઈ જઈએ, પણ છેલ્લે તો માણસ થાકીને પોતાની સાદગી, પોતાના મૂળિયાં અને અસલી વહેતા વહાલ તરફ જ પાછો ફરશે. સાચું સુખ કોઈ નકલી મુખવટો પહેરીને દુનિયા સામે પર્ફેક્ટ દેખાવાના નાટકમાં નથી. ■

**ધ એન્ડ**

*જો તમે કોઈને ચાહતા હોવ તો એને આઝાદ કરી શકો છો, જો એ પાત્ર પાછું ફરે તો એ તમારું જ છે અને ના આવે તો એ ક્યારેય તમારું થયું નહોતું. (રિચાર્ડ બાખ)*

# હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ચાર હાસ્ય કથા...

## હૃદય

એક માણસ કહેતો કે એ એનાં બધાં કામ પોતાના હૃદયનો અવાજ સાંભળીને જ કરે છે. તે એક કૉલેજના પ્રિન્સિપાલ હતા. એમણે એક હોશિયાર પ્રોફેસરને નોકરીમાંથી કાઢી મૂકીને એની જગ્યાએ કોઈ અજાણ્યા કારણસર એક અયોગ્ય પ્રોફેસરની નિમણૂક કરી. પ્રિન્સિપાલને જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું કે 'એમના દિલનો અવાજ કહેતો હતો કે આમ કરવાથી સંસ્થાનું ભલું થશે.'

પછી એમણે એક પટાવાળાનો આખા અઠવાડિયાનો પગાર કાપી લીધો, એક યુવાન છોકરીનાં લગ્ન એક વૃદ્ધ માણસ સાથે કરાવી દીધાં અને કારણ એ જ આપ્યું કે આ એમના હૃદયનો અવાજ હતો. આ જ રીતે ત્યાં હૃદયનો અવાજ સાંભળીને કામ થતા હતા. એમનો મોટો રૂઆબ હતો. કેટલાય માણસો એવા છે, જે હૃદયના અવાજ મુજબ જ કામ કરે છે.

એક દિવસ એક અકસ્માતમાં એમનું મૃત્યુ થઈ ગયું. જ્યારે લાશનું પોસ્ટમૉર્ટમ કરવામાં આવ્યું ત્યારે ડૉક્ટરોએ જોયું કે એમની છાતીમાં ક્યાંય હૃદય છે જ નહીં. ડૉક્ટરો સામે મોટી સમસ્યા ઊભી થઈ કે આ માણસ હૃદય વગર કેવી રીતે જીવતો રહ્યો!

આખા શરીરમાં શોધખોળ કર્યા પછી ઘણી મુશ્કેલીથી એમનું હૃદય પગના તળિયામાં મળી આવ્યું!

## દવા

કવિ 'અનંગ' એમની અંતિમ ક્ષણોમાં પહોંચી ગયા હતા.

ડૉક્ટરોએ સ્પષ્ટ કહી દીધું હતું કે તે બહુ બહુ તો એકાદ કલાકના મહેમાન છે. અનંગનાં પત્નીએ કહ્યું, 'ડૉ. એમને કોઈ એવી દવા આપો જેથી તેઓ ૫-૬ કલાક જીવતા રહી શકે અને સાંજની ટ્રેનમાં

આવી રહેલા એમના દીકરાને મળી શકે.' પણ ડૉક્ટરોએ કહ્યું કે 'કોઈ પણ દવા એમને એક કલાકથી વધુ જીવતા નહીં રાખી શકે.'

બરાબર એ જ સમયે અનંગજીના એક મિત્ર ત્યાં આવ્યા. મિત્રએ કહ્યું, 'ડોન્ટ વરી, હું એમને ઘણા કલાકો સુધી જીવતા રાખી શકું એમ છું.'

ડૉક્ટરોએ હસીને કહ્યું, 'એ અશક્ય છે.'

પેલા મિત્રએ કહ્યું, 'ભલે, પણ મને એક કોશિશ તો કરવા દો! તમે બધા લોકો મહેરબાની કરીને બહાર જાઓ.'

બધા લોકો રૂમની બહાર ચાલ્યા ગયા. પેલા મિત્ર અનંગજીની પાસે બેઠા ને કહ્યું, 'અનંગજી, હવે તો તમે હંમેશાં માટે જઈ રહ્યા છો. તમારો આ મધુર અવાજ હવે ક્યાં સાંભળવા મળશે! જતાં-જતાં કોઈક કવિતા સંભળાવતા જાઓ!'

આ સાંભળતાં જ અનંગજી બેઠા થઈ ગયા ને બોલ્યા, 'ઇચ્છા તો નથી, પણ તમારી આ વિનંતી ટાળી શકાય તેમ નથી. સારું, કબાટમાંથી મારી કવિતાની ડાયરી કાઢીને આપો.'

મિત્રએ ડાયરી હાથમાં આપી અને અનંગજી પોતાની કવિતાઓ એક પછી એક સંભળાવા લાગ્યા. કલાકો વીતી ગયા. સાંજની ટ્રેન આવી ગઈ અને એમનો દીકરો પણ આવી પહોંચ્યો. દીકરાએ રૂમમાં પ્રવેશતાં જ જોયું કે પિતાજી હજી કવિતાઓ વાંચી રહ્યા છે અને એમના મિત્ર (કવિતા સાંભળી સાંભળીને) મૃત હાલતમાં પડેલા હતા!

## રોટલી

લોકશાહીના રાજાએ જહાંગીરની જેમ પોતાના મહેલની સામે એક ઘંટ અને સાંકળ લટકાવી રાખી હતી. એમણે એલાન કરાવી દીધું હતું કે 'જેને પણ ફરિયાદ કરવી હોય, તે સાંકળ ખેંચે... રાજા પોતે ફરિયાદ સાંભળશે.'

એક દિવસ એકદમ દૂબળો, નબળો માણસ લથડિયા ખાતો ખાતો ત્યાં આવ્યો અને એના અશક્ત હાથોથી સાંકળ ખેંચી. લોકશાહીના રાજા તરત જ મહેલની ગૅલેરીમાં આવ્યા અને પૂછ્યું, 'ફરિયાદી, તું શું ઇચ્છે છે?'

ફરિયાદીએ કહ્યું, 'રાજા, તારા રાજમાં અમે ભૂખે મરી રહ્યા છીએ. અમને અન્નનો દાણો નથી મળતો.

મને રોટલી જોઈએ છે. મેં કેટલાય દિવસોથી ખાવાનું ખાધું નથી. હું બસ, એક રોટલી માગવા આવ્યો છું.'

રાજાએ ખૂબ સહાનુભૂતિપૂર્વક કહ્યું, 'ભાઈ, તારા દુઃખથી મારું હૃદય દ્રવી ઊઠ્યું છે. હું રોટલીની સમસ્યા પર આજે જ એક સ્પેશ્યલ કમિટી બનાવીશ, પણ મારે તને એક વિનંતી કરવી છે કે કમિટીનો રિપોર્ટ આવે એ પહેલાં તું બસ... મરતો નહીં.'

## હોનહાર

એક સ્ત્રી એના છોકરાને એક જ્યોતિષી પાસે લઈ ગઈ અને કહ્યું, 'પંડિતજી, આ છોકરાનું ભવિષ્ય

જણાવો. આગળ જતાં આ શું બનશે?'

જ્યોતિષીએ કહ્યું, 'માતા, તું આનાં કેટલાંક લક્ષણ જણાવ. આનામાં તેં શું ખાસ જોયું?'

સ્ત્રીએ કહ્યું, 'એ રાત્રે અચાનક બૂમો પાડે છે. જાગો! જાગો! આગળ વધો! આગળ વધો!'

જ્યોતિષીએ પૂછ્યું, 'સારું, જ્યારે એ આવી બૂમો પાડે છે, ત્યારે પોતે શું કરે છે?'

સ્ત્રી કહ્યું, 'એ તો ઊંઘતો હોય છે... પાડાની જેમ! ને એ ઊંઘમાં જ આવી બૂમો પાડે છે.'

જ્યોતિષીએ થોડું વિચારીને જવાબ આપ્યો, 'મા, તારા દીકરાનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે.'

'એમ પંડિતજી? તો એ મોટો થઈને શું બનશે?'

'એ કોઈ લોકશાહીના દેશમાં મોટો નેતા બની જશે.'




# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## રખેવાળની રોકડ રકમ સાથે રમત

એકવીસમી સદી બહુ ઝડપથી 'સેન્ચુરી ઓફ ફ્રસ્ટ્રેશન' - હતાશાની સદીની ઓળખ મેળવવાની દિશામાં આગળ વધી રહી છે. સવારે આંખ ઉઘડે અને રાત્રે બિડાય ત્યાં સુધીમાં આ આંખો ચકરાવે ચડી જાય, આંખે અંધારા આવી જાય કે એ પહોળી થઈ જાય એવી ઘટના દરરોજ બનતી હોય છે. કેટલીક ધ્યાનમાં આવે તો અનેક એવી પણ હોય કે નજરમાંય ન આવે. સાઉથ કોરિયામાં પૈસાના મામલે એક એવી ઘટના બની છે કે આર્થિક વ્યવહારમાંથી ચલણી નોટની બાદબાકી કરવાનો વિચાર કોઈને આવે તો એની નવાઈ નહીં લાગે. કોરિયાના જોન્ગજુ શહેરની બેંકમાં મેનેજર જ રોકડ રકમ સાથે રમત રમી ગયો, રૂઢ અર્થમાં અને સૂક્ષ્મ અર્થમાં સુધ્ધાં. કોઈ કલ્પના પણ ન કરી શકે એવા સરળ કીમિયાથી બેન્કની તિજોરી - vault - માંથી ૭૦ મિલિયન વન (દક્ષિણ કોરિયાનું ચલણ, આશરે ૪૫ લાખ રૂપિયા)ની ઉચાપત કરવામાં સફળ રહ્યો. સ્થાનિક અહેવાલ અનુસાર બેન્કના વિશ્વાસુ મેનેજરે સાચી ચલણી



નોટો તફડાવી એની જગ્યાએ ઓનલાઈન ઓર્ડર કરેલી બાળકોના રમવા માટેની રીંછ અને બતકના ચહેરા દર્શાવતી રમકડાંની નોટો ગોઠવી દીધી. નજીવો સ્ટાફ ધરાવતી બેંકમાં તિજોરીમાં જવાની પરવાનગી માત્ર મેનેજરને જ હતી. મેનેજર જ્યારે પણ ચલણી નોટોના બંડલ મૂકવા જતો ત્યારે અંદર અસલી સાથે નકલીની બદલી કરી નાખતો. લૂંટનો સિલસિલો ચાલી રહ્યો હતો એ દરમિયાન એક દિવસ કોઈ કર્મચારીને મેનેજરનું વર્તન શંકાસ્પદ લાગ્યું. એણે તરત મેનેજમેન્ટને ફરિયાદ કરી અને તાબડતોબ જાંચ માટે આદેશ છૂટ્યા અને મેનેજરની રમત પકડાઈ ગઈ. બેન્કની પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે એની તકેદારી તરીકે પોલીસ ફરિયાદ ટાળી બેંકે જાતે જ બધી તપાસ કરી. મેનેજરને બરતરફ કરવામાં આવ્યો અને સદનસીબે ચોરાયેલી બધી જ રકમ પાછી આવી ગઈ. બેન્ક દ્વારા કેસ બંધ કરી દેવામાં આવ્યો. જોકે, રમકડાંની બેન્કનોટના ફોટોગ્રાફ સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ ગયા અને જનતાને જાણ તો થઈ જ ગઈ.

## ચીનમાં ચશ્મીસ ચોરની ચાલબાજી



રમતિયાળ ગીતો માટે જાણીતા દેવાંગ પટેલના 'ચશ્મીસ ચશ્મીસ મને લોગ બોલે'માં ઠઠ્ઠા - ઉપહાસનો ભાવ છે. કોલેજમાં કોઈને 'એ ચશ્મીસ' ઉતારી પાડવાના આશય સાથે જ કહેવામાં આવતું. જોકે, ચીનમાં ચશ્મીશ વિદ્યાર્થીઓ અતિ સ્માર્ટ ગણાય છે. પરીક્ષા ખંડમાં આવા વિદ્યાર્થીઓ પર ધ્યાન રાખવા સુપરવાઈઝરએ બિલોરી કાચ લઈ ફરવું પડતું હોય છે. પહેલી જુલાઈએ આપણે 'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિનની ઉજવણીમાં મશગૂલ હતા ત્યારે સાઉથ ચાઈના એગ્રિકલચરલ યુનિવર્સિટીમાં લિન અટક ધરાવતા ચશ્મીશ વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરતા રંગે હાથ પકડાઈ ગયો હતો. હાથમાં ચશ્મા સાથે, AIની કરામતવાળા ચશ્મા સાથે કહેવું વધુ યોગ્ય કહેવાશે. પરીક્ષા ખંડમાં દેખરેખ રાખતા સુપરવાઈઝરના ધ્યાનમાં આવ્યું કે લિનના ચશ્માના કાચ થોડીક વાર માટે લીલા રંગના બની જતા હતા. 'ઉતાર તારા ચશ્મા, મારે ચેક કરવા છે' એવો આદેશ છૂટ્યો અને લિનએ તરત કબૂલી લીધું કે પોતે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સંચાલિત ચશ્મા પહેરી ચીટિંગ કરી રહ્યો હતો. લિન ચશ્માની ફ્રેમને સ્પર્શે એટલે પ્રશ્નપત્રનો ફોટો પડી જાય અને થોડીવારમાં એ ચશ્મા સવાલના જવાબ આપી દે અને લિનભાઈ ફટાફટ લખી નાખે. ફોટો લેતી વખતે ફ્રેમમાં થતી ગ્રીન લાઈટ કોઈના ધ્યાનમાં ન આવે એની સાવચેતી રાખવાની. જોકે, સ્માર્ટ સુપરવાઈઝરની આંખોએ આ મોડર્ન ચોરી પકડી પાડી. આ ઘટના સોશ્યલ મીડિયામાં વાયરલ થતાની સાથે કેટલાક વિદ્યાર્થિઓએ ગ્રીન લાઈટ ધ્યાનમાં ન આવે એ માટે શું કરવું એના ઉપાય સૂચવ્યા. બીજી એક વાત એ પણ બની કે ઓનલાઈન મળતા આ ચશ્માના ભાવ અચાનક વધારી દેવામાં આવ્યા. બીજિંગ, હેનાન તેમજ અન્ય કેટલીક જગ્યાએ પણ આ પ્રકારની ચોરીના કિસ્સા નોંધાયા છે.

## અને પેસેન્જર હવામાં ઓગળી ગયો



અજબ દુનિયામાં એવી ગજબની ઘટનાઓ બનતી રહે છે કે એ જાણ્યા પછી બે ઘડી વિશ્વાસ ન બેસે. મન માનવા - સ્વીકારવા તૈયાર જ ન થાય. ટીકુ તલસાણીયાની જેમ બૂમ પાડવાનું મન થાય કે 'યે ક્યા હો રહા હૈ?' સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલી ૫૫ વર્ષ જૂની એક ઘટના 'કુછ ભી હો સકતા હૈ' દલીલને સમર્થન આપનારી છે. ક્યારેક બુદ્ધિ કે તર્ક કામ ન કરે એવી ઘટના બનતી હોય છે. વાત એમ છે કે ૧૯૭૧ની ૨૪ નવેમ્બરે એક અનોખી ઘટના બની હતી. બપોરે બારના ટકોરે યુએસના ઓરેગોન રાજ્યના પોર્ટલેન્ડ શહેરથી એક વિમાન હવાઈપટ્ટી પર સરકી હવામાં ઉડાન ભરી વોશિંગ્ટનના સિએટલ શહેર જવા ઊપડ્યું. વિમાનમાં જે મુસાફરો હતા એમાં એક ડી. બી. કૂપર નામનો શખ્સ પણ હતો. તેણે ડેન કૂપરના નામે ટિકિટ બુક કરાવી હોવાની નોંધ છે. સાચું નામ કદાચ જુદું હોઈ શકે છે. વિમાન હવામાં ઊડવા લાગ્યા પછી મિસ્ટર કૂપરે પોત પ્રકાશ્યું અને વિમાન હાઈજેક થયું હોવાનું એલાન થયું. વિમાન અને મુસાફરોને બાનમાંથી મુક્ત કરવા એ શખ્સે બાનાની રકમ તરીકે બે લાખ ડૉલર માગ્યા. આશ્ચર્યજનક રીતે એ રકમ એને ઉડતા વિમાનમાં જ ચૂકવી દેવામાં આવી અને પછી જે થયું એ જોઈને બધાની આંખો પહોળી થઈ ગઈ. વિમાન વોશિંગ્ટન વિસ્તારમાં પહોંચ્યું ત્યારે ખંડણીની રકમ લઈ પેરેશૂટની મદદથી તેણે વિમાનમાંથી કૂદકો માર્યો અને જાણે કે હવામાં ઓગળી ગયો. એની ક્યારેય ઓળખ ન થઈ શકી કે પોલીસ એની ધરપકડ પણ ન કરી શકી. એવી માન્યતા છે કે ઊંચાઈએથી કૂદકો લગાવ્યા પછી કૂપર જીવતો નહીં બચ્યો હોય. જોકે ગુપ્તચર સંસ્થા એફબીઆઈએ ૪૫ વર્ષ તપાસ ચાલુ રાખી અને છેવટે ૨૦૧૬માં કેસ બંધ કરી દીધો. કોઈ પણ પ્રકારના પુરાવા મળે તો કાર્યાલય પર પહોંચાડવા અપીલ પણ કરવામાં આવી હતી. જોકે, ૧૦ વર્ષમાં કોઈ પણ જવાબ ન મળતા હવે આ કેસ કાયમ માટે માળિયે મૂકી દેવામાં આવ્યો છે.

## કચરો વીણવા ગઈ'તી મોરી સૈયર...

દુનિયામાં પરિસ્થિતિ સાપેક્ષ હોય છે. એક જ ઘટના અલગ અલગ વ્યક્તિ માટે જુદા જુદા અર્થ ધારણ કરી શકે છે. કોઈનું જોણું કોઈના માટે રોણું હોઈ શકે છે, જેમ કે જો કોઈ વેપારીને મોંઘવારીના કારણે સારો એવો નફો થતો હોય (વેપારી માટે જોણું/આનંદ) પણ આ જ મોંઘવારી સામાન્ય ગરીબ માણસ માટે ભરણપોષણની મુશ્કેલી બની જાય છે (ગરીબ માટે રોણું/દુઃખ). યુએસના આક્રમણને પગલે ચાલી રહેલું યુદ્ધ ઈરાન માટે આફત બની ગયું છે પણ એ જ યુદ્ધ ઈજિપ્ત માટે અવસર બની ગયું છે. યુદ્ધના રણશિંગા વચ્ચે વાંસળીના સૂર રેલાઈ રહ્યા છે. યુએસના હુમલાને કારણે ઈરાનના અર્થતંત્રને ઘસારો પહોંચી રહ્યો છે ત્યારે બે હજાર કિલોમીટર દૂર સ્થિત ઈજીપ્તની રાજધાની કૈરોની સીમા પરનો સાડા પાંચ ચોરસ કિલોમીટરનો વિસ્તાર 'ગાર્બેજ સિટી' - કચરાના શહેર તરીકે નામચીન વિસ્તારના અર્થતંત્રમાં અચાનક તેજી આવી છે. સિત્તેરેક હજારની વસતિવાળા આ 'ઉકરડાના ઉદ્યાન'નું અર્થતંત્ર કૈરોથી ઠાલવવામાં આવેલી નકામી - ફેંકી દેવાયેલી ચીજવસ્તુ ફેંદી, એનું વર્ગીકરણ કરી એને ફરી ઉપયોગમાં લાવવાની કોશિશ ફરતે વીંટળાયેલું છે. અહીંના લોકો ઝબાલીન (ઉકરડો



ફેંદનારા) તરીકે ઓળખાય છે. આ લોકોની મુખ્ય પ્રવૃત્તિ 'રિપરપઝિંગ'ની છે, જેમાં વીણી વીણીને અલગ તારવેલી આઈટમનું રૂપાંતર વાપરવા લાયક વસ્તુઓમાં કરી દેવામાં આવે છે. ટ્રમ્પના આક્રમણ પછી આ કચરો કરન્સી નોટ રળવાનું માધ્યમ બની ગયો છે. રિસાઈકલ્ડ આઇટમ્સની ડિમાન્ડ એટલી વધી ગઈ છે કે છેક બ્રાઝિલથી ઓર્ડર આવી રહ્યા છે. 'કથીરમાંથી કંચન' કહેવતનો સાક્ષાત અનુભવ લોકો કરી રહ્યા છે.

## લ્યો કરો વાત

*'જીવતો હાથી લાખનો મરે તો સવા લાખનો' બહુ જ જાણીતી કહેવત છે. જોકે, લુપ્ત થઈ ગયેલા મહાકાય પ્રાણી ડાયનાસોરની બાબતમાં આ કહેવત નવેસરથી 'જીવતો ડાયનોસોર લાખોનો, પણ મર્યા પછી અબજોનો' એ રીતે લખવી પડે એવું જોવા મળ્યું છે. યુએસના ન્યુયોર્ક શહેરમાં 'ગસ' નામ ધરાવતું ડાયનાસોરનું એક હાડપિંજર અધધ કહી શકાય એવી રકમમાં - ૪૮૩ કરોડ રૂપિયામાં વેચાયું છે. આ સાથે 'સૌથી મૂલ્યવાન મરણોત્તર ડાયનાસોર'નો રેકોર્ડ એના નામે થઈ ગયો છે. અગાઉ ૨૦૨૪માં ૪૩૩ કરોડમાં વેચાયેલા બીકે એપેક્સના હાડપિંજરનો વિક્રમ તૂટી ગયો છે. ૩૮ ફૂટ લાંબા અને ખાસ્સું વજન ધરાવતું આ હાડપિંજર વૈજ્ઞાનિકો માટે ખજાના જેવું છે, કારણ કે એના પર અનેક પ્રયોગો કરી ઉત્ક્રાંતિને નવેસરથી સમજવાની કોશિશ કરવામાં આવશે. ૧૦ મિનિટ ચાલેલી નીલામી પછી ખરીદનારનું નામ ગુપ્ત રાખવામાં આવ્યું છે.*

feedback@bombaysamachar.com

# કચ્છી ચોવક

કિશોર વ્યાસ

## છાસ-ચાય ને પાણી...

છાસ, એ કચ્છી પ્રજા માટે અમૃત સમાન છે. પણ હવે છાસના બદલે ચાયનું ચલણ વધી ગયું છે. કચ્છી પ્રજામાં આદરણીય કવિ શ્રી કારાણી સાહેબે 'ચાય' અને છાસ પર લખેલી 'સંઘર' (સાંકળ) આજે પણ અતિ પ્રચલિત છે. ચાયનું ચલણ વધી જતાં એક ચોવક બની છે : 'છાયજા પીંધલ વ્યા, ને ચાયના પીંધલ રયા' આમ તો સાંપ્રતકાળને ધ્યાનમાં રાખીએ તો, ચાય માટે દૂધ જોઇએ અને દૂધ માટે દુઝણું જોઇએ! સમાજના ચોક્કસ વર્ગ માટે વધારે દૂધ ખરીદવું અને છાસ બનાવવી અને પીવડાવવી એ બન્ને માટે શ્રી અને સમયની અછત ઊભી થઇ છે. પણ છાસે વિદાય નથી લીધી એ પણ એક સત્ય છે. ખેર ! મૂકેલી ચોવકનો આમતો એવો અર્થ થાય છે કે, ગુણવત્તામાં ઘટાડો થવો, ગુણવતા શબ્દનો અનેકાર્થ માટે મેં ઉપયોગ કર્યો છે. વળી, તેનો શબ્દાર્થ તો સ્પષ્ટ છે જ કે, 'છાસ પીવાવાળાનું પ્રમાણ ઓછું થઇ ગયું અને ચા પીવાવાળા વધી ગયા.' આમ જોઇએ તો, છાસ પીવડાવવા વાળાનું પ્રમાણ પણ ઘટી ગયું છે. છાસે ચોવકમાં હજુ પણ સ્થાન જાળવી રાખ્યું છે.

ચાલો, માણીએ કેટલીક રસપ્રદ ચોવકો જે છાસનું મહત્ત્વ બતાવે છે. એક એવી ચોવક છે જે છાસનું અદ્‌ભુત મહત્ત્વ દર્શાવે છે, ચોવક છે : 'છેલો ઓસડ છાય' હવે સવાલ થાય છે કે, છાસને ઓસડનો છેલ્લો વિકલ્પ કેમ ગણી શકાય ? છાસ શક્તિદાયક પીણું છે, એ વાત સાચી પણ શું એ વૈકલ્પિક ઔષધ ગણી શકાય?

તેનો એક હૃદયસ્પર્શી અર્થ પણ નીકળી શકે... કે જ્યારે ભૂખ લાગી હોય અને ઘરમાં ખાવાનું કંઇ ન હોય, કે ખાવાનું કોઇ સ્થળ કે સંજોગોમાં ઉપલબ્ધ ન હોય ત્યારે તો એક તાંસળી ભરીને છાસ પી લીધી હોય તો, પેટ



ભરાઇ જવા જેવો ઓડકાર આવે! આ અર્થમાં પણ તેને ઓસડ ગણાવામાં આવી હોવાની શકયતા છે.

છાસ અંગે એક બીજી પણ ચોવક છે : 'છાય તો માઇતર પાણી' અહીં જે 'માઇતર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેનો અર્થ થાય છે, 'માવિત્ર' અથવા 'ઉદ્ધારક'! છાસ ઓછી કે અપૂરતી જણાય તો તરત જ તેમાં ગુણવત્તા જળવાઇ રહે તે રીતે પાણી નાખીને તેનું પ્રમાણ વધારી શકાય છે!

છાસ શબ્દનો અન્યથા પણ પ્રયોગ કરવામાં આવ્યો છે : 'છાય મેં મખણ વિંઝેને રન ફૂવડ ચોવા જે.' જેનો શબ્દાર્થ છે. 'છાસમાં માખણ જાય અને, રન એ ઘરની ગૃહિણી માટે વપરાયેલો થોડો હલકી કોટીનો શબ્દ છે. પણ જેટલો હલકી કોટીનો એ શબ્દ છે, એ અર્થમાં ચોવકમાં નથી વપરાયો ! અહીં એ હળવા કટાક્ષ માટે ઉપયોગમાં લેવાયો છે. માખણવાળી છાસ પીવા માટે કોઇની સામે ધરવામાં આવે એ એક ઐશ્વર્યનાં દર્શન સ્વરૂપ છે. પણ જો માખણ છાસમાં ચાલ્યું જાય તો ઘી કયાંથી બને? એટલે છાસ પરથી માખણ ઉતારી લેવાની ત્રેવડ જે ગૃહિણીમાં નથી તેને ફૂવડ, એટલે કે અણઆવડતવાળી ગણવામાં આવે છે. તેનો અભિભૂત અર્થ એવો પણ થાય કે, 'કોઇની લાગણીનો અવળો અર્થ કરવો!'

છાસમાં પાણી ઉમેરવાની વાત આવી એટલે પાણી શબ્દના પ્રયોગ સાથે બનેલી કેટલીક ચોવકોનું સ્મરણ થયું! ચોવક છે : 'ભોં મે પાણી ઉતર્યો ત ન ચડે! ઘરની વહુવારુનું એક વખત 'પાણી' ઊતરે તો પાછું ન ચઢે! ઘરમાં સતત અપમાનિત થતી સ્ત્રીને સમાજ પણ માન ન આપે! અહીં પાણી 'આબરુ'ના સંદર્ભમાં પણ વપરાયો છે.

'પાણી જંઘે સે કીં ન વરે.' જંઘવું એટલે વલોણું, કરવું. છાસના (દહીંના) વલોણા હોય, પાણીનાં ન હોય! છાસનું વલોણું કરવાથી માખણ મળે, પાણીનાં વલોણાંથી પાણી જ મળે! મતલબ કે ફોગટની મહેનત! ■

# મુંબઈમાં સીજેપીતરફી વિરોધ પ્રદર્શનનો બીજો દિવસ

મુંબઈઃ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે દિલ્હીમાં સીજેપીના આંદોલન પર થયેલા પોલીસ દમનની નિંદા કરવા માટે મંગળવારે મુંબઈમાં સતત બીજા દિવસે વિરોધ પ્રદર્શનો થયા હતા. આ પહેલાં સોમવારે ચોમાસુ સત્રના પ્રથમ દિવસે સીજેપી દ્વારા કાઢવામાં આવેલી સંસદ કૂચ દરમિયાન હિંસક ઘર્ષણ અને પથ્થરમારો થયો હતો, જેને વિખેરવા માટે દિલ્હી પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના એ દાદરમાં શિવાજી પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં પાર્ટી પ્રમુખ રાજ ઠાકરેના પત્ની શર્મિલાએ પણ ભાગ લીધો. શિવસેના (યુબીટી) એ ડોંગરી વિસ્તારમાં પ્રદર્શન કર્યું.

સીજેપીના આંદોલન પ્રત્યે એકતા દર્શાવવા માટે સ્થાનિક રહેવાસીઓના એક જૂથે વિરોધ રેલી કાઢીને હાઈવે બ્લોક કરવાનો પ્રયાસ કર્યા પછી મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં તણાવ પ્રવર્તી ગયો હતો. આ રેલી સિદ્ધાર્થ (જુઓ પાનું ૪) ▶▶

## ‘ઈન્ડિયા બ્લોક’ આતંકવાદ જેવી પરિસ્થિતિ ઊભી કરી રહ્યું છેઃ વિપક્ષનો વળતો પ્રહાર

મુંબઈઃ મહારાષ્ટ્ર ભાજપના વિધાન પરિષદના સભ્ય સદાભાઉ ખોતએ મંગળવારે આરોપ લગાવ્યો કે ઈન્ડિયા બ્લોક દિલ્હીમાં સીજેપીના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શન દ્વારા દેશમાં આતંકવાદ જેવી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ નિવેદન સામે વિપક્ષ તરફથી તીવ્ર પ્રતિભાવ મળ્યો હતો.

સોમવારે દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા વિવિધ પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે અને શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી માટે સંસદ તરફ સંસદ ચલો કૂચનું આહ્વાન કરવામાં આવ્યું હતું. મોરચા દરમિયાન વિરોધીઓ અને સુરક્ષા કર્મચારીઓ વચ્ચે અથડામણ થઈ હતી.પોલીસના એક નિવેદનમાં દાવો કરવામાં આવ્યો (જુઓ પાનું ૪) ▶▶

## પોતાની રાજકીય ભાખરી શેકવા સીજેપીનો ઉપયોગ કર્યોઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે ‘કોકરોચ જનતા પાર્ટી’ના આંદોલનમાં ભાગ લેનારા ઘણા લોકોની ચિંતાઓ વાજબી હતી, પરંતુ કેટલાંક તત્ત્વોએ પોતાના સ્વાર્થ સાધવા માટે તેનો ઉપયોગ કર્યો છે. પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવો એ લોકશાહી અધિકાર છે, પરંતુ આંદોલનની આડમાં થતી હિંસા સામે કડક પગલાં લેવામાં આવશે. ‘‘જાણીજોઈને રાજકીય અસ્થિરતા ઊભી કરવાનો પ્રયાસ કરવો, પરવાનગી (જુઓ પાનું ૪) ▶▶

## પિતાની હત્યાઃ પુત્ર ઝડપાયો

બીડઃ બીડ જિલ્લામાં ઉછીના લીધેલાં નાણાં પાછા ન આપી શકનારા ૬૦ વર્ષના પિતાની શસ્ત્રના ઘા ઝીંકી હત્યા કરવા બદલ પુત્રની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ઇસાક શેખ ઇસાક ઇસ્માઇલ શેખે નાના પુત્ર-પુત્રીનાં લગ્ન માટે મોટા પુત્ર શૌકત શેખ પાસેથી એક લાખ રૂપિયા ઉછીના લીધા હતા.ઇસાક શેખે ૩૦ હજાર રૂપિયા શૌકતને પાછા કર્યા હતા, પણ બાકીના ૭૦ હજાર રૂપિયા તે પાછા આપી શકતો ન હોવાથી શૌકત રૂપિયાની વારંવાર માગણી કરી રહ્યો હતો અને તેને કારણે પિતા સાથે તેનો ઝઘડો થતો હતો.૧૨ જુલાઇએ આ બાબતને લઇ બંને વચ્ચે ફરી ઝઘડો થતાં ઉશ્કેરાયેલા શૌકતે તેના પિતા ઇસાક શેખની બેરહેમીથી પીટાઇ કરી હતી અને તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો.ગંભીર રીતે ઘવાયેલા ઇસાકને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં ૧૮ જુલાઇએ તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ)■

## શિક્ષણ નીતિ અને વિરોધ કાર્યવાહી સામે આંબેડકરનું ૨૩ જુલાઈએ ‘બંધ’નું એલાન

મુંબઈઃ વંચિત બહુજન મોરચા (વીબીએ)ના અધ્યક્ષ પ્રકાશ આંબેડકરે મંગળવારે લોકોને કેન્દ્રની શિક્ષણ નીતિઓ અને દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ની આગેવાની હેઠળ ચાલી રહેલા આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓ અને સમર્થકો પર કથિત પોલીસ કાર્યવાહીના વિરોધમાં ૨૩ જુલાઈએ રાજ્યવ્યાપી બંધ પાળવાની અપીલ કરી હતી. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં આંબેડકરે (જુઓ પાનું ૪) ▶▶

## નાશિકમાં ફેક્ટરીમાં આગમાં બે જખમી

મુંબઈઃ નાશિક જિલ્લાના દિંડોરી તાલુકના રાસેગાંવમાં આવેલી એક ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં બે લોકો જખમી થયા હતા. દિંડોરીના તહેસીલદાર મુકેશ કાંબળેના જણાવ્યાં મુજબ સવારના ૧૧ વાગે સ્પેક્ટ્રમ એથર્સના પ્લાન્ટમાં આગ લાગી હતી, જેમાં બે જખમી થયા હતા.

પ્લાન્ટના હેડ આર.એસ. ચૌધરીના જણાવ્યા મુજબ કેમિકલ ભરેલા ડ્રમમાં પ્રેશરને કારણે તૂટી ગયા હતા અને આગ ફાટી નીકળી હતી. આગ જોકે ૧૫થી ૨૦ મિનિટમાં નિયંત્રણમાં લાવવામાં આવી હતી. (પીટીઆઈ) ■

## પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જથી અણ્ણા હઝારે નારાજ

મુંબઈઃ દિલ્હીમાં નીટ પેપર લીક મામલે સીજેપીના પ્રદર્શન દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયું હતું. ભીડને વિખેરવા પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. આ ઘટના બાદ વિપક્ષોએ સરકારની ટીકા કરી. સામાજિક કાર્યકર્તા અણ્ણા હજારેએ વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ પર પ્રતિક્રિયા આપતા અણ્ણા હજારેએ કહ્યું કે લોકશાહીમાં તમામ વિવાદો અને મતભેદો વાતચીત અને પરસ્પર સંમતિ દ્વારા ઉકેલી શકાય છે. હજારેએ કોઈપણ પક્ષ પર સીધી ટિપ્પણી કરવાનું ટાળતા સંવાદને જ સૌથી શ્રેષ્ઠ રસ્તો ગણાવ્યો હતો.

રવિવારે સવારે સોનમ વાંગચુકને જંતર-મંતર પરથી પોલીસ દ્વારા હટાવવામાં આવ્યા બાદ આંદોલનને લઈને અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી. તેમને હટાવ્યા બાદ એવો (જુઓ પાનું ૪) ▶▶

## ‘નીટ’ ફેર પરીક્ષામાં માર્ક્સની વિસંગતિઃ બીડનો વિદ્યાર્થી બોમ્બે હાઇ કોર્ટમાં

બીડઃ મહારાષ્ટ્રના બીડના એક ‘નીટ - યુજી’ ઉમેદવારે બૉમ્બે હાઇ કોર્ટમાં અરજી કરી દાવો કર્યો છે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)એ તેને ૨૧ જૂનના દિવસે લેવાયેલી પુનઃપરીક્ષામાં તેની ઓએમઆર (ઑપ્ટિકલ માર્ક રેકગ્નિશન) શીટ અને સત્તાવાર આન્સર કીમાંથી ગણતરી કરી ૫૨૨ માર્કને બદલે ફક્ત ૯૫ માર્ક આપ્યા છે.

અરજદાર સોહમ નીતિન ગવતેએ જણાવ્યું હતું કે એનટીએને ઇ - મેઇલ કરી વિસંગતતા અંગે સ્પષ્ટતા માગવા છતાં કોઈ જવાબ ન મળતાં તેને અદાલતનો સંપર્ક કરવાની ફરજ પડી હતી. ઔરંગાબાદ ખંડપીઠ સમક્ષ દાખલ કરાયેલી આ અરજી પર ૨૩ જુલાઈએ સુનાવણી થવાની છે.

અરજદારે જણાવ્યું હતું કે તેણે ધોરણ ૧૦ માં ૯૪.૬ ટકા અને ધોરણ ૧૨ (વિજ્ઞાન) માં ૭૪.૧૭ ટકા મેળવ્યા છે અને ૨૧ જૂને ‘નીટ - યુજી’ પરીક્ષા આપી હતી. ૧૪ જુલાઈએ પ્રકાશિત થયેલી ઓએમઆર રિસ્પોન્સ શીટના બે (જુઓ પાનું ૪) ▶▶

## નાટકવેડા કરી સરકારને બદનામ કરે છેઃ બાવનકુળે

નાગપુરઃ મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ મંગળવારે કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના ‘નીટ’ વિરોધી વિશાળ વિરોધને નૌટંકી (નાટકવેડા)ગણાવી દાવો કર્યો હતો કે પરીક્ષાની અનિયમિતતાઓ પર રોષ ઊભો કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનો બચાવ કરી ભાજપના વરિષ્ઠ નેતાએ સીજેપીના મોરચા દરમિયાન કથિત પથ્થરમારા અંગે તપાસની માંગ કરીને જવાબદારી ટાળવાનો (જુઓ પાનું ૪) ▶▶



**ગોવંડી સ્ટેશનની કાયાપલટઃ** મુંબઈ ઉપનગરીય રેલવેના હાર્બર લાઇન પર ગોવંડી સ્ટેશનની કાયાપલટ માટે રેલવે વહીવટીતંત્રે વિવિધ વિકાસ કાર્યોને વેગ આપ્યો છે. મુસાફરોને સલામત, સરળ અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્યથી સ્ટેશન પર એક નવા ડેકનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું છે. આ ડેક પર એક જગ્યા ધરાવતી ટિકિટ ઓફિસ, રેલ્વે પોલીસ માટે એક અલગ રૂમ અને મુસાફરો માટે જરૂરી વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. સ્ટેશન પર મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, ભીડનું આયોજન કરવા અને મુસાફરોની મુસાફરીને વધુ અનુકૂળ બનાવવા માટે આ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. હાલમાં, આ પ્રોજેક્ટનું કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે, અને એવી અપેક્ષા છે કે કાર્ય પૂર્ણ થયા પછી ગોવંડી સ્ટેશન પર સુવિધાઓ વધુ કાર્યક્ષમ અને આધુનિક બનશે. (અમય ખરાડે)

## બેસ્ટ કર્મચારીઓની ૧૫ ઑગસ્ટ બાદ ફરી હડતાળ પર ઊતરી જવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સુધારિત વેતન શ્રેણી, મહાનગરપલિકાના કર્મચારીઓ સમકક્ષ દરજ્જો, ખોટમાં રહેલા બેસ્ટ ઉપક્રમને આર્થિક મદદ અને કૉન્ટ્રેક્ટ પર રહેલા કર્મચારીઓને પણ કાયમી કર્મચારીઓ જેટલો પગાર જેવી માગણીઓ સાથે બેસ્ટ સંયુક્ત કામગાર કૃતિ સમિતિએ ફરી હડતાળ પર ઊતરી જવાની ધમકી આપી છે. ૧૫ ઑગસ્ટ સુધી માગણીઓ પૂર્ણ ન કરી તો કર્મચારી અનિશ્ચિત મુદત માટે હડતાળ પર ઊતરી જશે એવી ચેતવણી આપવામાં આવી છે.

નાયબ મુખ્ય પ્રધાન સાથે ૨૧૪ જૂનના (જુઓ પાનું ૪) ▶▶

## હવે બોરીવલીમાં બસ ડિવાઇડર સાથે અથડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલી (પૂર્વ)માં દૌલતનગર બસ સ્ટેન્ડ નજીક સોમવારે મોડી સાંજે એક અજાણ્યા બાઇક ચાલકને બચાવવાનો પ્રયાસ કરતી વખતે બેસ્ટ બસ રોડ ડિવાઇડર સાથે જોશભેર ભટકાઈ હતી. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે મુસાફરોને ઈજા થઈ નહોત અને મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

બેસ્ટ ઉપક્રમ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર માગાથાણા ડેપોની એ-૪૬૨ રૂટની બસ મોડી સાંજે વૈશાલી નગરથી બોરીવલી (પૂર્વ) તરફ જઈ રહી હતી. દૌલતનગર બસ સ્ટેન્ડ પહોંચતાની સાથે જ એક અજાણ્યો બાઇક ચાલક અચાનક ડાબી બાજુથી બસની સામે (જુઓ પાનું ૪) ▶▶

## છ મહિનાના બાળકે પિતાની હત્યાનું ખુન્નસ પાળ્યું અને ૨૩ વર્ષે વેરની વસૂલાત કરી

### પુણેની કાત્રજ ટનલ પાસે જામીન પર છૂટેલા આરોપીની નિર્દયતાથી કરાયેલી હત્યાના કેસમાં યુવક અને તેના મિત્રની ધરપકડ

પુણેઃ પુણેમાં બનેલી ચોંકાવનારી ઘટનામાં છ મહિનાના બાળકે પિતાની હત્યાનું ખુન્નસ બે દાયકા સુધી મનમાં પાળ્યું અને છેક ૨૩ વર્ષે પિતાના હત્યારાને પતાવી નાખી વેરની વસૂલાત કરી હતી. કાત્રજ ટનલ પાસે જામીન પર છૂટેલા આરોપીની નિર્દયતાથી કરાયેલી હત્યાની તપાસમાં સામે આવેલી આંચકાજનક માહિતી પછી પોલીસે યુવક અને તેના મિત્રને પકડી પાડ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ બાબુરાવ કડુ-દેશમુખ (૪૦)નો મૃતદેહ ૧૧ જુલાઈએ ભોર તહેસીલમાં કાત્રજ ટનલ નજીકથી મળી આવ્યો હતો. તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી બાબુરાવની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે રાજગડ પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો (જુઓ પાનું ૪) ▶▶

## પતિની નિર્મમ હત્યાઃ પત્ની-પ્રેમીની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના શાહપુર તાલુકામાં અનૈતિક સંબંધમાં આડખીલીરૂપ બની રહેલા પતિની હત્યા કરીને તેનો મૃતદેહ ખીણમાં ફેંકી દેવા બદલ પત્ની અને તેના પ્રેમની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.શહાપુર તાલુકાની કિન્હવલી પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ જ્યોતિ વામન નિરગુડા અને તેના પ્રેમી ધનેશ મેંગાળ તરીકે થઇ હતી. બંનેને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેમને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર શહાપુર તાલુકાના દુર્ગમ વિસ્તારમાં ખીણમાંથી ૧૬ જુલાઇએ વામન નિરગુડા (જુઓ પાનું ૪) ▶▶

## ઈસ્ટર્ન ફ્રી-વેઃ ગર્ડર બેસાડવાનું કામ માત્ર ચાર કલાકમાં પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રી વેને છેડા નગરથી થાણે આનંદ નગર સુધી લંબાવવામાં આવી રહ્યો છે, જેમાં તાજેતરમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર સેગમેન્ટ લોન્ચરના ૫૯ મીટર લંબાઈના અને ૧૬૦ મેટ્રિક ટન વજનના બે ગર્ડરને લોન્ચ કરવામાં આવ્યા હતા. ટૅક્નિકલી અત્યંત જટિલ પ્રક્રિયા કરવા માટે ૧૮થી ૨૪ કલાકનો સમય લાગે છે, તે કામ માત્ર ચાર કલાકમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં સફળતા મળી હતી.

એમએમઆરડીએએ ૧૩.૯ કિમી લાંબા એલિવેટેડ ઇસ્ટર્ન ફ્રીવે વિસ્તરણ પ્રોજેક્ટ (છેડા નગરથી આનંદ નગર) હેઠળ વ્યસ્ત ગણાતા ઇસ્ટર્ન એક્સપ્રેસવે પર સેગમેન્ટ લોન્ચરના બે સેગમેન્ટ દરેક ૫૯ મીટર લાંબા અને ૧૬૦ મેટ્રિક ટન વજનના સફળતાપૂર્વક ઊભા કરીને બીજો એક મહત્ત્વપૂર્ણ એન્જિનિયરિંગ સીમાચિહ્ન પૂર્ણ કર્યો છે. ૧૮ થી ૨૪ કલાકનો સમય લેતી સમગ્ર જટિલ પ્રક્રિયા જે પૂર્ણ થવામાં ૧૮ થી ૨૪ કલાકનો સમય લાગે છે, તે ફક્ત ચાર કલાકમાં પૂર્ણ થઈ હતી.

મુખ્ય ગર્ડર લોન્ચરના ઊભારણી બાદ હવે સેગમેન્ટ લોન્ચર્સનો ઉપયોગ કરીને ૧,૬૩૨ પ્રીકાસ્ટ સેગમેન્ટ તબક્કાવાર ઊભા કરવામાં આવશે.

દરેક સેગમેન્ટનું વજન લગભગ ૯૦ મેટ્રિક ટન છે અને તે ૨૫ મીટર પહોળા સિંગલ-સેલ સેગમેન્ટ સુપરસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને બનાવવામાં આવશે, તેને કારણે વાયડક્ટના બાંધકામને વેગ આપશે અને પ્રોજેક્ટને આગામી મહત્ત્વપૂર્ણ તબક્કામાં લઈ જશે.

ઈસ્ટર્ન એક્સપ્રેસવે વિસ્તરણ પ્રોજેક્ટ ૧૩.૯ કિમી લાંબો છે અને સંપૂર્ણપણે એલિવેટેડ છ-લેનનો હાઈ-સ્પીડ કોરિડોર છે, જે થાણેના આનંદ નગરથી છેડાનગર, ઘાટકોપરને જોડે છે.

આ કોરિડોર આનંદ નગરથી મુલુંડ, ઐરોલી, જેવીએલઆર, વિક્રોલી, કાંજુરમાર્ગ, માનખુર્દ અને ઘાટકોપર થઈને જશે અને અંતે છેડાનગર ખાતે પૂરો થશે. આનાથી ઈસ્ટર્ન એક્સપ્રેસવે પર ટ્રાફિક ભીડને નિયંત્રિત કરવામાં મદદ મળશે અને મુસાફરી ઝડપી અને વધુ વિશ્વસનીય બનશે.

પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી દક્ષિણ મુંબઈ અને થાણે વચ્ચેની મુસાફરી માત્ર ૨૫-૩૦ મિનિટમાં પૂર્ણ થશે, જે માત્ર દૈનિક મુસાફરીને ઝડપી બનાવશે નહીં પરંતુ મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં કનેક્ટિવિટીમાં પણ સુધારો કરશે. ■

## પરેલની ગૉલ્ડ લોન્સ કંપનીના સૉફ્ટવેર અને બૅન્કિંગ સિસ્ટમ હૅક કરી ૭૮.૧૦ લાખની ઉચાપત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પરેલમાં આવેલી ખાનગી ગૉલ્ડ લોન્સ કંપનીના સૉફ્ટવેર અને બૅન્કિંગ સિસ્ટમનું એક્સિસ મેળવીને અજાણ્યા હૅકર્સે અઢી કલાકમાં ૧૮ ટ્રાન્ઝેક્શન દ્વારા ૭૮.૧૦ લાખ રૂપિયાની ઉચાપત કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. બીજે દિવસે આર્થિક વ્યવહારોનો તાળો મેળવતી વખતે કથિત સાયબર ફ્રોડની જાણ થતાં કંપનીના ડિરેક્ટરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

છેલ્લાં છ વર્ષથી પરેલની ગૉલ્ડ લોન્સ કંપનીમાં ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા અમિત માલપાણીએ આ મામલે સેન્ટ્રલ રિજન સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ૧૩ જુલાઈની સવારે ૧૦.૪૯થી બપોરે ૧૨.૧૮ વાગ્યા દરમિયાન ૧૮ ટ્રાન્ઝેક્શન દ્વારા ૭૮.૧૦ લાખ રૂપિયા વિવિધ અજાણ્યા બૅન્ક ખાતાંમાં ટ્રાન્સફર થયા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. પોલીસ ફરિયાદ (જુઓ પાનું ૪) ▶▶

## મેન્ગ્રોવ્સ બચાવવા હાઈ કોર્ટનો અતિક્રમણ હટાવવા આદેશ

મુંબઈઃ કાંદિવલી (વેસ્ટ) ના ચારકોપમાં આવેલા એક કુદરતી તળાવની સ્થિતિ, જ્યાં ગેરકાયદેસર અતિક્રમણ અને કચરો મેન્ગ્રોવ્સ માટે જોખમ ઊભું કરી રહ્યા છે, તેને ભયાનક ગણાવતા બોમ્બે હાઈકોર્ટે મંગળવારે જિલ્લા કલેક્ટરને તાત્કાલિક અતિક્રમણ હટાવવાનો નિર્દેશ આપ્યો, જેના પછી અરજદાર મ્યુનિસિપલ કોર્પોરેશન કચરો સાફ કરી શકે અને તળાવના સંરક્ષણ તથા સુશોભીકરણની કામગીરી હાથ ધરી શકે છે.

ગયા અઠવાડિયે, હાઈકોર્ટે બીએમસીને તળાવના રક્ષણ માટે દીવાલ બનાવવાની મંજૂરી માંગવાને બદલે પહેલા તેની આસપાસના અતિક્રમણ હટાવવા જણાવ્યું હતું. ૨૦૧૮ના ચુકાદા મુજબ, મહારાષ્ટ્રમાં મેન્ગ્રોવ્સ કાપવા માટે કોર્ટની મંજૂરી ફરજિયાત છે. જો કે, બીએમસીએ દાવો કર્યો હતો કે તેણે મેન્ગ્રોવ સેલ, મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી અને સ્ટેટ એન્વાયર્નમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી પાસેથી જરૂરી મંજૂરીઓ પહેલેથી જ મેળવી લીધી છે.

મંગળવારે, બીએમસીના વકીલે કોર્ટને જણાવ્યું કે આસપાસના ગેરકાયદેસર અતિક્રમણને કારણે લોકો તળાવમાં કચરો ફેંકી રહ્યા છે, જે મેન્ગ્રોવ્સને નુકસાન પહોંચાડે છે. બીએમસી અને રાજ્ય સરકાર સહમત થયા કે અતિક્રમણ હટાવ્યા બાદ કચરો આવતો બંધ થઈ જશે અને સફાઈ પછી ખારું પાણી ફરી કુદરતી રીતે તળાવમાં વહેવા લાગશે.

વકીલ સાકેત મોનેએ રજૂઆત કરી હતી કે, આ દરમિયાન બીએમસી કચરો અને તે વિસ્તારને સાફ કરવા માટે એક વ્યાપક ઝુંબેશ હાથ ધરશે. તળાવની વર્તમાન સ્થિતિના ફોટોગ્રાફ્સનું બારીકાઈથી નિરીક્ષણ કરીને, બેંચે તેને ભયાનક ગણાવી હતી. બેંચે નિર્દેશ આપ્યો હતો કે આગામી સુનાવણી દરમિયાન, તળાવના એ જ એંગલથી લીધેલા ફોટોગ્રાફ્સ બતાવવામાં આવે અને કહ્યું કે તે કુદરતી તળાવમાં કોઈપણ કચરો સહન કરશે નહીં. મુંબઈ ઉપનગર જિલ્લા કલેક્ટર દ્વારા તાત્કાલિક પગલાં લેવાની માંગ સાથે, હાઈકોર્ટે આ મામલાની આગામી સુનાવણી ૬ ઓગસ્ટ પર મુલતવી રાખી છે.

## થાણેમાં આઠ દિવસમાં ૧૫૨૪ હોર્ડિંગ્સ દૂર કર્યાંઃ પાંચ સામે કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ શહેરને કદરૂપુ બનાવતા અનધિકૃત પોસ્ટરો, બેનરો, ફ્લેક્સ અને હોર્ડિંગ્સ સામે થાણે મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સામે મોટા પાયે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, જેમાં ૧૩ થી ૨૦ જુલાઈ સુધી આઠ દિવસના અભિયાનમાં ૧,૫૨૪ જેટલા અનધિકૃત પોસ્ટરો, બેનરો, ફ્લેક્સ અને હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે. તથા નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે પાંચ ફોજદારી કેસ નોંધાયા છે.

તીન હાથ નાકા ખાતે ફૂટઓવર બ્રિજ પર લગાવવામાં આવેલ અનધિકૃત જન્મદિવસનું બેનર ૧૩ જુલાઈના રોજ તૂટી (જુઓ પાનું ૪) ▶▶

## સમલૈંગિક સંબંધની માગણીઃ સહકર્મીની હત્યા કરીને મૃતદેહ જંગલમાં ફેંકી દીધો

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણ તાલુકામાં સમલૈંગિક સંબંધની વારંવારની માગણીથી કંટાળીને ૪૨ વર્ષના સહકર્મીની હત્યા કર્યા બાદ મૃતદેહને જંગલમાં ફેંકી દેનારા ખાનગી કંપનીના બે કર્મચારીની ધરપકડ કરવામાં આવી હતી. મુરબાડમાં રહેનારા બંને આરોપીએ સહકર્મીની હત્યા કર્યા બાદ તેના દાગીના ચોરી લીધા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.પોલીસે હત્યાના કેસમાં ધરપકડ કરેલા બંને આરોપીની ઓળખ સૌરભ વિશ્વનાથ ગોલ્હે (૨૪) અને જ્ઞાનેશ્વર દત્તાત્રય કંઠે (૨૮) તરીકે થઇ હતી. કોર્ટે બંનેને પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે. કલ્યાણ- (જુઓ પાનું ૪) ▶▶

## અમરાવતીમાં આશ્રમના આધ્યાત્મિક ગુરુ સામે બળાત્કારનો ગુનો નોંધાયો

અમરાવતીઃ અમરાવતીમાં આશ્રમના વડા અને આધ્યાત્મિક ગુરુએ મહિલા પર વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો અને તે ૨૦૧૬માં તે સગીર હતી ત્યારથી તેનું જાતીય શોષણ કર્યું હતું, એવો પોલીસ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે રવિવારે આનંદ મઠના દત્તગિરિ ગુરુ જયરામજી મહારાજ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪ (૨) (બળાત્કાર) અને ૩૫૧ (૨) તેમ જ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો નોંધ્યો હતો.ચાંદુર રેલવે પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સુરેશ મ્હસ્કેએ જણાવ્યું હતું કે આરોપી ફરાર હોઇ તેની શોધ ચલાવવામાં આવી રહી છે. (પીટીઆઇ)

## કોલ્હાપુર જાતીય અત્યાચાર કેસમાં અણઘડ તપાસ બદલ બોમ્બે હાઈકોર્ટે પોલીસને ઝાટકીઃ તપાસ સીઆઈડીને સોંપી

મુંબઈઃ કોલ્હાપુરની એક આશ્રમ શાળાના હેડમાસ્તર અને શિક્ષક દ્વારા ૨૦૨૫માં એક સગીર છોકરી સાથે થયેલા જાતીય અત્યાચાર મામલે અણઘડ તપાસ બદલ બોમ્બે હાઈકોર્ટે પોલીસની ઝાટકણી કાઢી આ કેસની તપાસ મહારાષ્ટ્ર ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)ને સોંપી દીધી છે.ન્યાયમૂર્તિ વૃષાલી જોશી અને ન્યાયમૂર્તિ સંદેશ પાટીલની બનેલી કોલ્હાપુર ખંડપીઠે જણાવ્યું હતું કે કોઈ મહિલા આઈપીએસ અધિકારી ઉપલબ્ધ નહોતો એવા પોલીસ અધિક્ષકના દાવાથી તેઓ ચોંકી ગયા હતા. તપાસ ટીમના સુસ્ત અભિગમ અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ (પોક્સો) કાયદા અંગે સંપૂર્ણ અજ્ઞાનની ટીકા કરી હતી.

૧૩ જુલાઈએ આપવામાં આવેલા આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પીડિતાના માતા-પિતાએ અયોગ્ય પોલીસ તપાસનો આરોપ કરી તપાસને સ્વતંત્ર એજન્સીને સોંપવાની માંગણી સાથે હાઈકોર્ટમાં અરજી કરી હતી.ફરિયાદ અનુસાર આશ્રમ શાળાના હેડમાસ્તર અને એક શિક્ષકે સગીર પીડિતાને અયોગ્ય રીતે સ્પર્શ કરી શારીરિક અત્યાચાર કર્યો હતો. બંને આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટની સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# ક્રિકેટર અભિષેક પોરેલની ધરપકડ કરોઃ હાઈ કોર્ટ

## આઈપીએલમાં દિલ્હી વતી રમી ચૂકેલા ખેલાડી સામે બળાત્કારનો આક્ષેપ છે

કોલકાતાઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં દિલ્હી કૅપિટલ્સ વતી રમી ચૂકેલા વિકેટકીપર-બૅટ્સમૅન અભિષેક પોરેલની મુશ્કેલી વધી ગઈ છે. કોલકાતા હાઈ કોર્ટે તેની ધરપકડ કરવાનો પોલીસને આદેશ આપ્યો છે. માત્ર પોરેલ નહીં, બીજા બે જણને પણ પકડવાનો હુકમ અદાલતે બહાર પાડ્યો છે. પોરેલના તમામ ઇલેક્ટ્રૉનિક્સ ડિવાઇસ જપ્ત કરવાની સૂચના પણ મોગરા પોલીસ વિભાગને અપાઈ છે.

તબીબી ક્ષેત્રની એક વિદ્યાર્થિની પર બળાત્કાર કરવાનો અભિષેક પોરેલ પર આક્ષેપ છે. આ છોકરીએ પોલીસને અને અદાલતને જણાવ્યું છે કે પોરેલે તેની સાથે લગ્ન કરવાનું વચન આપીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો તેમ જ બન્નેના આ સંબંધને લગતી ઘટનાઓને રેકૉર્ડ કરી લીધી હતી. પોરેલ તમામ આક્ષેપો નકારી ચૂક્યો છે.

૨૩ વર્ષનો અભિષેક પોરેલ ૨૦૨૬ની આઇપીએલમાં દિલ્હી કૅપિટલ્સ વતી ચાર મૅચ રમ્યો હતો. ડોમેસ્ટિક ક્રિકેટમાં તે બંગાળ વતી રમે છે. અદાલતે તેના તમામ ડિવાઇસ જપ્ત કરવાનો પોલીસને આદેશ આપ્યો એ




પાછળનું કારણ એ છે કે તે કોઈને ફરિયાદી છોકરીની તસવીરો તથા વીડિયો કોઈને શૅર ન કરી શકે.

વિદ્યાર્થિનીનો આક્ષેપ છે કે અભિષેક પોરેલ સાથે જાન્યુઆરી, ૨૦૨૩માં પહેલી વાર તેનો સંપર્ક થયો હતો. ત્યાર બાદ બન્ને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી અને એક દિવસ તેના (વિદ્યાર્થિનીના) મમ્મી-પપ્પા બહારગામ ગયા હતા ત્યારે પોરેલ તેને મનકુંડૂ વિસ્તારમાં પોતાના ફ્લૅટ પર તેને લઈ ગયો હતો અને તેને શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરી હતી. ત્યાર બાદ બન્નેના પરિવારે લગ્ન બાબતમાં ચર્ચા કરી હતી, પરંતુ વાત આગળ નહોતી વધી અને વિદ્યાર્થિનીએ ગયા મહિને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

વિદ્યાર્થિનીએ ફરિયાદમાં કહ્યું છે કે ત્રણ વર્ષથી પોરેલ સાથે તેના સંબંધો હતા, પણ ગયા વર્ષે બન્ને વચ્ચે મતભેદ શરૂ થઈ ગયા હતા અને આરોપીએ કથિત રીતે તેની સાથે અંતર બનાવવાનું શરૂ કરી દીધું હતું તેમ જ મારપીટ પણ કરી હતી. વિદ્યાર્થિનીના મતે પોરેલે તેને લગ્નનું વચન આપ્યું હતું, પણ હવે લગ્ન કરવા તૈયાર નથી.

# બોલર હવે જાણી જોઈને ફ્રન્ટ-ફૂટ નો બૉલ ફેંકશે તો થશે સસ્પેન્ડ

## બીસીસીઆઇએ અપનાવી લીધા છે એમસીસીના આ ફેરફારો

નવી દિલ્હીઃ બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ થોડા દિવસ પહેલાં ડોમેસ્ટિક ક્રિકેટને લગતા કેટલાક નિયમોમાં ફેરફાર કર્યા હતા અને હવે ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા ક્રિકેટના ઘડવૈયા તરીકે જગવિખ્યાત મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)ના નિયમોને પૂર્ણપણે લાગુ કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. લંડન-સ્થિત એમસીસીએ ક્રિકેટના કેટલાક નિયમોમાં ફેરફારને બીસીસીઆઇ દ્વારા સ્વીકારી લેવામાં આવ્યા છે. ખાસ કરીને એક નિયમ એવો છે જેમાં જો બોલર જાણી જોઈને ફ્રન્ટ-ફૂટ નો બૉલ ફેંકશે કે તેનો કોઈ બૉલ નૉન-લૅન્ડિંગ હશે તો એ બોલરને મૅચમાંથી સસ્પેન્ડ કરી નાખવામાં આવશે. નૉન-લૅન્ડિંગ બૉલમાં બોલર તેનો બૉલ (બીમર) બૅટ્સમૅનની કમરથી કે ખભાથી ઊંચો રહે એ રીતે ફેંકે છે. નવા નિયમ અનુસાર હવે જો દિવસની અંતિમ ઓવરમાં વિકેટ પડશે તો પણ એ ઓવર પૂરી કરવી જ પડશે. અગાઉ આવી સ્થિતિમાં અમ્પાયર એ દિવસની રમત પૂરી થઈ ગઈ હોવાની જાહેરાત કરતા હતા.

એ ઉપરાંત, લેગ સાઇડના વાઇડ બૉલ વિશેનો નિયમ પણ બદલાયો છે. ભારતની ડોમેસ્ટિક ક્રિકેટમાં આ બધા ફેરફારો હવે આગામી સીઝનમાં જોવા મળશે અને એમાં રણજી ટ્રોફી, દુલીપ ટ્રોફી, વિજય હઝારે ટ્રોફી, સૈયદ મુશ્તાક અલી ટ્રોફી વગેરેનો સમાવેશ છે.

### બીસીસીઆઇ દ્વારા લાગુ થનારા ફેરફારો

(૧) હવે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં દિવસની અંતિમ ઓવર પૂરી કરવી જ પડશે. એ ઓવરમાં વિકેટ પડે એને પગલે ઓવર બાકી રાખીને બીજા દિવસે પૂરી કરવામાં આવે એવું હવે નહીં ચાલે. એ જ દિવસે એ ઓવર પૂરી કરવાની રહેશે.

(૨) બૅટ્સમેનો જો જાણી જોઈને શૉર્ટ રનની ચાલબાજી કરશે તો પછીના બૉલ પર કયો બૅટ્સમૅન સ્ટ્રાઇક પર આવશે એનો નિર્ણય લેવાનો અધિકાર ફીલ્ડિંગ ટીમના કૅપ્ટનને મળશે.

(૩) વન-ડે તથા ટી-૨૦માં લેગ સાઇડના વાઇડ બૉલ સંબંધમાં પણ નિયમ બદલાયો છે.

(૪) વન-ડે મૅચ દરમ્યાન ટીમના હેડ-કોચ ડ્રિન્ક્સ-ઇન્ટરવલ દરમ્યાન મેદાન પર આવી શકશે.

(૫) હવેથી બૉલને ડેડ જાહેર કરવા વિશે પણ નિયમ બદલાયો છે. હવે એ બાબતમાં બૉલ વિકેટકીપરના હાથમાં કે ફીલ્ડર પાસે હોવો જરૂરી નથી. હવે બૉલ ફીલ્ડર પાસે હશે કે મેદાન પર પડ્યો હશે તો પણ એ ડેડ ગણાશે.

(૬) જો કોઈ બોલરે જાણી જોઈને ફ્રન્ટ-ફૂટ નો બૉલ ફેંક્યો હશે તો તે એ ઇનિંગ્સમાં જ નહીં, પણ આખી મૅચમાં ફરી બોલિંગ નહીં કરી શકે.

(૭) જો કૅચ ઝીલવામાં કોઈ બૅટ્સમૅનથી ખલેલ પહોંચી હશે તો પછીના બૉલ પર કયો બૅટ્સમૅન સ્ટ્રાઇક પર આવશે એ ફીલ્ડિંગ ટીમનો કૅપ્ટન નક્કી કરી શકશે.

(૮) બૉલ ફેંકવામાં આવી રહ્યો હોય ત્યારે દરેક ફીલ્ડર બાઉન્ડરી લાઇનની અંદર હોવો જોઈશે. આ નિયમનો અર્થ એ છે કે મૅચની રમત બાઉન્ડરી લાઇનની અંદર જ થઈ રહી છે.

(૯) મેદાન પર જો કોઈ ખેલાડી ગેરકાનૂની સાધનનો ઉપયોગ કરતો હશે તો એની જાણકારી મૅચ રેફરી સુધી પહોંચાડવાનું કામ અમ્પાયરોનું રહેશે.

(૧૦) હવેથી બૉલ ફેંકાય ત્યારે જ વિકેટકીપરના ગ્લવ્ઝ સ્ટમ્પ્સની પાછળ હોવા જોઈશે. અગાઉ નિયમ એવો હતો જેમાં બોલર રન-અપ શરૂ કરતો ત્યારથી જ વિકેટકીપરે પોતાના ગ્લવ્ઝ સ્ટમ્પ્સની પાછળ રાખવા પડતા હતા. ■

# સ્પેનના ખેલાડીને મૅચમાંથી કાઢી નાખવા કરેલી માગણી બદલ મેસીની ટીકા







ન્યૂ યૉર્કઃ સ્પેને ૨૦૨૨ના વિજેતા આર્જેન્ટિનાને રવિવારે અહીં ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં ૧-૦થી હરાવ્યું એ પહેલાં એક તબક્કે સિલાસિલાબંધ ચોંકાવનારી ઘટના બની હતી જેમાં સુપરસ્ટાર લિયોનેલ મેસીએ રેફરીને જે અપીલ કરી એમાં તેને સફળતા તો ન મળી, ઊલટાનું સોશિયલ મીડિયા પર તેની ટીકા થઈ હતી.

આર્જેન્ટિનાના સ્ટાર-મિડફીલ્ડર એન્ઝો ફર્નાન્ડેઝને બીજું યલો કાર્ડ બતાવવામાં આવતાં તેણે એ 'રેડ કાર્ડ' બદલ મૅચમાંથી નીકળી જવું પડ્યું હતું અને આર્જેન્ટિનાની ટમી ગોલકીપર સહિત ૧૧માંથી ૧૦ ખેલાડીમાં ફેરવાઈ ગઈ હતી. થોડી જ વાર બાદ મેસીએ જાણે સ્પેનને જડબાતોડ જવાબ આપવાનું નક્કી કર્યું હોય એમ તેણે સ્પેનના માર્ક કુકુરેલા વિરુદ્ધ રેફરીને અપીલ કરી હતી.

ફિફાનો નિયમ છે કે મૅચ દરમ્યાન કોઈ પણ ખેલાડી હરીફ પ્લેયર સાથે વાતચીત કરતી વખતે કે તેને કંઈક કહેતી વખતે પોતાના મોઢા પર હાથ ન રાખી શકે. જો કોઈ પ્લેયર આ નિયમનો ભંગ કરે તો રેફરી તેને રેડ કાર્ડ બતાવે છે જેનો મતલબ એ છે કે એ ખેલાડીએ તત્કાળ એ મૅચની બહાર થઈ જવું પડે.

સ્પૅનિશ ડિફેન્ડર કુકુરેલા મૅચની અંતિમ પળોમાં એક તબક્કે મેસીની નજીક આવ્યો હતો અને પોતાના મોં પર હાથ રાખીને તેને કંઈક કહ્યું હતું. મેસી અને તેના સાથીઓએ તરત જ રેફરીને ફરિયાદ કરી હતી કે કુકુરેલાએ નિયમ તોડ્યો છે. જોકે રેફરીએ રિવ્યૂ માટે વીડિયો અસિસ્ટન્ટ રેફરી (વીએઆર)નો સંપર્ક કર્યો હતો જેમાં વીએઆરના રેફરી એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે કુકુરેલા એવું કંઈ અભદ્ર કે અપમાનજનક નહોતો બોલ્યો કે તેને રેડ કાર્ડ બતાવવું પડે.

ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ફૂટબોલર વેઇન રૂનીએ એક ટીવી ઇન્ટરવ્યૂમાં કહ્યું, 'આર્જેન્ટિનાના ખેલાડીઓ આ રીતે જ રમતા હોય છે. ખેલદિલી જેવું તો હોવું જ જોઈએને. લિયોનેલ મેસી જેવા દિગ્ગજ ખેલાડીએ આવું કર્યું એ જોઈને મને બહુ દુઃખ થયું.'

# પોર્ન સ્ટાર મિઆ ખલીફા ફાઇનલના સટ્ટામાં કરોડો કમાઈ!

ન્યૂ યૉર્કઃ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં રવિવારે સ્પેન જીતી જતાં એના ખેલાડીઓને જ તોતિંગ આર્થિક લાભ થયો છે એવું નથી, કારણકે પોર્નોગ્રાફી ફિલ્મોની ભૂતપૂર્વ અભિનેત્રી તથા લૅબનન-અમેરિકાની જાણીતી મીડિયા પર્સન તેમ જ મીડિયા ઇન્ફ્લ્યુએન્સર મિઆ ખલીફા પણ કરોડો રૂપિયા કમાઈ છે.

મિઆ ખલીફાએ સ્પેન-આર્જેન્ટિના ફાઇનલ પહેલાં ૧૦ લાખ ડૉલર (આશરે ૮.૫ કરોડ રૂપિયા)નો સટ્ટો લગાવ્યો હતો. તેની ધારણા સાચી પડી અને સ્પેન ચૅમ્પિયન બની ગયું. તેણે જે બેટ લગાવી હતી એમાં જીતી જતાં તેને ૧૬.૫ લાખ ડૉલર (અંદાજે ૧૪ કરોડ રૂપિયા) મળ્યા. બીજી રીતે કહીએ તો મિઆને લગભગ ૫.૫ લાખ ડૉલર (આશરે ૪.૭ કરોડ રૂપિયા)નો સીધો ફાયદો થયો.

મિઆએ ફાઇનલ બાદ ન્યૂ જર્સી સ્ટેડિયમમાંથી જ પોતાની ઘણી તસવીરો સોશ્યલ મીડિયા પર શૅર કરી હતી. તેણે સ્પેનના ટીનેજ સ્ટાર લેમિન યમાલની જર્સી પહેરી હતી.



એ સાથે તેણે પોતાની જીતવાળી શરતનો સ્ક્રીનશૉટ પણ પોસ્ટ કર્યો હતો અને મજાકિયા અંદાજમાં લખ્યું, 'મને ખાતરી હતી અને હું મોટા સ્તરે જીતી ગઈ. મને હોમ-કન્ટ્રી સ્પેન પર ગર્વ છે. જોકે મારી નસમાં સ્પેનનું રતીભાર રક્ત નથી.' તેની આ પોસ્ટ પર લાખો લોકોએ લાઇક અને કમેન્ટ કર્યા છે. ન્યૂ યૉર્કના સ્ટેડિયમમાં સ્પેને ફાઇનલમાં ફેરન ટૉરેસના ગોલની મદદથી આર્જેન્ટિનાને ૧-૦થી પરાસ્ત કરીને ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. ૨૦૧૦માં સ્પેને ફાઇનલમાં ઇનિએસ્ટાના એકમાત્ર ગોલની મદદથી નેધરલૅન્ડ્સને હરાવીને ટ્રોફી જીતી લીધી હતી.

# હું વિરાટભાઈની આભારી છુંઃ સિંધુ

## બૅડમિન્ટન-સ્ટાર બે વર્ષે જીતી ટ્રોફી, સફળ કમબૅકનું શ્રેય આ દિગ્ગજ ક્રિકેટરને આપ્યું

નવી દિલ્હીઃ જાપાન ઓપનનું ઐતિહાસિક ટાઇટલ જીતનાર ભારતની બૅડમિન્ટન-સ્ટાર પી. વી. સિંધુએ કહ્યું છે કે તે કરીઅરના સૌથી કઠિન સમયમાંથી પસાર થઈ રહી હતી ત્યારે વિરાટ કોહલીએ તેને મનોબળ પાછું મેળવવામાં જે મદદ કરી એ બદલ તેની તે આભારી છે. સિંધુએ જણાવ્યું, 'વિરાટભાઈને હું મળી, મને થોડી સમજાવી જેનાથી મારો દૃષ્ટિકોણ જ બદલાઈ ગયો હતો.'

બે ઑલિમ્પિક મેડલ જીતી ચૂકેલી સિંધુના મતે 'અમુક વ્યક્તિઓમાંથી વિરાટભાઈ એક એવી વ્યક્તિ છે જેણે સારી રીતે સમજી લીધું હતું કે ટોચની ઍથ્લીટ તરીકે હું કેવા પ્રકારની માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહી હોઈશ.'

સિંધુએ બે દિવસ પહેલાં જાપાન ઓપનમાં ઐતિહાસિક ટ્રોફી જીતીને ટાઇટલ જીતવાનો તેનો ૧૯ મહિનાનો દુકાળ દૂર કર્યો હતો. ટોક્યોની આ ટૂર્નામેન્ટ જીતનારી તે પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે. આ પહેલાં તે ડિસેમ્બર, ૨૦૨૪માં સૈયદ મોદી





ઇન્ટરનૅશનલ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીતી હતી. એ જ મહિનામાં સિંધુએ હૈદરાબાદના ઑન્ટ્રપ્રનર વેન્કટ દત્તા સાઇ સાથે લગ્ન કર્યાં હતાં.

સિંધુ હવે ચાઇના માસ્ટર્સમાં રમવા ચીન ગઈ છે. સિંધુએ 'એક્સ' પર જણાવ્યું છે કે 'હું વિરાટભાઈની આભારી છું. હું એક પછી એક ઇજાનો શિકાર થઈ રહી હતી અને કારકિર્દીના સૌથી મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી ત્યારે મેં વિરાટભાઈનો સંપર્ક કર્યો હતો. તેઓ બીજા જ દિવસે મારી સાથે મીટિંગ રાખવા તૈયાર થઈ ગયા હતા. તેમની સાથેની મીટિંગમાં મારા પતિ વેન્કટ પણ હાજર હતા અને વિરાટભાઈએ મને બહુ ઉપયોગી સલાહ આપી હતી, મને ખૂબ મૉટિવેટ કરી હતી. માત્ર આ વખતે જ નહીં, વિરાટભાઈ પાસે મેં જ્યારે પણ સલાહ માગી છે ત્યારે મને નિઃસંકોચે આપી છે.

# માર્શલ આર્ટ્સમાં ભારતના સંગ્રામે પાકિસ્તાની હરીફને ૮૦ સેકન્ડમાં હરાવી દીધો

ક્વાલા લમ્પુરઃ ભારતના મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (એમએમએ)ના ફાઇટર સંગ્રામ સિંહે અહીં રવિવારે પ્રતિષ્ઠિત સ્ટ્રાઇક એશિયા ચૅમ્પિયનશિપમાં પાકિસ્તાનના કટ્ટર હરીફ મોહમ્મદ આબિદ અલીને માત્ર ૮૦ સેકન્ડમાં હરાવીને નવો ઇતિહાસ સરજ્યો હતો. સંગ્રામ-અલી વચ્ચેની ફાઇટ માત્ર એક મિનિટ અને ૨૦ સેકન્ડ સુધી ચાલી હતી.

સંગ્રામ સિંહે અલી પર શરૂઆતથી જ (ઓપનિંગ બેલથી) પ્રભુત્વ જમાવ્યું હતું. સંગ્રામે તેને પૂરી તાકાત અને સચોટ મૂવથી નમાવ્યો હતો અને આગવી સ્ટાઇલમાં આ ફાઇટનો અંત લાવી દીધો હતો.

આ સાથે સંગ્રામ સિંહ એમએમએમાં હજી પણ અપરાજિત રહ્યો છે. તેણે પાકિસ્તાની હરીફ સામે મેળવેલું આ ટાઇટલ ભારતની જનતાને અર્પણ કર્યું હતું. તેણે કહ્યું હતું કે 'હું હંમેશાં મારા દેશના સપનાં અને ગૌરવને ધ્યાનમાં રાખીને મુકાબલામાં ઊતરું છું.'

સંગ્રામે આ અગાઉની એક એમએમએ સ્પર્ધામાં પાકિસ્તાનના જ અલી રઝા નાસિરને અને ટ્યૂનિશ્યાના હકીમ ટ્રાબેલ્સીને અને ફ્રાન્સના ફ્લોરિયન કૉડિયરને હરાવ્યો હતો.

# ચાહકો ત્રણ કલાક ઍરપોર્ટ પર ઊભા રહ્યા, પણ મેસી તેમની સામે આવ્યો જ નહીં

રૉઝેરિયો (આર્જેન્ટિના)ઃ ૨૦૨૨ ફિફા વર્લ્ડ કપના ચૅમ્પિયન અને ૨૦૨૬ વિશ્વ કપના રનર-અપ આર્જેન્ટિનાનો કૅપ્ટન લિયોનેલ મેસી થોડા દિવસ આરામ કરવા માટે તેમ જ બીમાર પિતા પાસે રહેવા માટે મંગળવારે વહેલી સવારે અમેરિકાથી સ્વદેશ આર્જેન્ટિનામાં પાછો આવ્યો હતો, પણ ત્રણ કલાકથી તેની રાહ જોઈને ઊભેલા તેના અસંખ્ય ચાહકોને તે જોવા નહોતો મળ્યો.

મેસી વર્લ્ડ કપ રમવા ગયો હતો અને પત્ની ઍન્ટોનેલા તેમ જ ત્રણ પુત્ર સાથે પાછો આવ્યો હતો. આ જ મહિનામાં તે પાછો અમેરિકા જશે જ્યાં તે ઇન્ટર માયામીની ટીમ વતી એમએલએસ ટૂર્નામેન્ટમાં રમશે.

મેસીના અનેક ચાહકો સોમવારે મધરાત બાદ ૩.૦૦ વાગ્યાથી વિમાનીમથકે મેસીની રાહ જોઈ રહ્યા હતા. ફ્લોરિડાથી તેનું પ્રાઇવેટ જેટ તેના શહેર રૉઝેરિયો નજીકના મથક પર સવારે ૬.૨૭ વાગ્યે આવી પહોંચ્યું હતું. મેસીના ઘણા ચાહકો તો વેલકમ-પોસ્ટર તેમ જ રાષ્ટ્રધ્વજ સાથે ત્રણ કલાકથી ઊભા હતા. જોકે ઍરપોર્ટ નજીક (ચાહકોના ટોળાથી દૂર) તેની સ્પોર્ટ્સ યુટિલિટી વેહિકલ (એસયુવી) ઊભી જ રાખવામાં આવી હતી એટલે મેસી સપરિવાર એમાં બેસી ગયો હતો અને ૩૦૦ કિલોમીટર દૂર આવેલા નિયત સ્થળે પહોંચી ગયો હતો. ટૂંકમાં, ઍરપોર્ટ પર રાહ જોતા ઊભેલા ચાહકોને મેસી જોવા જ ન મળ્યો. ■

# સ્પેનનો સુપરહીરો ફૂટબોલર ટૉરેસ કોચી, કોલકાતા, ગુવાહાટીમાં રમી ચૂક્યો છે

ન્યૂ જર્સીઃ રવિવારે ન્યૂ જર્સીના ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રમાયેલી ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની આર્જેન્ટિના સામેની રોમાંચક ફાઇનલમાં (૧૦૬મી મિનિટમાં) થયેલો એકમાત્ર ગોલ સ્પેનના જે ખેલાડીએ કર્યો હતો તેના ઇન્ડિયા કનેક્શનની બે દિવસથી ચર્ચા થઈ રહી છે અને એ વાત એવી છે કે નવ વર્ષ પહેલાં તે અન્ડર-૧૭ વર્લ્ડ કપ રમવા ભારત આવ્યો હતો.



રવિવારની ફાઇનલમાં સ્પેને ટૉરેસના ગોલની મદદથી આર્જેન્ટિનાને ૧-૦થી હરાવીને ૧૬ વર્ષે ફરી વર્લ્ડ ચૅમ્પિયનપદ મેળવ્યું હતું.

૨૦૧૭માં ટૉરેસ ૧૭ વર્ષનો હતો અને ત્યારે ફિફા અન્ડર-૧૯ વર્લ્ડ કપ ભારતમાં રમાયો હતો. ત્યારે ટૉરેસ સ્પેનની ટીમને મહત્ત્વનો ખેલાડી હતો. તેણે એ ટૂર્નામેન્ટમાં બે ગોલ કર્યા હતા તેમ જ તેના નામે બે આસિસ્ટ પણ હતા (સાથી ખેલાડીઓને બે ગોલ કરવામાં મદદ પણ કરી હતી). ઇંગ્લૅન્ડ સામેની ફાઇનલમાં સ્પેનનો ૨-૫થી પરાજય થયો હતો અને ટૉરેસ એ મૅચની ટીમમાં પણ હતો. સ્પેન એ વર્લ્ડ કપમાં સિલ્વર મેડલ જીત્યું હતું. એ ટૂર્નામેન્ટની મૅચો કોચી તેમ જ કોલકાતા અને ગુવાહાટીમાં પણ રમાઈ હતી અને ટૉરેસે એમાં સ્પીડ, સ્કિલ અને ફિનિશિંગની કાબેલિયતથી સૌને પ્રભાવિત કર્યા હતા. ભારતમાં ત્યારે છવાઈ ગયેલા ટૉરસે નવ વર્ષ પછી (રવિવારની ફાઇનલમાં) ગોલ કરીને સ્પેનને વિશ્વ કપનો તાજ અપાવ્યો. ■

# રોહિત શર્માને એક ખાસ સંકેત આપવા સિલેક્ટરોએ યશસ્વીને પડતો મૂક્યો હતો?

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન રોહિત શર્મા ઇંગ્લૅન્ડ સામેની છેલ્લી વન-ડે રમીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો હોવાની જોરદાર અટકળ વચ્ચે ક્રિકેટ બોર્ડે એ અફવાને ખોટી પાડતી સ્પષ્ટતા બે દિવસ પહેલાં કરી દીધી હતી, પરંતુ રોહિતના માતા-પિતા લંડન આવી ગયાં હોવાથી રોહિતના રિટાયરમેન્ટની થોડી અટકળ તો થઈ જ રહી છે એવામાં એક અહેવાલમાં જણાવાયું છે કે રોહિતને કોઈક પ્રકારનો સંકેત આપવા સિલેક્ટરોએ આ સિરીઝની ટીમમાં યશસ્વી જયસ્વાલને સામેલ ન કરીને રોહિતને સમાવ્યો હતો.

કહેવાય છે કે પસંદગીકારોએ જાણી જોઈને યશસ્વીને ડ્રૉપ કર્યો હતો કે જેથી તેઓ રોહિતને ઇશારામાં કહી




શકે કે તેને કારણે એક યુવા ખેલાડીને ટીમની બહાર રાખવો પડ્યો છે.

ટૅલન્ટેડ ઓપનર યશસ્વી જયસ્વાલ ત્રણેય ફૉર્મેટની ટીમમાં સામેલ કરી શકાય એવો ખેલાડી હોવાનું ઘણાનું માનવું છે. જોકે તેનું કમનસીબ એ છે કે તેને મોટા ભાગે ટેસ્ટની ટીમમાં જ સિલેક્ટ કરવામાં આવે છે. તે ટી-૨૦નો કે વન-ડેનો રેગ્યુલર પ્લેયર નથી. રોહિતના પ્રબળ



વિકલ્પ તરીકે યશસ્વીને જ ગણવામાં આવે છે. યશસ્વીએ ૨૯ ટેસ્ટમાં ૪૮.૭૫ની સરેરાશે કુલ ૨,૫૩૫ રન બનાવ્યા છે જેમાં સાત સેન્ચુરી સામેલ છે. તેણે છ વન-ડેમાં બે સદી ફટકારી છે અને તેની બૅટિંગ-ઍવરેજ ૭૦.૦૦થી વધુ છે. યશસ્વીએ બાવીસ ટી-૨૦ મૅચમાં ૧૬૦.૦૦થી વધુ સ્ટ્રાઇક-રેટથી ૭૨૩ રન બનાવ્યા છે.

# શાકભાજીની જેમ ફિફાની ટ્રોફીને પ્લાસ્ટિકની થેલીમાં પધરાવીને આ ભાઈએ તો ચાલતી પકડી...જાણી લો આખો મામલો

ન્યૂ યૉર્કઃ ફિફા વર્લ્ડ કપના ૯૬ વર્ષના ઇતિહાસમાં પહેલી વખત ૪૮ દેશ વચ્ચે રમાયેલી વિશ્વની એક જ રમતની આ સૌથી મોટી ટૂર્નામેન્ટમાં ટ્રોફી જીતવી એ સૌથી મોટું ગૌરવ કહેવાય, પરંતુ એ ટ્રોફી સાથે જો માનપૂર્વક વ્યવહાર કરવાને બદલે એનું જરા પણ અપમાન કરવામાં આવે એ બાબત તે વ્યક્તિ માટે તેમ જ તેના દેશ માટે ઠીક ન કહેવાય.

રવિવારે અહીં ન્યૂ જર્સી સ્ટેડિયમમાં ૨૩મા ફિફા વિશ્વ કપનું ટાઈટલ સ્પેને જીત્યા પછી કંઈક આવું જ બન્યું. સ્પેન ૨૦૧૦ બાદ (૧૬ વર્ષ પછી) ફરી એક વખત ફિફા વર્લ્ડ ચેમ્પિયન બન્યું એટલે સ્વાભાવિક રીતે સ્પેનના દરેક ખેલાડીએ ગર્વથી માથું ઊંચું રાખીને સ્ટેડિયમમાંથી વિદાય લીધી હતી.

જોકે સ્પેનનો ખેલાડી માર્ક કુકુરેલા ગર્વથી સ્ટેડિયમમાંથી બહાર આવ્યો, પરંતુ તેણે ટ્રોફી સાથે જે કંઈ કર્યું એ શર્મનાક કહેવાય. લોકો જેમ ફેરિયા પાસેથી કે દુકાનમાંથી શાકભાજીને પ્લાસ્ટિકની થેલીમાં પધરાવીને ચાલતી પકડે એવું કુકરેલાએ વર્લ્ડ કપ જીત્યા પછી પ્રતિષ્ઠિત વર્લ્ડ કપ ટ્રોફી સાથે કર્યું હતું.

કુકુરેલા સાથી ખેલાડીઓ ભેગો બહાર આવી રહ્યો હતો ત્યારે તેના હાથમાં




પ્લાસ્ટિકની બૅગ હતી અને એમાં રાખેલી વર્લ્ડ કપ ટ્રોફી દેખાતી હતી.

સામાન્ય રીતે ફિફા ૧૮ કૅરેટ ગોલ્ડથી બનાવેલી (અંદાજે એક કરોડ રૂપિયાની કિંમતની) ઑરિજનલ વર્લ્ડ કપ ટ્રોફી તો સ્વિટઝરલૅન્ડમાં પોતાની પાસે (પોતાના હેડ ક્વૉર્ટરના કબાટમાં) રાખે છે અને વર્લ્ડ કપ જીતનારી ટીમને એની સુવર્ણ જડિત રેપ્લિકા (અસલ ઑરિજિનલ ટ્રોફી જેવી જ દેખાતી ટ્રોફીની નકલ) આપે છે જેને એ ચેમ્પિયન ટીમ પોતાના ફૂટબૉલ ફેડરેશનને સુપરત કરી દે છે. વર્લ્ડ કપ જીતનાર ટીમના પ્રત્યેક ખેલાડીને અસ્સલ ટ્રોફી જેવી જ ખાસ બનાવેલી નાનકડી ટ્રોફી ડ્રેસિંગ રૂમમાં ભેટ તરીકે આપવામાં આવે છે અને સ્પેનના ખેલાડી કુકુરેલા પાસે એ જ નાની ટ્રોફી હતી. જોકે એ ટ્રોફી પણ મૂલ્યવાન જ કહેવાય અને એને પ્લાસ્ટિકની બૅગમાં તે જે રીતે લઈ જઈ રહ્યો હતો એ વીડિયોમાં જોઈને ઘણા ફૂટબૉલ પ્રેમીઓને નવાઈ લાગી હતી અને તેમણે સોશ્યલ મીડિયામાં ટિપ્પણીઓ પણ કરી હતી જેમાં કુકુરેલાની મજાક ઉડાવવામાં આવી હતી. જોકે તેણે વરસાદ હોવાથી ટ્રોફી એ રીતે રાખી હોવાનું એક અહેવાલમાં હતું.

# એચડીએફસી બૅન્કની આગેવાનીમાં વેચવાલીનું દબાણ વધતા બેન્ચમાર્કમાં ૨૩૮ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ઇન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, પાવર ગ્રીડ અને આઇટીસી જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ્સ શેરોમાં વેચવાલીના દબાણને કારણે વૈશ્વિક બજારોમાં સકારાત્મક વલણને અવગણીને, મંગળવારે ભારતીય ઇક્વિટી બેન્ચમાર્ક સતત બીજા સત્રમાં ઘટ્યા હતા. સેન્સેક્સ ૨૩૮ પોઇન્ટ ઘટીને ૭૭,૪૭૦ પર બંધ થયો હતો અને નિફ્ટી ઇન્ડેક્સ ૫૧ પોઇન્ટ ઘટીને ૨૪,૧૮૮ પર બંધ થયો હતો.

મધ્ય પૂર્વમાં મધ્યસ્થી પ્રયાસોએ ક્રૂડ ઓઇલના ભાવને એક મહિનાની ટોચથી દૂર ધકેલી દીધા હોવાથી એશિયન બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા, જ્યારે રોકાણકારો કોર્પોરેટ પરિણામો પર નજર સાથે શેરલક્ષી કામકાજમાં ગોઠવાયા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં ૧.૪૮ ટકા, સ્ટેટ બેન્કમાં ૧.૪૮ ટકા, ટીસીએસમાં ૧.૩૨ ટકા, ઇન્ફોસિસમાં ૧.૨૪ ટકા અને ટ્રેન્ટમાં ૧.૧ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. જ્યારે બજાજ ફિનસર્વ , ઇન્ટરગ્લોબ, અલ્ટ્રાટેક, એચસીએલ, મહિન્દ્રા અને ટાઇટનમાં સુધારો જોવા મળ્યો હતો. એસબીઆઇ ફંડમા શેર તેના ઇશ્યુ ભાવ સામે ૬.૨૭ ટકાના પ્રીમિયમે રૂ. ૬૧૦ના ભાવે લિસ્ટેડ થયા, તેનું માર્કેટ વેલ્યુએશન રૂ. ૧.૨૫ લાખ કરોડે પહોંચ્યું. માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા પાસે કન્ઝ્યુમર એક્સપિરિઅન્સ સોલ્યુશન પ્રોવાઇડર કંપની ફ્યુઝન સીએક્સે અંદાજે રૂ. ૧૦૦૦ કરોડનો આઇપીઓ લાવવા માટે દસ્તાવેજ જમા કરાવ્યા છે. કંપની ૧૩ દેશમાં હાજરી ધરાવે છે અને આગામી સમયમાં ઓસ્ટ્રેલિયા અને જર્મની સહિતની નવી બજારોમાં પ્રવેશ ઉપરાંત એક્વિઝિશનની યોજના પણ ધરાવે છે. અત્યાર સુધીમાં કંપનીએ ૧૫ એક્વિઝિશન કર્યા છે.

પેટીએમે પ્રથમ ક્વાર્ટરમાં ૨૮ ટકાના વધારા સાથે રૂ. ૨૪૪૮ કરોડની રેવન્યૂ નોંધાવી, એબિટા રૂ. ૨૦૩ કરોડ રહ્યો. એડવિટ જ્વેલ્સ લિમિટેડે વાર્ષિક ધોરણે ૩૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૬,૭૦૩ લાખની કુલ આવક, ૩૩ ટકાના વધારા સાથે રૂ. ૪,૯૨૪ લાખનો એબિટા તથા ૩૬ ટકાના વધારા સાથે રૂ. ૩૪૩૯ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

એબિટા માર્જિન ૨૯.૪૮ ટકા અને ચોખ્ખા નફાનું માર્જિન ૨૦.૫૯ ટકા રહ્યું છે. ગ્લેનમાર્કને નસલ સ્પ્રેના વિસ્તારિત વપરાશ માટે યુએસએફડીએની મંજૂરી મળી છે.

ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ પાસેથી તેજા એન્જિનિયરિંગે કુલ રૂ. ૧૮૧.૯૨ મિલિયનના ઓર્ડર મેળવ્યા છે. કંપનીએ મંડપેટા અને તાતીપાકા ઇન્સ્ટોલેશન્સ, રાજમુન્દ્રી એસેટ ખાતે ગેસ કમ્પ્રેશન સુવિધાઓ માટે ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ દ્વારા રૂ. ૧૫૩.૭ મિલિયન મૂલ્યનો ત્રણ વર્ષનો ઘખ કરાર મેળવ્યો છે . આ કરાર ૩ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવશે. યોગીજી ડીજીએ સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે. રાલીસ ઇન્ડિયાનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૩૧ ટકા વધીને રૂ. ૧૨૫ કરોડ થયો છે. અરવિંદ ફેશન્સે પ્રથમ ક્વાર્ટરમાં ૧૧ ટકાના વધારા સાથે રૂ. ૨૭.૬૧ કરોડનો નફો નોંધાવ્યો છે.




એશિયાઇ બજારોમાં જાપાનનો નિક્કી ૩.૨૯ ટકા વધ્યો, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૧.૭૯ ટકા વધ્યો અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ૩.૫૬% વધ્યો હતો. સ્થાનિક ધોરણે, નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સંકલિત ૧૫ મુખ્ય સેક્ટર ગેજમાંથી આઠ નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સના ૦.૮૮ ટકાના ઘટાડાને કારણે નીચા સ્તરે બંધ થયા. નિફ્ટી બેંક, ફાઇનાન્શિયલ સર્વિસિસ, એફએમસીજી, આઇટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ પણ ૦.૧૫ ટકા અને ૦.૬ ટકા જેવા ઘટ્યા હતા. બીજી બાજુ, ઓટો, મેટલ, ફાર્મા, રિયલ્ટી અને હેલ્થકેર શેર્સમાં ખરીદીનો રસ જોવા મળ્યો હતો.

નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૩ ટકા વધ્યો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૫૩ ટકા વધ્યો, જેના કારણે વ્યાપક બજારોએ તેમના મોટા સાથીદારો કરતાં વધુ પ્રદર્શન કર્યું. વ્યક્તિગત શેરોમાં, ટીવીએસ મોટરના શેર ૫.૬ ટકા વધીને રૂ. ૩,૭૯૨ પર બંધ થયો. કરૂર વૈશ્ય બેંકના શેર ૧૩.૪૩% વધીને રૂ. ૩૪૧.૮૦ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યા, એચડીએફસી બેંક નિફ્ટી ઇન્ડેક્સમાં સૌથી વધુ નુકસાન કરનારી હતી.

શેર બે ટકા ઘટીને રૂ. ૭૬૧ થયો. ઇન્ફોસિસ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ડો. રેડ્ડીઝ લેબ્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ટ્રેન્ટ, બજાજ ઓટો અને વિપ્રો પણ ૦.૯ ટકા અને ૧.૫ ટકાની વચ્ચે ઘટ્યા હતા.

બીજી બાજુ, નિફ્ટી ઇન્ડેક્સમાં શ્રીરામ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, આઇશર મોટર્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચસીએલ ટેક્નોલોજીસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ડિગો અને કોટક મહિન્દ્રા બેંક ટોચના ઉછાળામાં હતા. એનએસઇ પર ૧,૮૧૨ શેર વધ્યા હતા જ્યારે ૧,૫૦૫ શેર નીચા ભાવે બંધ થયા હતા.

# ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનો સુધારો

મુંબઈઃ વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં સુધારાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો આરંભિક તબક્કે છ પૈસા નબળો પડ્યો હતો. જોકે, ત્યાર બાદ વૈશ્વિક બજારની અનિશ્ચિતતા સામે વિદેશી હૂંડિયામણની પ્રવાહિતાને ટેકો આપવા માટેનાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનાં સ્વેપ ફેસિલિટી પગલાં હેઠળ ગત જૂનથી અત્યાર સુધીમાં ૨૦.૭૨ અબજ ડૉલરનો આંતરપ્રવાહ રહ્યો હોવાના અહેવાલો વહેતા થતાં દેશની બાકી ચુકવણીની સ્થિતિને ટેકો મળે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સત્રના અંતે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના સુધારા સાથે ૯૬.૨૫ ના મથાળે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૩૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૬.૪૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૪૨ અને ઉપરમાં ૯૬.૧૩ સુધી મજબૂત થયા બાદ અંતે ૧૦ પૈસાના સુધારા સાથે ૯૬.૨૬ની સપાટીએ બંધ રહ્યો હતો. ગઈકાલે રૂપિયામાં છ પૈસાનો ઘટાડો આવ્યો હતો. ગઈકાલે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે વિદેશી હૂંડિયામણના આંતરપ્રવાહને પ્રોત્સાહિત કરવા માટે ગત આઠમી જૂનથી શરૂ કરવામાં આવેલી કન્સેશનલ સ્વેપ ફેસિલિટી હેઠળ ગત ૧૭મી જુલાઈ દરમિયાન ૨૦.૭૨ અબજ ડૉલરનો આંતરપ્રવાહ રહ્યો છે. જેમાં એફસીએનઆર (બી) હેઠળ સૌથી વધુ ૧૭.૪૦૬ અબજ ડૉલરનો, ઓવરસીઝ ફોરેન કરન્સી બોરોઈંગ (ઓએફસીબી) હેઠળ ૧.૯૭ અબજ ડૉલરનો અને એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગ (ઈસીબી) હેઠળ ૧.૩૪૨ અબજ ડૉલરનો આંતરપ્રવાહ આકર્ષાયો હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા ઘટીને ૧૦૦.૯૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, પરંતુ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૫ ટકા વધીને બેરલદીઠ ૮૯.૪૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૨૩૮.૪૧ પૉઈન્ટ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૫૦.૮૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૮૮૩નો અને ચાંદીમાં ₹ ૩૬૨૯નો ઉછાળો

મુંબઈઃ પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવનો રાજદ્વારી વાટાઘાટો મારફતે ઉકેલ આવે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૬૨૯નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૮૦થી ૮૮૩નો ઉછાળો આવ્યો હતો.




આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૬૨૯ના ઉછાળા સાથે રૂ. ૨,૨૩,૨૦૪ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, પરંતુ છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૮૮૦ વધીને રૂ. ૧,૪૨,૫૬૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૮૩ વધીને રૂ. ૧,૪૩,૧૩૭ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫ ટકા વધીને ઔંસદીઠ ૪૦૬૪.૮૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૪ ટકા વધીને ૪૦૬૯.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૪.૮ ટકાની ઝડપી તેજી સાથે ઔંસદીઠ ૫૯.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગત જાન્યુઆરી મહિનામાં સોનામાં તેજીનું વલણ રહેતાં ભાવ સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા હતા અને ત્યાર બાદ વેચવાલી આવી હતી જોકે, હવે વેચવાલીનો સૌથી ખરાબ સમયગાળો પાછળ રહી ગયો હોવાથી સુધારો થવાની શક્યતા વ્યક્ત કરતાં વિશ્લેષક રોસ નોર્મને જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે સોનું સુધારા માટે ઝઝૂમી રહ્યું છે. ખાસ કરીને પશ્ચિમ એશિયાની કટોકટીને ધ્યાનમાં લેતા રોકાણકારોમાં સાવચેતીનો અભિગમ જોવા મળી રહ્યો છે. ગઈકાલે વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં એક ટકા જેટલો ઘટાડો આવ્યા બાદ આજે અમેરિકા અને ઈરાને એકબીજા પર હુમલા કર્યાના અહેવાલ અને સાઉદી અરેબિયાનો દરિયાઈ માર્ગ હુથી બંધ કરે તેવી ભીતિને ધ્યાનમાં લેતા ક્રૂડતેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. નોંધનીય બાબત એ છે કે વચગાળાની ડીલને બચાવવા માટે ૧૦ દિવસીય યુદ્ધ વિરામનો પ્રસ્તાવ મધ્યસ્થી તરફથી મળ્યો હોવાનું ગઈકાલે તહેરાને જણાવતા ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવ્યો હતો.

સામાન્યપણે ક્રૂડતેલના ભાવમાં વધારો થવાથી સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં રોકાણકારોની વધતા ફુગાવા સામેની હેજરૂપી માગ ખૂલતી હોય છે, પરંતુ તાજેતરના સંજોગોને ધ્યાનમાં લેતા જો ફુગાવામાં વધારો થાય તો અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બને તેમ હોવાથી ક્રૂડતેલના ભાવ વધતા સોનાના ભાવ દબાણ હેઠળ આવે છે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૩ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર વ્યક્ત કરી રહ્યાના અહેવાલ હતા.

# ટીન અને કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં આગળ ધપતી તેજી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ક્રૂડતેલના ભાવમાં વધારો અને પુરવઠાખેંચની ભીતિ વચ્ચે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણે રૂ. સાતના અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડા તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૪૫નો ઉછાળો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે જે ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૫ વધીને રૂ. ૫૩૫૧, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૨ વધીને રૂ. ૧૪૧૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૧૨૯૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૩૦૧, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને અનુક્રમે રૂ. ૧૩૧૦ અને રૂ. ૧૨૦૫ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૯૩૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૮૪૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૮૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. સાતના ઘટાડા સાથે રૂ. ૧૬૬૦ના મથાળે અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૪૬ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૦૫ અને રૂ. ૨૦૬ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં તેજીને બ્રેક, મથકોથી વિપરીત સ્મોલ ગ્રેડમાં મિશ્ર વલણ, મિડિયમમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરમાં આગેકૂચ જળવાઈ રહેતાં ભાવમાં વધુ ક્વિન્ટલે રૂ. ૨૫ વધી આવ્યા હતા અને વેપાર રૂ. ૪૪૦૦થી ૪૪૫૦માં થયા હતા. આમ મથકો પરના પ્રોત્સાહક અહેવાલ છતા સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની મર્યાદિત માગ અને રિટેલ સ્તરની ખપપૂરતી લેવાલી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં મિશ્ર વલણ રહેતા નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મર્યાદિત માગને કારણે હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૭૦થી ૪૬૬૨માં થયા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૧૨થી ૪૫૬૨માં થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ છતાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ છૂટીછવાઈ હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૧૫થી ૪૪૫૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૯૫થી ૪૫૭૫માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# દેશી-આયાતી ખાદ્યતેલમાં આગળ ધપતો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૩ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૩૪ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા.

જોકે, હાલમાં સ્થાનિક સ્તરે હાજર માગ ખપપૂરતી હોવા છતાં પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા ફરતા માલની ખેંચને કારણે આયાતી તેલમાં અને મથકો પાછળ ભાવમાં ધીમી પણ મક્કમ ગતિએ સુધારો આગળ ધપી રહ્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર આજે હાજરમાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો, સરસવ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને સોયા રિફાઈન્ડ તથા સિંગતેલમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો જ્યારે આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫થી ૧૪૮૦, ઈમામીના આરબીડી પામોલિનના ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૬૫ અને સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બરથી ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦ અને સન રિફાઈન્ડના ઑગસ્ટથી ઓક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૭૨૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ અને પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર છૂટાછવાયા રહ્યા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ પ્રત્યેક મથકે મગફળીની ૯૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૯૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૩૫માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૫૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૧૦૦થી ૭૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૩૦૦થી ૭૩૭૫માં થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦, સિંગતેલના રૂ. ૧૭૪૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦ અને સરસવના રૂ. ૧૭૫૦ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.





રાજકોટના બહુમાળી ભવન ચોક અને રેસકોર્સ મેદાન પાસે દિલ્હીમાં ચાલી રહેલા કૉક્રોચ જનતા પાર્ટીના આંદોલનના સમર્થનમાં મોટી સંખ્યામાં યુવાનો એકઠા થયા હતા. યુવાનો પોતાનો વિરોધ નોંધાવે અને શાંતિપૂર્ણ પ્રદર્શન શરૂ કરે તે પહેલાં જ પોલીસ દ્વારા તેમની અટકાયત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અચાનક કરાયેલી આ કાર્યવાહીને પગલે સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી અને પોલીસ તથા યુવાનો વચ્ચે તીવ્ર ઝપાઝપીના દશ્યો સર્જાયાં હતાં. (પ્રવિણ સેદાણી)

# સુરેન્દ્રનગરમાં સોનમ વાંગચૂકના સમર્થનમાં યુવાનોનાં ધરણાં, કેન્દ્રીય શિક્ષણ પ્રધાનના રાજીનામાની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ સુરેન્દ્રનગર શહેરમાં સોનમ વાંગચૂકના સમર્થનમાં મોટી સંખ્યામાં યુવાનોએ જિલ્લા કલેક્ટર કચેરી સામે એક દિવસીય ધરણા કર્યા હતા. યુવાનોએ શિક્ષણ સુધારાના મુદ્દે અવાજ ઉઠાવનાર સોનમ વાંગચૂકના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરી સરકારને તાત્કાલિક અસરકારક પગલાં ભરવાની માંગ કરી હતી. આ યુવાનોએ શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપક સુધારાની સાથે સાથે કેન્દ્રિય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પણ માંગ કરી હતી. પ્રદર્શનકારીઓએ જણાવ્યું હતું કે દેશમાં વારંવાર વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક થવાની ઘટનાઓ સામે આવી રહી છે, જેના કારણે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ વર્ષો સુધી મહેનત કર્યા બાદ પણ આવી ઘટનાઓથી નિરાશ થઈ રહ્યા છે અને કેટલાક કિસ્સાઓમાં આત્મહત્યા જેવા ગંભીર પગલાં ભરવા મજબૂર બની રહ્યા છે. યુવાનોએ આક્ષેપ કર્યો હતો કે શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટે અનેક રજૂઆતો છતાં સરકાર દ્વારા કોઈ અસરકારક નિર્ણય લેવામાં આવ્યો નથી. આ મુદ્દે શિક્ષણ પ્રધાન નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું આપે તેમજ પરીક્ષા પ્રણાલીને પારદર્શક અને વિશ્વસનીય બનાવવા માટે કડક કાયદાકીય અને વહીવટી પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. ધરણા પ્રદર્શન પૂર્ણ થયા બાદ પ્રદર્શનકારીઓએ સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમગ્ર દેશમાં શિક્ષણ વ્યવસ્થામાં સુધારા, પેપર લીકની ઘટનાઓ પર કડક નિયંત્રણ અને વિદ્યાર્થીઓના હિતોની સુરક્ષા માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ■

# જામનગરમાં સગીરા સાથે દુષ્કર્મના પોક્સો કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જામનગર શહેરમાં સગીર યુવતીને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી અવારનવાર દુષ્કર્મ આચરનાર અને સગીરાનો કુટુંબી કાકા થતા આરોપીને જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. કેસની હકીકત મુજબ, ભોગ બનનાર ૧૬ વર્ષ ૪ માસની સગીરા સાથે આરોપી જગદીશ કાળુભાઈ સીતાપરા (ઉ.વ. ૩૫), રહે. ધુળસિયાએ, પોતે સગીરાનો કુટુંબી કાકા હોવા છતાં, પ્રેમજાળમાં ફસાવી મોબાઇલ ફોન આપ્યો હતો અને સતત સંપર્કમાં રહી તેના સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ તા. ૧૮/૦૬/૨૦૨૩ના રોજ આરોપી સગીરાને રાત્રે રણુજાથી એસ.ટી. બસમાં રાજકોટ અને ત્યાંથી ગાંધીનગર લઈ ગયો હતો, જ્યાં અલગ-અલગ સ્થળોએ આશરે સાત મહિના સુધી રાખી તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે ફરિયાદ નોંધાતા પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો તથા પોક્સો અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસ જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં પોક્સો કેસ ચાલ્યો હતો. સુનાવણી દરમિયાન સરકાર પક્ષે ૧૬ સાક્ષીઓની જુબાની તેમજ ૬૩ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. સરકારી વકીલે દલીલ કરી હતી કે આરોપી ભોગ બનનાર સગીરા હોવાનું જાણતો હોવા છતાં અને પોતે તેનો નજીકનો કુટુંબી હોવા છતાં ગંભીર પ્રકારનું યૌન શોષણ કર્યુ હોવાથી કડક સજા થવી જોઈએ. સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદ તથા કલમ ૬ હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ ઉપરાંત રૂ. ૧૫,૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો. કોર્ટે ભોગ બનનાર સગીરાને વળતર પેટે રૂ. ૪ લાખ ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો. ■

# રાજકોટની જનાના હોસ્પિટલમાં ચાંદીપુરાના ત્રણ શંકાસ્પદ કેસ

## સેમ્પલ ગાંધીનગર મોકલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ રાજકોટ શહેરની જનાના હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના વધુ ત્રણ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યો છે. ત્રણેય બાળકોના સેમ્પલ વધુ તપાસ માટે ગાંધીનગરની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, જુલાઈ મહિનાથી અત્યાર સુધીમાં કુલ છ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાંથી અગાઉના ત્રણ બાળકોના રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ ત્રણ બાળકોના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૦ બેડનો અલગ આઇસોલેશન વોર્ડ તૈયાર રાખવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે અને લોકોને અફવાઓથી દૂર રહી સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખવાની અપીલ કરાઈ હતી. ■

# કચ્છના ખાવડા નજીક ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ કચ્છમાં ભૂકંપનો ૩.૨ની તીવ્રતાનો આંચકો અનુભવાતાં સમગ્ર જિલ્લામાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. મંગળવારે બપોરના ૨ અને ૨૩ કલાકે સીમાવર્તી ખાવડાથી ૩૨ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતા અને રિક્ટર સ્કેલ પર ૩.૨ની તીવ્રતાના વિચિત્ર અવાજ સાથે આવેલા ધરતીકંપના આંચકાએ હાજરી પૂરાવતાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. મંગળવારે બપોરે અનુભવાયેલો આ આંચકો જમીનથી ૧૨.૯ કિલોમીટર ઊંડે ઉદભવ્યો હતો, ભુકંપની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારોમાં સવિશેષ અનુભવાઈ હતી. જો કે, ભૂકંપના આંચકાને પગલે કોઈ જાનમાલને નુકશાની થયાના અહેવાલો પ્રાપ્ત થતા ન હતા. કચ્છ 'વેરી હાઈ રિસ્ક' સીસ્મિક ઝોન'માં આવેલો પ્રદેશ છેઅને અહીં અવારનવાર ભૂકંપના આંચકાઓ આવતા રહે છે. કચ્છમાં વર્ષ ૨૦૦૧માં નોંધાયેલો વિનાશકારી ભૂકંપ ભારતમાં છેલ્લા ૨૦૦ વર્ષમાં આવેલો ત્રીજો સૌથી ભયાવહ મોટો ભૂકંપ હતો. ■

# સુરેન્દ્રનગરના ગેડિયા પિતા-પુત્ર એન્કાઉન્ટર કેસમાં ન્યાયિક વળાંક, કોર્ટે એસઆઈટીની સી-સમરી ફગાવી, સાત પોલીસકર્મી સામે કાર્યવાહીનો આદેશ

## પોલીસે સ્વ-બચાવમાં ફાયરિંગ કર્યું હોવાનો કોઈ સ્પષ્ટ પુરાવો મળ્યો ન હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ગેડિયા ગામે નવેમ્બર-૨૦૨૧માં થયેલા ચર્ચાસ્પદ પિતા-પુત્ર એન્કાઉન્ટર કેસમાં મહત્વનો ન્યાયિક વળાંક આવ્યો હતો.

હનીફખાન ઉર્ફે કાળો મુન્નો અને તેના ૧૩ વર્ષીય પુત્ર મદીનખાનના પોલીસ એન્કાઉન્ટરમાં થયેલા મોતના કેસમાં એસઆઈટી દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલી સી-સમરી રિપોર્ટને કોર્ટે ફગાવી દીધી હતી.

આ કેસની તપાસ ધાંગધ્રાના તત્કાલીન ડીવાય.એસપી જે.ડી. પુરોહિતની આગેવાની હેઠળની એસઆઈટી દ્વારા કરવામાં આવી હતી. ફરિયાદી પક્ષના વકીલ પુનિત દવેએ એફએસએલ રિપોર્ટ, પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો તેમજ અન્ય મહત્વના પુરાવાઓના આધારે કોર્ટ સમક્ષ દલીલો રજૂ કરી હતી. આ દલીલો અને ઉપલબ્ધ પુરાવાઓને ધ્યાનમાં લઈને કોર્ટે એસઆઈટીની સી-સમરી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો.

કોર્ટમાં રજૂ થયેલા પુરાવાઓની ચકાસણી દરમિયાન એવું સામે આવ્યું હોવાનું નોંધાયું કે એસઆઈટી દ્વારા ઘટનામાં સંડોવાયેલા સાત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનો બચાવ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉપરાંત એફએસએલ રિપોર્ટ અને અન્ય પુરાવાઓ મુજબ એન્કાઉન્ટર સમયે ખાનગી વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પોલીસે સ્વ-બચાવમાં ફાયરિંગ કર્યું હોવાનો કોઈ સ્પષ્ટ પુરાવો મળ્યો નથી.

કોર્ટે એસઆઈટીની સી-સમરી ફગાવતાં કેસમાં વધુ તપાસ ચાલુ રાખવાનો આદેશ આપ્યો હતો. આ સાથે જ તમામ આરોપી પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વોરંટ ઇશ્યૂ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

કોર્ટના આદેશ અનુસાર બજાણા પોલીસ સ્ટેશનના તત્કાલીન પીએસઆઈ સહિત કુલ સાત પોલીસકર્મીઓ સામે કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે.

તમામ આરોપી પોલીસકર્મીઓને ૮ ઓગસ્ટે કોર્ટમાં હાજર રહેવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

કોર્ટના હુકમ બાદ બજાણા પોલીસ મથકે તત્કાલીન પીએસઆઈ વી.એન. જાડેજા, રાજેશ સવજીભાઈ, કિરીટ ગણેશભાઈ, દિગ્વિજયસિંહ હરદીપસિંહ, શૈલેષ પ્રહલાદભાઈ, મનુ ગોવિંદભાઈ અને પ્રહલાદ પ્રભુભાઈ સહિતના સાત પોલીસકર્મીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

નોંધનીય છેકે આરોપીઓમાં સામેલ રાજેશ સવજીભાઈ (મીઠાપરા)નું થોડા સમય પહેલાં આકસ્મિક અવસાન થયું હતું. આ કેસમાં કોર્ટના તાજેતરના આદેશ બાદ હવે આગળની કાનૂની કાર્યવાહી પર સૌની નજર મંડાઈ છે. ■

# રાજકોટમાં ₹ ૨ કરોડથી વધુના ડ્રગ્સનો જથ્થો નષ્ટ

રાજકોટઃ રાજકોટ શહેર પોલીસ દ્વારા નશાકારક પદાર્થો સામે વધુ એક મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિવિધ ૩૨ ગુનાઓમાં જપ્ત કરાયેલા રૂ. ૨ કરોડથી વધુના ડ્રગ્સનો કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભચાઉના લાકડીયા સ્થિત ઇલેક્ટ્રિક ભઠ્ઠીમાં નાશ કરવામાં આવ્યો હતો. સિનિયર પોલીસ અધિકારીઓની દેખરેખ હેઠળ કરવામાં આવેલી આ કાર્યવાહીમાં ગાંજો, હાઇડ્રોપોનિક ગાંજો, મેફેડ્રોન, બ્રાઉન શુગર, નશાની ગોળીઓ તેમજ કફ સિરપની બોટલો સહિતનો જથ્થો નષ્ટ કરવામાં આવ્યો હતો. ■

# અબડાસાના નેશનલ હાઈવે પરથી ગેરકાયદે દબાણો દૂર ₹ ૨૫.૬૮ લાખની જમીન મુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અબડાસા તાલુકામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૧ પરથી વહીવટી તંત્ર દ્વારા સપાટો બોલાવી ગેરકાયદે દબાણો હટાવવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. કલેક્ટરના માર્ગદર્શન અને પ્રાંત અધિકારી સી. એમ. પ્રજાપતિની સૂચનાથી કોઠારા, વરાડિયા, તુતરા અને ડુમરા ગામની હદમાં આ મેગા ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં હાઈવેની સીમામાં ઊભા કરાયેલા લારી-ગલ્લા, કેબિન, દુકાનો, શેડ અને વેપારી પ્લેટફોર્મ સહિતના વાણિજ્યિક બાંધકામો તોડી પાડી આશરે ૩,૦૯૫ ચોરસ મીટર સરકારી જમીન મુક્ત કરાવાઈ હતી, જેની અંદાજિત બજાર કિંમત રૂ.૨૫.૬૮ લાખ આંકવામાં આવી છે.

મામલતદાર રાકેશ પટેલ, સર્કલ ઓફિસર અનિલ રાઠોડ અને પી.આઈ પીયુષ રાડાની આગેવાનીમાં પોલીસ અને મહેસૂલ વિભાગના સંકલન સાથે કાયદો-વ્યવસ્થા જાળવી રાખીને આ કામગીરી પૂર્ણ કરાઈ હતી. રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ, માંડવી દ્વારા જેસીબી અને મશીનરીની મદદથી દબાણો દૂર કરાયા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ, હાઈવેને અકસ્માતમુક્ત અને સુરક્ષિત બનાવવાના હેતુથી આ કામગીરી કરાઈ છે. તંત્રએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જાહેર હિત અને માર્ગ સલામતીને ધ્યાને રાખીને આગામી દિવસોમાં પણ ગેરકાયદે બાંધકામો વિરૂદ્ધ આવી કડક ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. ■

# ભુજ તાલુકાની ભીરંડિયારા ચેકપોસ્ટ નજીકથી ૪૭૮ ગ્રામ પોષડેડા સાથે બે શખ્સ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ તાલુકાના ભીરંડિયારા ચેકપોસ્ટ નજીકથી ધોરડો પોલીસે એક સફેદ રંગની બોલેરો ગાડીમાંથી ૪૭૮ ગ્રામ ગેરકાયદેસર માદક પદાર્થ પોષડેડા સાથે બે શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસે વાહન અને મોબાઈલ સહિત કુલ રૂ. ૩,૨૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, ધોરડો પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ભુજ તરફથી એક કારમાં માદક પદાર્થનો જથ્થો ભરીને ખાવડા તરફ જઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસે ભીરંડિયારા ચેકપોસ્ટ પાસે કોર્ડન કરી વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ જીપકાર આવી પહોંચતાં તેને રોકીને તલાશી લેવામાં આવી હતી જેમાં રૂ. ૭,૫૦૦ની કિંમતનો ૪૭૮ ગ્રામ માદક પદાર્થ એવા પોષડેડાનો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે પોલીસે રૂ. ૩ લાખની જીપકાર અને રૂ. ૧૫,૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૩,૨૨,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ મામલે પોલીસે વાહનમાં સવાર ભગીરથરામ બુધારામ પુનિયા (મૂળ રહે. જોધપુર, રાજસ્થાન; હાલ રહે. આર.ઈ પાર્ક, ખાવડા) અને ભગીરથ રામેશ્વર બિશ્નોઈ (મૂળ રહે. બીકાનેર, રાજસ્થાન; હાલ રહે. આર.ઈ પાર્ક, ખાવડા) નામના બે શખ્સોની ધરપકડ કરી હતી. ધોરડો પોલીસે બંને વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# ગીર ગઢડાના ધોકડવામાં પ્લોટ કૌભાંડ કેસમાં તલાટી સહિત બે સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામમાં નવા ગામતળમાં ફાળવાયેલા પ્લોટનો કૌભાંડનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ગામના તત્કાલીન તલાટી-કમ-મંત્રી અને મગનભાઈ મૂળુભાઈ ઢોલા સામે ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી, ખોટા દસ્તાવેજો બનાવી સરકારી રેકોર્ડમાં ચેડાં કરવા સહિતના ગુનાઓ હેઠળ ફરિયાદ નોંધાતા પંથકમાં ચર્ચા જાગી છે. ફરિયાદ મુજબ, ફરિયાદી રેખાબેન વિરાજીભાઈવાઘેલા ના નામે વર્ષ ૧૯૯૬માં ધોકડવા ગામના સર્વે નં. ૧૧૭માં આવેલા નવા ગામતળમાં પ્લોટ નં. ૧૪૩ (૨૯ ચોરસ મીટર) ફાળવવામાં આવ્યો હતો. આ ફાળવણીની નોંધ ગામ નમૂના નં. ૨માં નોંધ નં. ૮૬૪ તથા તાલુકા નોંધ નં. ૮૬૦થી કરવામાં આવી હતી.

રેખાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, પતિના અવસાન બાદ પરિવાર સાથે તેઓ થોડા વર્ષો માટે સિદ્ધપુર રહેવા ગયા હતા. ધોકડવા પરત આવ્યા બાદ આર્થિક પરિસ્થિતિને કારણે પ્લોટ પર બાંધકામ કરી શક્યા નહોતા. જોકે વર્ષ ૨૦૨૪માં તેઓ પ્લોટ પર પહોંચ્યા ત્યારે ત્યાં ગીતાબેન રાજુભાઈ વાઢેર દ્વારા બાંધકામ કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળ્યું હતું. પૂછપરછ દરમિયાન ગીતાબેને આ પ્લોટ મગનભાઈ મૂળુભાઈ ઢોલા પાસેથી ખરીદ્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તલાટી પાસે માહિતી માંગતા પ્લોટ મગન ભાઈ ના નામે હોવાનું જણાવાયું હતું. જોકે ગામના પૂર્વ સરપંચના પ્રતિનિધિ એભલભાઈ બાંભણીયાએ વર્ષ ૨૦૧૨ના સરકારી રેકોર્ડ અને ગામ નમૂના નં. ૨ની નકલો મેળવતાં મૂળ નોંધ રેખાબેનના નામે હોવાનું સામે આવ્યું હતું. જ્યારે બાદના રેકોર્ડમાં રેખાબેનના નામ પર ચેકો મારી મગનભાઈનું નામ અને ત્યારબાદ ગીતાબેનનું નામ દાખલ કરાયું હોવાનું બહાર આવ્યું હતું. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તત્કાલીન તલાટી-કમ-મંત્રી અને મગનભાઈ મૂળુભાઈ ઢોલાએ મળીને સરકારી રેકોર્ડમાં ગેરકાયદેસર ચેડાં કરીફરિયાદી ની જાણ બહાર પ્લોટ પોતાના નામે ચઢાવ્યો હતો અને બાદમાં ખોટા દસ્તાવેજોના આધારે તે પ્લોટનું વેચાણ કર્યું હતું. ગીર ગઢડા પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધીસમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી બહાર આવશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# કચ્છના સંવેદનશીલ દરિયાઈ કાંઠે મરીન કમાન્ડોનું લક્કીનાળાથી રામેન્દ્રા સુધી સઘન ફૂટ પેટ્રોલિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ કચ્છ જિલ્લાની અત્યંત સંવેદનશીલ દરિયાઈ સરહદની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને અભેદ્ય બનાવવાના ભાગરૂપે મરીન કમાન્ડો દ્વારા એક વિશેષ સુરક્ષા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

રાજ્યની દરિયાઈ તકેદારી વધારવા અને કાંઠા વિસ્તારમાં રાષ્ટ્રવિરોધી તત્વો, ડ્રગ્સની હેરાફેરી તેમજ આતંકવાદી ગતિવિધિઓ પર કડક નજર રાખવાના હેતુથી લક્કીનાળાથી રામેન્દ્રા સુધીના દરિયાઈ પટ્ટામાં સઘન ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

આ વિશેષ ઓપરેશન અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા અને નાયબ પોલીસ મહાનિરિક્ષક (દરિયાઈ સુરક્ષા) એ. એમ. મુનિયાની ખાસ સૂચનાઓ સાથે મરીન કમાન્ડોની સંયુક્ત ટીમોએ સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

સુરક્ષા દળોએ લક્કીનાળાથી રામેન્દ્રા સુધીના ૫ કિલોમીટરથી પણ વધુ લાંબા અને કપરા દરિયાઈ કાંઠા પર પગપાળા પેટ્રોલિંગ કરીને સમગ્ર વિસ્તારનું ઝીણવટભર્યું સર્ચ કર્યું હતું.

ડ્રગ્સના પેકેટ, બિનવારસી સામાન, શંકાસ્પદ ડ્રોન હિલચાલ, દાણચોરી અને ઘૂસણખોરી જેવી દેશવિરોધી પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે આ પગલું ભરવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન સુરક્ષા જવાનોએ કાંઠાસૂના અવાવરુ સ્થળોની સઘન ચકાસણી હાથ ધરી હતી.

તેની સાથોસાથ સ્થાનિક સ્તરે શંકાસ્પદ જણાતા ઇસમોની પૂછપરછ કરવામાં આવી હતી.

તેમજ વિસ્તારમાં ફરતા શંકાસ્પદ વાહનો અને દરિયામાં અવરજવર કરતી બોટોનું પણ કડક ચેકિંગ કરવામાં આવ્યું હતું.

વહીવટી અને પોલીસ તંત્રના આ કડક વલણથી સરહદી વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બની છે. ■